પ્રકાશન નં. ૧૨

# સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

લે : ડૉ. સાલેહ બિન ફઉઝાન બિન અબ્દુલ્લાહ બિન અલ-ફઉઝાન

ISLAMIC INFORMATION CENTRE-KUTCH
ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર-કચ્છ

પ્રકાશન નં. ૧૨ 

# સ્ત્રીઓના
# વિશિષ્ટ મસાઈલ

લે : ડૉ. સાલેહ બિન ફઉઝાન બિન અબ્દુલ્લાહ બિન અલ-ફઉઝાન

ઉર્દૂ અનુવાદ : ડૉ. રઝાઉલ્લાહ મુહમ્મદ ઈદ્રીસ મુબારકપુરી
ગુજરાતી અનુવાદ : મહમ્મદ જમાલ પટીવાલા

ઈસ્લામિક ઈન્ફોર્મેશન સેન્ટર-ભૂજ
હોટલ નૂરાની પાસે, ડાંડા બજાર, ભૂજ (કચ્છ)
મો. : 9879671123, 8401786172

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

**Author : Dr. Saleh bin Fauzan bin Abdullah Al-Fauzan**
Khawateen ke Makhsoos Masael (Urdu)
Urdu Translation : Dr. Raza-Allah Muhammad Idrees Mubarakpuri
Strio na Vishisht Masael (Gujarati)
Gujrati Translation : Muhammad Jamal Patiwala

–: Publisher :–
ISLAMIC INFORMATION CENTRE-BHUJ
Near Hotel Noorani, Danda Bazar, BHUJ (Kutch)
Mobile : 9879671123, 8401786172

પ્રથમ આવૃત્તિ
પ્રત : ૧૦૦૦, નવેમ્બર-૨૦૧૩
બીજી આવૃત્તિ
પ્રત : ૧૦૦૦, માર્ચ-૨૦૧૬પ્રથમ આવૃત્તિ
પ્રત : ૧૦૦૦, નવેમ્બર-૨૦૧૭

પૃષ્ઠ : ૧૦૪

મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ, અહમદાબાદ.

# અનુક્રમણિકા


**પ્રસ્તાવના ........................................................................ ૭**

**પ્રકરણ - ૧ સામાન્ય મસાઈલ અને આદેશો .......................................... ૯**

સ્ત્રીઓનું સ્થાન ઈસ્લામ પહેલાં ........................................................ ૯

ઈસ્લામમાં સ્ત્રીઓનું સ્થાન અને તેમનો દરજ્જો ..................................... ૧૦

ઈસ્લામ-દુશ્મનો મહિલાઓથી તેમની ઈજ્જત-આબરૂ ..................... ૧૨
અને તેમના અધિકારો છીનવવા માગે છે.

સ્ત્રીઓ માટે શિક્ષણ અને પ્રશિક્ષણ અને નોકરીની પરવાનગી .................. ૧૩

**પ્રકરણ - ૨ સ્ત્રીઓનો શણગાર અને સૌંદર્યના મસાઈલ ........................... ૧૪**

મહિલાઓનું શારીરિક સૌંદર્ય અને શણગાર ........................................ ૧૪

માથા અને ભ્રમરના વાળ વિશે ઈસ્લામનો હુકમ

ખિઝાબ અને વાળને રંગવાનો હુકમ

માથાના વાળને એકત્ર કરીને પાછળ બાંધવાનો હુકમ

વાળમાં બીજા વાળને જોડીને વધારો કરવા અને વિગ પહેરવાનો હુકમ

ભ્રમરના વાળને મુંડાવવાનો હુકમ

ઘસીને કે કરકરા કરીને દાંતોની વચ્ચે જગ્યા બનાવવાનો હુકમ

છુંદણા છુંદાવવા કે ટેટુ બનાવવાનો હુકમ

મહેંદી લગાવવા, વાળને રંગવા અને સોનાના ઘરેણા પહેરવાનો હુકમ

**પ્રકરણ - ૩ ઋતુસ્ત્રાવ, અજુગતો રક્તસ્ત્રાવ અને નિફાસના મસાઈલ............... ૨૨**

ઋતુસ્ત્રાવ (માસિક ધર્મ)ની વ્યાખ્યા - કેટલી વયે ઋતુસ્ત્રાવ શરૂ થાય છે? ........ ૨૨

માસિક ધર્મના મસાઈલ .......................................................... ૨૨

માસિક-ધર્મની હાલતમાં સંભોગ કે મૈથુન હરામ છે. ............................ ૨૨

રજસ્વલા સ્ત્રીને માસિક-ધર્મની હાલતમાં નમાઝ રોઝાની મનાઈ ............... ૨૩

માસિક-ધર્મની હાલતમાં કુર્આનને ઓટ વિના અડવા-પકડવાની મનાઈ.......... ૨૩

માસિક-ધર્મની હાલતમાં ખાનએ-કાબાનો તવાફ હરામ છે. .................... ૨૪

માસિક-ધર્મવાળી સ્ત્રીનું મસ્જિદમાં રોકાવું હરામ છે. ............................ ૨૪

પીળા કે માટીવાળા રંગના લોહીનો હુકમ ........................................ ૨૫

સ્ત્રીને માસિક-ધર્મ પૂરો થવાની ખબર કેવી રીતે પડશે? ......................... ૨૬

માસિક-ધર્મનું લોહી બંધ થયા પછી સ્ત્રી શું કરે? ................................. ૨૬

ગુસ્લ (શરઈ સ્નાન)ની આવશ્યકતા અને ગુસ્લની રીત. ........................ ૨૬

કોઈ નમાઝ વખતે માસિક-ધર્મથી પાકી હાંસલ કરનારી સ્ત્રી પર
કેટલી નમાઝો અનિવાર્ય થશે ?
ઈસ્તિહાઝા (Undue Menses, વધુ પડતા રક્તસ્ત્રાવ)નું લોહી, ............ ૨૭
તેના પ્રકારો અને દરેકનો હુકમ
ઈસ્તિહાઝાવાળી સ્ત્રીને તાહિર (પાક) માનવાની સ્થિતિમાં શું કરવું પડશે ? ...... ૩૦
નિફાસ (પ્રસૂતિ પછી થતો રક્તસ્ત્રાવ) અને તેના મસાઈલ .................. ૩૦
નિફાસવાળી મહિલાનું લોહી ચાળીસ દિવસ પછી બંધ થયા બાદ ફરીથી આવી જાય
તો તેના પર શું અનિવાર્ય છે ?
માસિક-ધર્મ, ઈસ્તિહાઝા અને નિફાસના લોહીમાં ફરક.
માસિક-ધર્મને અટકાવનારી દવાઓનો ઉપયોગ ........................... ૩૩
ગર્ભપાત અને તેનો હુકમ ........................................ ૩૩

**પ્રકરણ - ૪ પોશાક અને પરદાના મસાઈલ ................................. ૩૬**
મુસ્લિમ સ્ત્રીઓનો શરઈ પોશાક અને તેની ખાસિયતો ...................... ૩૬
હિજાબ (પરદા) અર્થ, દલીલો અને તેના ફાયદાઓ ........................ ૩૮

**પ્રકરણ - ૫ નમાઝ અંગે સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ .......................... ૪૨**

**પ્રકરણ - ૬ જનાઝાથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ ..................... ૫૧**
મૃત સ્ત્રીના વિશિષ્ટ મસાઈલ ......................................... ૫૧
જનાઝાની સાથે મહિલાઓના ચાલવા અને કબ્રસ્તાનની ઝ્યારતનો હુકમ ....... ૫૨
માતમ, લાશ પર ચીસો પાડીને રડવા અને છાતી કૂટવાની મનાઈ .............. ૫૩
અને તેના પર વઈદ (ધમકી)

**પ્રકરણ - ૭ રોઝાથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ ...................... ૫૫**
કયા લોકો પર રોઝા રાખવું વાજિબ છે ? ................................ ૫૫
માસિક-ધર્મ કે નિફાસ (પ્રસૂતિજન્ય લોહી) વાળી સ્ત્રીઓ માટે આદેશો .......... ૫૬
માસિક-ધર્મની હાલતમાં રોઝાની મનાઈનું કારણ ........................... ૫૭
ગર્ભાવસ્થા અને બાળકના ધાવણની સ્થિતિમાં સ્ત્રીને આદેશો ................ ૫૭
માસિક-ધર્મવાળી, ગર્ભવતી અને દૂધ પીવડાવનારી મહિલાઓ પર
રોઝાની કઝા વાજિબ છે. ગર્ભવતી અને દૂધ પીવડાવનારી મહિલાઓ
કઈ સ્થિતિમાં કઝાની સાથે મિસ્કીનને ભોજન કરાવશે ?
પતિની પરવાનગીથી કે પરવાનગી વગર સ્ત્રીએ નફલી રોઝા રાખવાનો હુકમ .... ૫૮
માસિક-ધર્મવાળી સ્ત્રી દિવસના સમયે પાક થવાની સ્થિતિમાં શું કરશે ?

**પ્રકરણ - ૮ હજ્જ અને ઉમરાથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ............ ૬૦**
ઉમ્મતે-ઈસ્લામિયા પર હજ્જ ફર્ઝે-કિફાયા છે.
મહરમ ........................................................ ૬૦
નફલ હજ્જ માટે પતિની પરવાનગી જરૂરી.............................. ૬૧
સ્ત્રી, પુરુષ તરફથી હજ્જ કે ઉમરામાં પ્રતિનિધિત્વ કરી શકે છે ................ ૬૧
એહ્‌રામના સમયે સ્ત્રીને માસિક-ધર્મ આવી જાય તો શું કરે ? ................. ૬૨
એહ્‌રામના સમયે સ્ત્રી શું કરશે ? ........................................ ૬૪
એહ્‌રામની હાલતમાં સ્ત્રી શું પહેરશે અને શું નહીં પહેરે ? .................... ૭૧
એહરામથી પહેલા પહેરેલ નકાબ કે બુરખો ................................ ૬૪
એહરામમાં સ્ત્રી-વસ્ત્રો જાયઝ છે. ......................................... ૬૬
મહિલાઓ દ્વારા તલ્બિયા બોલવાનો હુકમ અને તેની કેફિયત ................ ૬૬
માસિક-ધર્મવાળી મહિલા હજ્જના અરકાનમાંથી શું અદા કરશે ? અને ......... ૬૬
કોને મુલત્વી કરી દેશે ?
તવાફથી પહેલા સઈનો હુકમ
માસિક-ધર્મવાળી સ્ત્રીની સઈ ક્યારે દુરસ્ત ગણાશે ?
હજ્જ કે ઉમરામાં સ્ત્રી પોતાના વાળને કેવી રીતે કસ્‌ર કરશે ? ................ ૭૧
સ્ત્રી એહરામના બંધનથી ક્યારે આઝાદ થશે ? ............................ ૭૨
હલાલ-અવ્વલ પછી તેના ઉપર શું વાજિબ થશે ?
માસિક-ધર્મવાળી સ્ત્રી માટે તવાફે-વિદાઅ સાકિત (રદ) છે. .................. ૭૨
સ્ત્રીઓ માટે મસ્જિદે-નબવી અને રસૂલ ﷺ ની કબ્ર-મુબારકની ઝ્યારતનો હુકમ .. ૭૩

**પ્રકરણ - ૯ દાંપત્ય-જીવનથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ ................ ૭૪**
નિકાહ (લગ્ન, શાદી) ની કાયદેસરતા અને તેની હિકમત (આશય અને ઉપયોગિતા) ....... ૭૪
સ્ત્રીનું ઘરના અંદર રહીને જવાબદારી અદા કરવું અને તેના ફાયદાઓ
સ્ત્રીનું ઘરની બહાર કામ કરવું અને તેના મોટા નુકસાનો.
શાદી માટે સ્ત્રીથી તેની મરજી જાણવી ........................................ ૭૮
સ્ત્રીની શાદી માટે વલીની શરત અને તેની હિકમત ........................... ૮૧
શાદી પ્રસંગે સ્ત્રી દ્વારા દફ વગાડવું અને તેની શરતો ......................... ૮૨
સ્ત્રી પર પતિનું અનુસરણ વાજિબ છે ......................................... ૮૩
પતિ તરફથી બેપરવાઈ અને અરુચિની સ્થિતિમાં સ્ત્રી શું કરે ? ................ ૮૫
પતિ નાપસંદ હોય અને દાંપત્યમાં બાકી રહેવા ઈચ્છતી સ્ત્રી શું કરે ? ............ ૮૫

ઉચિત કારણ વગર પતિથી અલગ થવા માગતી સ્ત્રીને ચેતવણી ................ ૮૬
દાંપત્ય -સંબંધ કાપી નાખ્યા પછી સ્ત્રી પર વાજિબ કામો ...................... ૮૭
ઈદ્દતવાળી મહિલાઓ અને તેના પ્રકારો ...................................... ૮૭
ઈદ્દત ગુજારવાવાળી મહિલાઓ પર શું હરામ છે ? .......................... ૮૮
**પ્રકરણ - ૧૦ મહિલાઓની ઈજ્જત-આબરૂ અને તેમની પવિત્રતા અને ....... ૯૩**
**શરાફતની રક્ષાની બાંહેધરી ઉપલબ્ધ કરાવતા આદેશો**
**અને મસાઈલ**
સ્ત્રી પર નજરોને નીચી રાખવી અને શર્મગાહોની રક્ષા વાજિબ છે. .............. ૯૩
ગીતો સાંભળવા માટે મહિલાઓને કડક ચેતવણી ........................... ૯૫
મહરમના સંગાથ વગર મહિલાઓના સફરની મનાઈ ....................... ૯૬
નામહરમની સાથે સ્ત્રીનું એકાંતમાં રહેવું હરામ છે. ........................... ૯૮
પતિના નામહરમ સગા-વહાલાઓ, ડ્રાઈવર અને ડૉક્ટરની સાથે ............. ૯૯
સ્ત્રીનું એકાંતમાં રહેવું હરામ છે.
સ્ત્રીનું નામહરમથી હાથ મિલાવવો હરામ છે. ............................ ૧૦૨

—◦★◦—

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
(અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને અત્યંત દયાળુ છે.)

# પ્રસ્તાવના

તમામ પ્રશંસા મહાન અલ્લાહ માટે છે, જેણે બરાબર અંદાજ લગાવ્યો અને પછી માર્ગ બતાવ્યો, અને જોડું (નર અને માદાનું) પેદા કર્યું વીર્યથી, જ્યારે કે તે ટપકાવવામાં આવે છે, હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મા'બૂદે-બરહક્ક (સાચો ઉપાસ્ય કે બંદગીને લાયક) નથી, તે એકલો-અદ્વિતીય છે, તેનો કોઈ ભાગીદાર અને સાથીદાર નથી, તમામ પ્રશંસા દુનિયા અને આખિરત (પરલોક)માં તેના માટે જ છે, અને એ પણ સાક્ષી આપું છું કે મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા અને તેના રસૂલ (ઈશદૂત) છે, જેમને આકાશની મે'રાજ (દર્શન) કરાવવામાં આવી, તો તેમણે પોતાના રબની મોટી-મોટી નિશાનીઓ જોઈ.

અલ્લાહત્આલા આપ પર અને આપની આલ-ઔલાદ અને આપના અસ્હાબ (સાથીદારો), જેઓ કૃપાવંત, ગૌરવશાળી અને વિવેકશીલ અને વિચક્ષણ-ડહાપણવાળા છે, વધારેમાં દરૂદ અને સલામ નાઝિલ કરે.

ઈસ્લામમાં સ્ત્રીઓનું પોતાનું એક સ્થાન અને દરજ્જો છે. સંસાર-જગતની જુદી-જુદી જવાબદારીઓ તેમને સોંપવામાં આવી છે. રસૂલ અકરમ ﷺ વિશેષ રૂપે તેમને પોતાની શિક્ષાઓથી નવાજતા રહેતા હતા. હજ્જતુલ-વિદાઅના પ્રસંગે અરફાતના ખુત્બા (પ્રવચન)માં આપ ﷺ એ તેમના સાથે સદવર્તન કરવાની તાકીદ કરી હતી. એ તમામ બાબતોથી સ્પષ્ટ રૂપે ખ્યાલ આવે છે કે દરેક જમાનામાં સ્ત્રીઓ અનિવાર્ય રૂપે ધ્યાન આપવાની અધિકારી રહી છે. ખાસ કરીને વર્તમાન યુગમાં, જ્યારે કે મુસ્લિમ મહિલાઓથી તેમની ઈજ્જત-આબરૂ છીનવી લેવા, ઉપરાંત તેમને તેમના સ્થાન અને દરજ્જાથી નીચે પાડવા માટે વિશિષ્ટ રીતે તેમના પર હુમલાઓ કરવામાં આવી રહ્યા છે અને તેમને લક્ષ્ય બનાવવામાં આવી રહી છે, તેથી તેમને જોખમોથી સાવધાન કરવી અને તેમના માટે નજાત (મુક્તિ)નો માર્ગ બતાવવું અનહદ જરૂરી છે.

પ્રસ્તુત પુસ્તક વિશે અમારી એ અપેક્ષા છે કે આના અંદર મહિલાઓ વિશે જે વિશિષ્ટ હુકમો વર્ણવવામાં આવ્યા છે, તેના કારણે પુસ્તક આ સંદર્ભે પથદર્શકની હેસિયત ધરાવે છે. આ એક નિમ્ન અને વિનમ્ર પ્રયાસ છે, પણ એક બેહેસિયત વ્યક્તિની યથાશક્તિ કોશિશ છે. અલ્લાહત્આલાથી દુઆ છે કે આ પુસ્તકને તેની હેસિયત અને ગુણવત્તાનુસાર ઉપયોગી અને લાભપ્રદ બનાવે. મહિલાઓના રાહદર્શન અને તેમના માટે નજાતનો

રસ્તાના નિર્દેશ સંદર્ભે આ પહેલું કદમ છે. આશા છે કે આના પછી આનાથી વધારે સંદર્ભો અને માહિતીની સાથે આગળનું ડગલું ઉઠાવવામાં આવશે. આ ઝડપથી પ્રસ્તુત કરવામાં આવેલ માહિતીને નીચે દર્શાવેલ પ્રકરણો હેઠળ વર્ણવવામાં આવેલ છે :

પ્રકરણ - ૧ સામાન્ય મસાઈલ અને આદેશો

પ્રકરણ - ૨ સ્ત્રીઓનો શારીરિક શણગાર અને સૌંદર્યના મસાઈલ

પ્રકરણ - ૩ ઋતુસ્ત્રાવ (માસિક ધર્મ), અજુગતા અને વધુ પડતા ઋતુસ્ત્રાવ (Undue Menses, ઈસ્તિહાઝા) અને નિફાસ (પ્રસૂતિ પછી થતા રક્તસ્ત્રાવ, જે ચાળીસ દિવસ સુધી થાય છે)ના મસાઈલ

પ્રકરણ - ૪ પોશાક અને પરદાના મસાઈલ

પ્રકરણ - ૫ નમાઝ અંગે સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

પ્રકરણ - ૬ જનાઝાથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

પ્રકરણ - ૭ રોઝાથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

પ્રકરણ - ૮ હજ્જ અને ઉમરાથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

પ્રકરણ - ૯ દાંપત્ય-જીવનથી સંબંધિત મસાઈલ

પ્રકરણ - ૧૦ મહિલાઓની ઈજ્જત-આબરૂ અને તેમની પવિત્રતા અને શરાફતની રક્ષાની બાંહેધરી ઉપલબ્ધ કરાવતા આદેશો અને મસાઈલ

—◦★◦—

## પ્રકરણ - ૧

# સામાન્ય મસાઈલ અને આદેશો

## સ્ત્રીઓનું સ્થાન ઈસ્લામ પહેલાં :

અહીં 'ઈસ્લામથી પહેલાં'નો અર્થ જાહિલિય્યત (અજ્ઞાનતા)નો યુગ છે, જ્યારે ખાસ કરીને આરબો અને સામાન્ય રીતે ધરતી પર વસનારાં તમામ મનુષ્યો જીવન પસાર કરી રહ્યા હતા અને લોકો 'અહદે-ફત્રહ'[1]માંથી પસાર થઈ રહ્યા હતા. હિદાયત (માર્ગદર્શન) અને નજાત (મુક્તિ)ના માર્ગો લુપ્ત થઈ ચૂક્યા હતા. હદીસે-નબવીના વર્ણન અનુસાર ''અલ્લાહત્આલાએ તેમના ઉપર નજર નાખી તો એહલે-કિતાબ (જેમના પર ગ્રંથ અવતરિત કરવામાં આવ્યો હતો એ ગ્રંથવાળાં)થી સંબંધિત કેટલાક લોકોને છોડીને આરબ અને બિનઆરબના તમામ લોકોથી અલ્લાહત્આલા ખૂબ નારાજ થયો.''[2]

આ યુગમાં સ્ત્રીઓ સામાન્ય રીતે અને આરબ સમાજમાં વિશેષ રૂપે કઠોર પરીક્ષામાંથી પસાર થઈ રહી હતી. આરબો બાળકીઓના જન્મને ખૂબ જ નાપસંદ કરતા હતા. કેટલાક લોકો એવા હતા, જેઓ તેમને જીવતી જ જમીનમાં દાટી દેતા હતા કે જેથી માટી નીચે દબાઈને મરી જાય અને કેટલાક એવા પણ હતા જેઓ તેમની શિક્ષા-દીક્ષાથી હાથ ખેંચીને તેમને અપમાન અને બદનામીનું જીવન વિતાવવા માટે મજબૂર કરી દેતા હતા. આ સ્થિતિનું ચિત્ર ખેંચતા અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ફરમાવે છે –

''તેમનામાંથી કોઈને બાળકી થવાના સમાચાર આપવામાં આવે, તો તેનો ચહેરો કાળો થઈ જાય છે, અને દિલમાં ને દિલમાં ઘૂંટાવા લાગે છે. આ ખરાબ સમાચારના કારણે લોકોથી છુપાતો ફરે છે. વિચારે છે કે શું આને અપમાનની સાથે લઈ-લઈને ફરે કે પછી તેને માટી નીચે દબાવી દે. અફસોસ ! કેવા ખરાબ નિર્ણયો કરે છે !''
(સૂરઃ નહ્‌લ, ૫૮-૫૯)

બીજી જગ્યાએ ઈરશાદ ફરમાવે છે –

''જ્યારે જીવતી દાટી દેવામાં આવેલ બાળકીથી પ્રશ્ન પૂછવામાં આવશે કે કયા ગુનાના કારણે તેને મારી નાખવામાં આવી ?'' (સૂરઃ તક્વીર, ૮-૯)

'مَوْءُدَة' એ બાળકીને કહે છે, જેને જીવતી દાટી દેવામાં આવી હોય કે જેથી

---

૧. ફત્રહ : બે નબીઓના દરમ્યાનના જમાનાને કહે છે.

૨. આ એક લાંબી હદીસનો ટુકડો છે, જેને ઈમામ મુસ્લિમ રહમતુલ્લાહે હઝરત અયાઝ બિન હમ્માદ મજાશઈ રદિ.થી રિવાયત કરેલ છે. ઉલ્લેખિત ટુકડાના શબ્દો આ પ્રમાણે છે : ان الله نظر الى اهل الارض فمقتهم عربهم و عجمهم الا بقايا من اهل الكتاب.... - સહીહ મુસ્લિમ, કિતાબુલ જન્નહ (અનુ.)

તે માટીની નીચે દબાઈને દમ તોડી નાખે. જો બાળકી જીવતી દાટી દેવા છતાં કોઈક કારણસર બચી જતી, તો તેને અત્યંત અપમાનજનક જીવન વિતાવવું પડતું હતું. તેને પોતાના નજીકના લોકોના વારસામાંથી કોઈ હિસ્સો મળતો નહોતો, ચાહે તેના સગા-વહાલાઓ ગમે તેટલા ધનવાન કેમ ન હોય, અને તે પોતે ગમે તેટલી ગરીબી અને વંચિતતાનું જીવન કેમ ન વિતાવતી હોય; કેમ કે તેમના ત્યાં સ્ત્રીઓના બદલે ફક્ત પુરુષોને મૃત વ્યક્તિએ છોડેલ સંપત્તિમાંથી હિસ્સો મળતો હતો. સ્ત્રીઓને આ સંપત્તિમાંથી હિસ્સો શું મળતો, તે પોતે જ વારસાના માલની જેમ મૃતક પતિઓના વારસામાં વહેંચવામાં આવતી હતી. એક પતિના દાંપત્યમાં અનેક સ્ત્રીઓ રહેતી હતી, કેમ કે તેમના નજીક પત્નીઓની સંખ્યાની કોઈ હદ નહોતી, અને તેના કારણે તેમની પરેશાનીઓ, તકલીફો, જુલ્મ અને અત્યાચારની તેઓ કોઈ પરવા પણ કરતા નહોતા.

## ઈસ્લામમાં સ્ત્રીઓનું સ્થાન અને તેમનો દરજ્જો :

જ્યારે ઈસ્લામ આવ્યો તો તેણે સ્ત્રીઓ પર થતાં અત્યાચાર અને અતિરેકને સમાપ્ત કરીને તેમની માનવીય હેસિયત અને દરજ્જાને તેમને પાછો અપાવ્યો. અલ્લાહત્આલાનો ઈરશાદ છે –

''હે લોકો ! અમે તમને એક (જ) પુરુષ અને સ્ત્રીથી પેદા કર્યા છે.''

(સૂરઃ હુજુરાત, ૧૩)

અલ્લાહત્આલાએ સ્પષ્ટ કરી દીધું કે માનવી હોવાની હેસિયતે સ્ત્રી, પુરુષના સમાન દરજ્જો ધરાવે છે. એ જ પ્રમાણે અમલ (કાર્યો)ના બદલામાં ઈનામ અને સજામાં પણ બંને બરાબર અને એકસમાન હેસિયત ધરાવે છે.

''જે વ્યક્તિ નેક અમલ કરે, પુરુષ હોય કે સ્ત્રી, પરંતુ હોય તે ઈમાનવાળો, તો અમે તેને નિશ્ચિતપણે સારું જીવન પ્રદાન કરીશું, અને તેમના કાર્યોનો સારો બદલો પણ તેમને જરૂર આપીશું.'' (સૂરઃ નહ્‌લ, ૯૭)

અલ્લાહત્આલાનો ઈરશાદ છે –

''(આ એટલા માટે કે) અલ્લાહત્આલા મુનાફિક પુરુષો અને સ્ત્રીઓ તેમજ મુશ્‌રિક પુરુષો અને સ્ત્રીઓને સજા આપે.'' (સૂરઃ અહ્‌ઝાબ, ૭૩)

અલ્લાહત્આલાએ સ્ત્રીની એ હેસિયતને હરામ (અવૈધ) અને પ્રતિબંધિત ઠેરવી છે કે મરવાવાળા પતિએ છોડેલ માલમાં તેને સામેલ કરવામાં આવે. તેથી ફરમાવવામાં આવ્યું કે –

''હે ઈમાનવાળાઓ ! તમારા માટે હલાલ (વૈધ) નથી કે બળજબરીથી સ્ત્રીઓને

વારસામાં લઈ લો.'' (સૂરઃ નિસા, ૧૯)

અલ્લાહત્આલાએ મહિલાઓને તેમની પોતાની એક સ્થાયી હેસિયતની બાંહેધરી આપી છે. તેમને વારસાના માલમાં સમાવેશ ન કરીને તેમને વારસદાર બનાવી છે. રિશ્તેદારો અને નજીકના લોકોએ મૃત્યુ પછી છોડેલ માલમાં તેમનો હિસ્સો નિર્ધારિત કર્યો છે. તેથી ફરમાવ્યું કે –

''માતા-પિતા અને સગાઓ અને નજીકના લોકોએ છોડેલ સંપત્તિમાં પુરુષોનો હિસ્સો પણ છે અને સ્ત્રીઓનો પણ. (જે માલ માતા-પિતા, સગાસંબંધીઓ અને નજીકના લોકો છોડીને મૃત્યુ પામે), ચાહે તે માલ ઓછો હોય કે વધારે, (એમાં) હિસ્સો નક્કી કરેલો છે.'' (સૂરઃ નિસા, ૭)

બીજી જગ્યાએ ફરમાવ્યું –

''અલ્લાહત્આલા તમને તમારાં સંતાનો વિશે આદેશ આપે છે કે એક પુરુષનો હિસ્સો બે સ્ત્રીઓના બરાબર છે, અને જો ફક્ત સ્ત્રીઓ જ હોય અને બેથી વધારે હોય તો તેમને (મૃત વ્યક્તિએ) છોડેલ માલનો બે-તૃત્યાંશ મળશે, અને જો એક જ સ્ત્રી હોય તો તેના માટે અડધો છે.'' (સૂરઃ નિસા, ૧૧)

આ પ્રકારની જુદી-જુદી એ તમામ આયતો છે, જે વારસાના માલમાં માતા, પુત્રી, બહેન, પત્નીના રૂપમાં સ્ત્રીના હિસ્સાના નિર્ધારણના સિલસિલામાં આવેલ છે.

દાંપત્ય-જીવનથી સંબંધિત અલ્લાહ તબારક-વ-ત્આલાએ ચાર પત્નીઓની છેલ્લી હદ નક્કી કરી દીધી છે, એ શરતે કે તેમના દરમ્યાન યથાશક્તિ ન્યાય અને સમાનતા કાયમ કરવામાં આવે, અને તેમના સાથે સદ્‌વર્તનને આવશ્યક અને જરૂરી ઠેરવી દીધું છે. તેથી અલ્લાહત્આલા ઈરશાદ ફરમાવે છે –

''તેમના સાથે ભલી રીતે જીવન વિતાવો.'' (સૂરઃ નિસા, ૧૯)

અને, મહેરને સ્ત્રીઓનો હક્ક ઠેરવતાં તેની પૂરેપૂરી અદાયગીનો હુકમ આપવામાં આવ્યો છે, પરંતુ એ કે સ્ત્રી રાજીખુશીથી પોતે તેને માફ કરી દે. ફરમાને-ઈલાહી છે –

''અને સ્ત્રીઓને તેમની મહેર રાજીખુશીથી આપી દો; અલબત્ત, જો તેઓ પોતે પોતાની ખુશીથી અમુક મહેર છોડી દે, તો તેને મરજીથી ખુશ થઈને ખાઓ-પીવો.'' (સૂરઃ નિસા, ૪)

અલ્લાહત્આલાએ સ્ત્રીને પોતાના પતિના ઘરમાં એક એવા નિરીક્ષકની હેસિયત પ્રદાન કરી છે, જે કોઈ કામ કરવા-કરાવવા અને ના કરવા-કરાવવાની માલિક હોય છે અને પોતાના બાળકોની માલિક અને સરદાર હોય છે. ઈરશાદ નબવી ﷺ છે –

''સ્ત્રી પોતાના પતિના ઘર અને બાલબચ્ચાઓની નિરીક્ષક છે અને તેનાથી તેમના વિશે સવાલ કરવામાં આવશે.''

એ જ પ્રમાણે પતિ પર પ્રચલિત અને સારી રીતભાત અનુસાર પત્નીના ભરણ-પોષણ અને પોશાક વગેરેના ખર્ચની જવાબદારી મૂકવામાં આવી છે.

## ઈસ્લામ-દુશ્મનો મહિલાઓથી તેમની ઈજ્જત-આબરૂ અને તેમના અધિકારો છીનવવા માગે છે :

આજના યુગમાં ઈસ્લામ-દુશ્મનો, બલ્કે માનવતાના દુશ્મનો કાફિરો અને મુનાફિકો (દંભી મુસલમાનો) અને વિઘ્ન-સંતોષી લોકોને ઈસ્લામમાં મહિલાઓને મળેલ ઈજ્જત, શરાફત તથા સુરક્ષા અને બાંહેધરી સખત અપ્રિય લાગી રહી છે; કેમ કે આ લોકો મહિલાઓને તબાહી-બરબાદી અને વિનાશના એક એવા સાધન અને એક એવી જાળના રૂપમાં જોવા માગે છે, જેના દ્વારા તેઓ પોતાની ઉત્તેજિત કામવાસનાને સંતૃપ્ત કર્યા પછી કમજોર ઈમાનવાળા, નિરંકુશ, મનેચ્છાઓ અને હવસથી વશીભૂત લોકોને પોતાના ફંદામાં ફસાવી શકે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આવા લોકો માટે ઈરશાદ ફરમાવે છે –

''અને જે લોકો મનેચ્છાઓના અનુયાયી છે, તેઓ ઈચ્છે છે કે તમે આ સીધા માર્ગથી ખૂબ દૂર નીકળી જાઓ.'' (સૂરઃ નિસા, ૨૭)

(હદ થઈ ગઈ કે) મનોરોગી અને વિઘ્ન-સંતોષી મુસલમાનો પણ મહિલાઓ સંબંધે એવું જ ઈચ્છે છે કે શૈતાની ઈચ્છાઓ અને વાસનામય ભાવનાઓ રાખતા વેપારીઓના શૉ-રૂમમાં તેમને સસ્તા માલ-સામાનની જેમ રાખવામાં આવે, જે ગ્રાહકોની સામે તદ્દન ખુલ્લો રાખવામાં આવે છે, જેથી તેમના સૌંદર્યની મજા માણી શકે અથવા તેમના દ્વારા તેઓ સૌથી ખરાબ કૃત્ય સુધી પહોંચી શકે. આમ, તેમના અંદર એ વાતની ખૂબ તીવ્ર લાલસા જોવા મળે છે કે મહિલાઓ પોતાના ઘરોની ચાર દીવાલોથી નીકળીને પુરુષોની સાથે ખભેખભા મેળવીને તેમના કામોમાં સહયોગ આપે, અથવા હૉસ્પિટલોમાં નર્સની હેસિયતથી પુરુષોની ચાકરી કરે અને તેમની સેવા કરે, અથવા વિમાનોમાં ઍર-હોસ્ટેસ અથવા સહશિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીનીની હેસિયતથી અને શિક્ષિકા, અથવા થિયેટરો અને સિનેમાઓમાં અભિનેત્રી કે ગાયિકાની હેસિયતથી, અથવા વિભિન્ન પ્રચાર-પ્રસારના માધ્યમોમાં એનાઉન્સર (કે પત્રકાર)નું કામ કરે, જ્યાં તે પોતાના રૂપ-સૌદર્ય અને પોતાના અવાજથી લોકોને ફિત્નાઓમાં સપડાવે. અશ્લીલ સામયિકો અને અખબારોએ યુવતીઓના ઉત્તેજિત નગ્ન ચિત્રોને પોતાના માર્કેટિંગ અને બજારોમાં પ્રચલન હાંસલ કરવાનું સાધન અને માધ્યમ બનાવી રાખેલ છે. એ જ પ્રમાણે કેટલાક

વેપારીઓ અને ઔદ્યોગિક કંપનીઓએ આ જ પ્રકારના અશ્લીલ ફોટાઓને પોતાના વેપારી માલ અને પોતાની પ્રોડક્ટ (ઉત્પાદિત વસ્તુઓ) પર મૂકીને તેમને પ્રચાર કરવાનું માધ્યમ અને સાધન બનાવી રાખેલ છે. આ તમામ ખોટી અને અભદ્ર હરકતોનું એ પરિણામ આવ્યું કે મહિલાઓ પોતાના ઘરોમાં પોતાની સાચી અને અસલ જવાબદારીઓથી અલિપ્ત થઈ ગઈ. તેના કારણે તેમના પતિઓ પોતાના બાળકોના પાલન-પોષણ અને ઘરેલુ જવાબદારીઓની પૂર્તિ માટે વિદેશથી (કે બહારથી) સેવિકાઓ (કે નોકરાણીઓ)ને બોલાવવા માટે મજબૂર થઈ જાય છે, જેની અસર એ પડે છે કે અનેક ફિત્નાઓ અને મોટી-મોટી બીમારીઓ જન્મ લે છે.

## મહિલાઓ માટે શિક્ષણ-પ્રશિક્ષણ અને નોકરીની પરવાનગી :

ઘરની બહાર મહિલાઓની નોકરી અથવા અન્ય કામકાજ કરવાના અમે વિરોધી નથી, શરત એ છે કે તેઓ નીચેના નિયમો હેઠળ હોય –

૧) સ્ત્રી નોકરીની અથવા સમાજ તેના કામનો ખરેખર જરૂરતમંદ હોય, એવું કામ કરવાવાળો પુરુષ મોજૂદ ન હોય (અથવા એ કામ પુરુષ કરી ન શકતો હોય.)

૨) ઘરેલુ જવાબદારીઓને અદા કર્યા પછી જ તે ઘરના બહાર સર્વિસ કરી શકે છે, કેમ કે ઘરેલુ જવાબદારીઓને મૂળભૂત હેસિયત પ્રાપ્ત છે.

૩) પુરુષોથી દૂર રહીને ફક્ત મહિલાઓની વચ્ચે આ પ્રકારની નોકરી કરી શકાય છે; જેમ કે મહિલાઓની શિક્ષા-દીક્ષાનું કામ, તેમની સેવાચાકરી અને તેમનો ઇલાજ વગેરે.

૪) એ જ પ્રમાણે દીની મામલાઓની તાલીમ અને શિક્ષણ મેળવવા માટે સ્ત્રીઓનું ઘરથી બહાર નીકળવામાં કોઈ વાંધો નથી, બલ્કે આ એક જરૂરી વસ્તુ છે. જે દીની મામલાઓમાં સ્ત્રીને જરૂરત હોય તેને શીખે અને તેનું શિક્ષણ પ્રાપ્ત કરવામાં કોઈ વાંધો નથી; આ માટે શરત એ છે કે તે સ્ત્રીઓના દરમ્યાન રહીને મેળવવામાં આવે. મસ્જિદો વગેરેમાં આયોજિત વાઅૂઝ અને નસીહતના દર્સમાં હાજર રહેવામાં પણ કોઈ વાંધો નથી, શરત એ છે કે પરદાની સાથે અને પુરુષોથી કાળજીપૂર્વક દૂર હોય, જેમ કે ઇસ્લામમાં શરૂઆતના જમાનામાં મહિલાઓ મસ્જિદોમાં હાજર થઈને શીખતી અને શીખવાડતી હતી.

—◦★◦—

# સ્ત્રીઓના શારીરિક શણગાર અને સૌંદર્ય (બનાવ-સિંગાર)થી સંબંધિત મસાઈલ

## મહિલાઓનું શારીરિક સૌંદર્ય અને શણગાર :

મહિલાઓની જે વિશિષ્ટ અને પ્રાકૃતિક ખાસિયતો છે, તેમાં નખ કાપવા અને સતત તેનું ધ્યાન રાખવું સ્ત્રી માટે જરૂરી છે, કેમ કે નખ કાપવા મસ્નૂન (સુન્નત) હોવા અંગે તમામ એહલે-ઇલ્મ (ઇસ્લામના વિદ્વાનો) સર્વસંમત છે. આ એ પ્રાકૃતિક ખાસિયતોમાંથી છે, જેનો ઉલ્લેખ હદીસે-નબવી ﷺ માં કરવામાં આવેલ છે,[૧] અને નખ કાપવાથી સફાઈ અને સુઘડતા તથા સુંદરતા દેખાય છે, જ્યારે કે તેને વધારવામાં બદસુરતી, જાનવરોથી સમાનતા, તેના નીચે પાણીનું ન પહોંચવું અને તેના અંદર ગંદકી જમા થવું, આ તમામ ખરાબીઓ છે. સુન્નતથી અનભિજ્ઞતા અને કાફિર મહિલાઓની નકલના કારણે કેટલીક મુસ્લિમ મહિલાઓ પણ નખ વધારવાની મહામારીમાં ગ્રસ્ત થઈ ગઈ છે.

દૂંટી (નાભિ)ના નીચેના વાળ અને બગલના વાળની સફાઈ પણ સ્ત્રીઓ માટે મસ્નૂન (સુન્નત) છે, કેમ કે હદીસમાં આનો હુકમ આપવામાં આવ્યો છે અને એમાં જ સુંદરતા અને સૌંદર્ય છે. વધારે સારું એ છે કે દર અઠવાડિયે આ સફાઈનું કામ કરવામાં આવે, અથવા ચાળીસ દિવસથી વધારે તેને એમ-ને-એમ ન રહેવા દે.

## માથા અને ભ્રમરના વાળ વિશે ઈસ્લામનો હુકમ, ખિઝાબ (વાળને રંગવાનો મસાલો) અને વાળને રંગવાનો હુકમ :

(૧) મુસ્લિમ મહિલાઓથી માથાના વાળનું વધારવું અપેક્ષિત છે. કોઈ કારણ કે જરૂરત વગર તેને મુંડાવવું હરામ છે. શૈખ મુહમ્મદ બિન ઈબ્રાહીમ આલ-અલ શૈખ (ભૂતપૂર્વ) મુફતી સાઉદી અરબ રહિમહુલ્લાહ ફરમાવે છે :

''મહિલાઓએ માથાના વાળ મુંડવા જાયઝ નથી, કેમ કે ઈમામ નિસાઈ

૧. **હઝરત આઈશા રદિ. રસૂલુલ્લાહ ﷺ થી <u>મરફૂઅન</u> રિવાયત કરે છે** - (મરફૂઅન્ : જે હદીસનો સંબંધ રસૂલુલ્લાહ ﷺ સુધી પહોંચતો હોય.) **"દસ વાતો પ્રાકૃતિક ખાસિયતોમાંથી છે : મૂંછોને કાપવી, દાઢીનું વધારવું, મિસ્વાક, નાકમાં પાણી નાખવું, નખ કાપવા, આંગળીઓના વેઢાઓને ધોવા, બગલના વાળને સાફ કરવા, દૂંટીના નીચેના વાળ સાફ કરવા, ઈસ્તિન્જા કરવી (પેશાબ કે શૌચ કર્યા પછી પાણીથી ધોવું) - રિવાયત કરનારનું કહેવું છે કે દસમી વાત હું ભૂલી ગયો છું, બની શકે છે કે દસમી વાત કોગળા કરવા હોય. (અનુ.)**

એ પોતાની 'સુનન'માં હઝરત અલી થી, ઈમામ બઝ્ઝાર એ પોતાની 'મુસ્નદ'માં હઝરત ઉસ્માન થી, અને અલ્લામા ઈબ્ને જરીર (તબરી) એ હઝરત ઈકરિમા થી સનંદથી રિવાયત કરેલ છે કે રસૂલ અકરમ ﷺ એ મહિલાને પોતાના માથાના વાળ મુંડાવવાની મનાઈ કરી છે.

આપ ﷺ ની મનાઈ, જો તેનો વિરોધી કે તેનાથી વિપરીત હુકમ મોજૂદ ન હોય, તો હરામનો તકાદો કરે છે (એટલે કે આવી મનાઈ હરામ માટે હોય છે.)

મુલ્લા અલી કારી 'મરકાત શરહ મિશ્કાત'માં લખે છે : રસૂલ અકરમ ﷺ નું એ મુબારક ફરમાન એ કારણે છે કે મહિલાઓ માટે ચોટીઓને રૂપ-સ્વરૂપ અને સુંદરતા અને સૌદર્યમાં એ જ હેસિયત હાંસલ છે, જે પુરુષો માટે દાઢીને પ્રાપ્ત છે.''[૧]

(૨) માથાના વાળને સાજ-સજ્જા અને શણગાર ઉપરાંત કોઈ બીજા હેતુથી નાના કરવા, જેમ કે તેની રક્ષા વગેરેના કારણે સ્ત્રી મજબૂર થઈ જાય અથવા એટલા લાંબા થઈ જાય કે સ્ત્રી માટે તકલીફદાયક સાબિત થાય, તો જરૂરત અનુસાર તેને નાના કરવામાં કોઈ વાંધો નથી; કેમ કે અમુક અઝવાજ મુત્તહરાત () રસૂલ અકરમ ﷺ ની વફાત પછી આવું કરતી હતી, એટલા માટે કે તેમણે આપ ﷺ ની વફાત પછી સાજ-શણગાર છોડી દીધા હતા અને વાળને વધારવા અને તેને સંવારવાની તેમને જરૂર નહોતી રહી; અને જો વાળને નાના કરાવવાનો હેતુ કાફિર અને ફાસિક સ્ત્રીઓની બરાબરી કરવાનો હોય તો તે નિઃશંક હરામ છે, એટલા માટે કે રસૂલ ﷺ એ કાફિરોની સમાનતા અપનાવવાથી મનાઈ કરી છે.

અને જો વાળને નાના કરાવવાનો હેતુ સાજ-શણગાર છે, તો દેખીતું છે કે આ પણ જાયઝ લાગતું નથી. ઉસ્તાદ મુહમ્મદ અમીન શનકીતી પોતાની તફસીર (અઝવાઉલ બયાન)માં લખે છે –

''ઘણાં (મુસ્લિમ) દેશોમાં મહિલાઓમાં પોતાના વાળને મૂળ સુધી નાના કરવાનો રિવાજ વધતો જઈ રહ્યો છે, તે વાસ્તવમાં ફિરંગી (અંગ્રેજો જેવાં) રંગઢંગ છે, જે એ રંગઢંગથી તદન વિપરીત છે જેના પર મુસ્લિમ મહિલાઓ, બલ્કે ઈસ્લામથી પહેલાં આરબ મહિલાઓ ચાલતી હતી. આ રીત એ બધી નાફરમાનીઓ અને અવહેલનાઓમાંથી એક છે, જે દીન અને અખ્લાક (નીતિમત્તા) અને રંગરૂપ વગેરેમાં સામાન્ય બનતી જઈ રહી છે.''

આ પછી લેખકે એ હદીસનો ઉલ્લેખ કર્યો છે, જેમાં એ કહેવામાં આવ્યું છે કે

૧. મજમૂઆ ફતાવા - અશ્-શૈખ મુહમ્મદ બિન ઈબ્રાહીમ

અઝવાજ મુત્તહરાત ﷺ પોતાના વાળને કાનો સુધી લટકતા નાના કરાવી લેતી હતી, અને આનો જવાબ આપતાં લખે છે –

''અઝવાજ મુત્તહરાતે રસૂલ અકરમ ﷺ ની વફાત પછી પોતાના વાળને નાના કરી નાખ્યા હતા. આપ ﷺ ની હયાતીમાં સાજ-સજ્જા અને બનાવ-સિંગાર કરતી હતી અને તેમના ઉત્તમ સાજ-શણગારમાં તેમના વાળ પણ સામેલ હતા, પણ આપ ﷺ ની વફાત પછી તેમને એક વિશેષ હુકમ મળ્યો હતો, જે અનુસાર સમગ્ર ધરતીની તમામ મહિલાઓમાં કોઈપણ સ્ત્રી તેમની ભાગીદાર અને તેમના સમકક્ષ બની નહોતી શકતી, અને તે ખાસ હુકમ એ હતો કે શાદીથી સંબંધિત તેમની તમામ અપેક્ષાઓ સમાપ્ત થઈ ગઈ હતી અને શાદીથી તેઓ એ રીતે નિરપેક્ષ થઈ ગઈ હતી કે તેમાં કોઈ હિર્સ (લાલચ) કે અભિલાષાની નાનીસરખી ભેળસેળ જોવા નહોતી મળતી; તેથી તેઓ એવી ઇદ્દતગુજાર મહિલાઓ હતી, જે જીવનભર રસૂલ ﷺ ના દાંપત્યમાં હોવાના કારણે બંધનમાં હતી.

અલ્લાહત્આલા તેમના માટે ઈરશાદ ફરમાવે છે –

''અને તમારા માટે એ જાયઝ (ઉચિત) નથી કે તમે રસૂલલ્લાહને તકલીફ આપો અને ન તમારા માટે એ હલાલ (વૈધ) છે કે આપના પછી કોઈ પણ સમયે આપની પત્નીઓથી નિકાહ (લગ્ન) કરો. યાદ રાખો, અલ્લાહની દૃષ્ટિએ આ ખૂબ મોટો (ગુનો) છે.'' (સૂરઃ અહ્ઝાબ, ૫૩)

પુરુષોથી સંપૂર્ણપણે અરુચિ અને અનપેક્ષા કે અનાકર્ષણ સાજ-શણગારની કેટલીક વસ્તુઓમાં ભૂલચૂક અને સુસ્તી માટે છૂટછાટનું કારણ બની શકે છે, જે કોઈ બીજા કારણસર જાયઝ નથી હોઈ શકતી.''[૧]

આમ, સ્ત્રીઓ માટે જરૂરી છે કે તેઓ પોતાના માથાના વાળની પૂરેપૂરી રક્ષા કરે અને તેના પર પૂરતું ધ્યાન આપે અને તેની ચોટીઓ બનાવી રાખે. તેને માથા પર કે માથાના પાછળના ભાગે ભેગા કરીને બાંધવા જાયઝ નથી. શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા રહ. મજમૂઅ અલ-ફતાવા (૨૨/૧૪૫)માં ફરમાવે છે –

''જે રીતે કેટલીક નિર્લજ્જ મહિલાઓ પોતાના વાળની એક જ ચોટી બનાવીને અને તેને બંને ખભાઓ દરમ્યાન લટકાવીને રાખે છે.''

સાઉદી અરબના (ભૂતપૂર્વ) મુફ્તી શૈખ મુહમ્મદ બિન ઈબ્રાહીમ رحمه الله ફરમાવે છે : ''આજના યુગની કેટલીક મુસ્લિમ મહિલાઓનો એ અમલ કે માથાના વાળને

૧. અઝવાઉલ બયાન (૫/૫૯૮-૬૦૧) - જો પતિ સ્ત્રીને વાળ નાના કરવાનું કહે તો તેનું માનવું સ્ત્રી માટે જાયઝ નથી, કેમ કે અલ્લાહત્આલાની નાફરમાનીમાં કોઈ મખ્લૂક (વ્યક્તિ કે વ્યવસ્થા)નું આજ્ઞાપાલન જાયઝ નથી.

એક તરફથી ઓળીને પાછળના ભાગમાં અથવા માથાના ઉપર બાંધી લે છે, જેમ કે અંગ્રેજ મહિલાઓ કરે છે, તો આ જાયઝ નથી, કેમ કે આમાં કાફિર સ્ત્રીઓથી સામ્યતા થાય છે. હઝરત અબૂ હુરૈરહ ﷺ થી એક લાંબી હદીસમાં કહેવામાં આવ્યું છે કે રસૂલ અકરમ ﷺ એ ફરમાવ્યું :

''જહન્નમીઓના બે પ્રકાર છે, જેમને મેં જોયા નથી. એક પ્રકાર એ લોકોનો છે, જેમના હાથોમાં ગાયની પૂંછડીની જેમ કોરડા હશે, જેનાથી તેઓ લોકોને મારશે; બીજો પ્રકાર એ સ્ત્રીઓનો છે, જેઓ કપડાં પહેરીને પણ નગ્ન લાગશે, લટક-મટક ચાલશે, ખભાઓ અને કૂલાને હલાવીને ચાલશે, તેમના માથા ઊંટની ઝુકેલી ખૂંધની જેમ હશે, તેઓ ન તો જન્નતમાં દાખલ થશે અને ન તેની ખુશ્બૂ પામી શકશે, જ્યારે કે તેની ખુશ્બૂ આટ-આટલી દૂરથી પણ આવતી હશે.''

કેટલાક આલિમોએ હદીસમાં કહેવામાં આવેલ શબ્દ 'مائلات مميلات'ની સમજૂતી અને સ્પષ્ટતા કરતાં લખ્યું છે :

''તેમની માથું ઓળવાની હાલત એ પ્રકારની હોય છે કે વાળ એક તરફ ઢળેલા હોય છે, આ નિર્લજ્જ અને બદચલન મહિલાની માથું ઓળવાની રીત છે, અને مميلات એ સ્ત્રીઓને કહે છે, જે બીજી સ્ત્રીઓનું આ રીતનું માથું ઓળે. હકીકતમાં આ ફિરંગી (યુરોપિયન) સ્ત્રીઓ અને તેમના પદ્ચિહ્નો પર ચાલનારી મુસ્લિમ મહિલાઓની માથું ઓળવાની રીત છે.''(૧)

જે રીતે મહિલાઓને જરૂરત વગર માથાના વાળને મુંડાવવાથી કે નાના કરવાથી રોકવામાં આવેલ છે, એ જ રીતે તેમને પોતાના વાળમાં વધારે બીજા વાળને જોડવા કે નાખવા કે ઉમેરવાથી પણ મનાઈ કરવામાં આવી છે. તેથી સહીહૈનમાં કહેવામાં આવ્યું છે –

''રસૂલુલ્લાહ ﷺ એ વાસિલહ અને મુતવસ્સિલહ પર લા'નત કરી છે.''

'વાસિલહ' એ સ્ત્રીને કહે છે, જે બીજાના વાળને જોડીને પોતાના વાળમાં વધારો કરે છે.

'મુતવસ્સિલહ' એ સ્ત્રીને કહે છે, જેના પર આ અમલ કરવામાં આવે છે.

આ અમલ એટલા માટે પ્રતિબંધિત અને હરામ છે કે આમાં ફરેબ અને ધોકો જોવા મળે છે. આ પ્રતિબંધિત વધારામાં વિગ (Wig)નો ઉપયોગ પણ સામેલ

૧. મજમૂઅ ફતાવા અશ્-શૈખ (૨/૪૭),
ઉપરાંત જૂઓ : અલ-ઈઝાઅ વલ-તબય્યન, લે. શૈખ હમૂદ તૌયજરી, પૃ. સ

છે, અત્યારે જેનું ચલન ખૂબ જ વધતું જઈ રહ્યું છે.

ઈમામ બુખારી અને ઈમામ મુસ્લિમ ﷫ વગેરેની રિવાયત છે કે હઝરત મુઆવિયા ﷛ જ્યારે મદીના મુનવ્વરા પધાર્યા, તો તેમણે એક પ્રવચન કર્યું. પ્રવચન દરમ્યાન તેમણે વાળનો એક ગુચ્છો કાઢીને ફરમાવ્યું : તમારી સ્ત્રીઓને શું થઈ ગયું છે કે તેઓ પોતાના માથામાં આ પ્રકારની વસ્તુનો ઉપયોગ કરે છે. મેં રસૂલુલ્લાહ ﷺ ને ફરમાવતા સાંભળ્યા છે કે -

''જો કોઈ સ્ત્રી પોતાના માથામાં કોઈ બીજાના વાળ લગાવે છે, તો તે જૂઠ અને ફરેબ છે.''

વિગ એવા કૃત્રિમ વાળને કહે છે, જે માથાના વાળની જેમ તૈયાર કરવામાં આવે છે. તેના ઉપયોગમાં ફરેબ અને ધોકો હોય છે.

(૩) મુસ્લિમ મહિલાઓ માટે ભ્રમરના તમામ વાળને કે અમુક વાળને મુંડવા, તરાશવા કે વાળને સાફ કરી નાખવા હરામ છે; કેમ કે આને જ 'નમ્સ' (ચહેરાના વાળને સાફ કરવા) કહેવામાં આવે છે, જેના પર અમલ કરનારી મહિલા પર રસૂલ અકરમ ﷺ એ લા'નત કરી છે –

''આપ ﷺ એ નામિસહ અને મુતમિસહ પર લા'નત કરી છે.''

'નામિસહ' એ સ્ત્રીને કહે છે જે પોતાના ખ્યાલમાં સાજ-સજ્જા અપનાવવા માટે પોતાના ભ્રમરના વાળને અથવા અમુક વાળને સાફ કરે છે.

'મુતનમિસહ' એ સ્ત્રીને કહે છે, જેના માટે આ અમલ કરવામાં આવે.

આ અમલ વાસ્તવમાં અલ્લાહત્આલાના સર્જનમાં ફેરફાર અને પરિવર્તન કરવા જેવો છે, જેના વિશે શૈતાને વચન આપ્યું છે કે તે આદમની સંતાનને અલ્લાહત્આલાના સર્જનમાં ફેરફાર કરવાનો હુકમ આપશે. તેથી તેણે કહ્યું હતું, જેમ કે અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે તેની વાતને નકલ કરતાં વર્ણવ્યું છે –

''અને હું તેમને કહીશ કે અલ્લાહત્આલાએ બનાવેલ રૂપ-રંગને બગાડી નાખ.'' (સૂરઃ નિસા, ૧૧૯)

સહીહ મુસ્લિમ[૧]માં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ ﷛ થી રિવાયત છે કે આપે ફરમાવ્યું : ''એવી સ્ત્રીઓ પર અલ્લાહત્આલાની લા'નત થાય, જે છૂંદણા (ટેટુ) છુંદે છે અને છૂંદણા છૂંદાવે છે, અને જે ભ્રમરના વાળ ઉખાડે છે અને ઉખાવડાવે છે, અને દાંતોને ઘસીને સુંદર બનાવે છે; વાસ્તવમાં તે અલ્લાહે બનાવેલ

૧. સહીહ મુસ્લિમ, કિતાબ અલ-લિબાસ વઝ્-ઝીનતહ (૩/૧૬૭૮, હદીસ ૨૧૨૫) અનુ.

રૂપ-રંગને બગાડવાવાળી છે.''

તે પછી આપ ﷺ ફરમાવે છે : ''શું હું એ લોકો પર લા'નત ન મોકલું, જેમના ઉપર રસૂલુલ્લાહ ﷺ એ લા'નત મોકલી છે ? અને આ હુકમ અલ્લાહની કિતાબમાં છે.'' આપનો આશય અલ્લાહત્આલાના એ કથનથી છે કે –

''તમને જે કંઈ રસૂલ આપે તે લઈ લો અને જેનાથી રોકે, રોકાઈ જાઓ.''

(સૂરઃ હશ્ર, ૭)

અલ્લામા ઈબ્ને કસીર ﷺએ પોતાની તફસીર (૨/૩૫૯, દારુલ ઉન્દલુસ)માં આ હદીસનો ઉલ્લેખ કર્યો છે.

આ સંગીન અને ખતરનાક મહામારીમાં આજે અનેક સ્ત્રીઓ ગ્રસ્ત છે. હકીકતમાં આ એક ગુનાહે-કબીરા (મોટો ગુનો) છે. પરિસ્થિતિ એ થઈ ગઈ છે કે ભ્રમરના વાળ સાફ કરવા રોજિંદી જરૂરિયાતમાં સામેલ થઈ ગયેલ છે. જો કોઈ સ્ત્રીનો પતિ આવું કરવાનું કહે તો પણ તેનું કહેવું માનવું જાયઝ નથી, કેમ કે આ એક મુસીબત અને ગુનાનું કામ છે.

(૪) શણગાર અને સાજ-સજ્જાના હેતુથી દાંતોને ઘસીને તેમાં ચિરાડ કે ફાંટ બનાવવી મુસ્લિમ મહિલાઓ માટે હરામ છે, તે એ રીતે કે સુંદરતા પેદા કરવા દાંતોને રેતીથી ઘસીને તેના દરમ્યાન નાની ફાટ બનાવી લેવામાં આવે. અલબત્ત, જો દાંતોમાં કોઈ પ્રકારનું કદરૂપ હોય તો તેને દૂર કરવા અને દાંતોને વ્યવસ્થિત કરવા માટે ઑપરેશનની જરૂર પડે, અથવા તેમાં સડો લાગી ગયો હોય અને તેને દૂર કરવા માટે સુધાર કરવાની જરૂરત પડે તો એમાં કોઈ વાંધો કે ગુનો નથી; કેમ કે આ ઈલાજ અને કદરૂપને દૂર કરવાના કામમાંથી છે અને આવું કામ સ્પેશ્યાલિસ્ટ લેડી ડૉક્ટરની પાસે કરાવવામાં આવશે.

(૫) શરીર પર છૂંદણા કરવા-કરાવવાનું કામ પણ સ્ત્રીઓ માટે હરામ છે, કેમ કે રસૂલ અકરમ ﷺ એ વાશમહ અને મુસ્તવશમહ પર લા'નત કરી છે.

વાશમહ એ સ્ત્રીને કહે છે, જે હાથ કે પગ કે ચહેરામાં સોઈ ભોંકીને એ જગ્યાને કાળી કે ઊદી શાહીથી ભરી દે (અર્થાત્ છૂંદણા છૂંદવાવાળી સ્ત્રી)

મુસ્તવશમહ એ સ્ત્રીને કહે છે, જેના પર આ કામ કરવામાં આવે.

આ કામ હરામ છે અને ગુનાહે-કબીરા છે, કેમ કે રસૂલ અકરમ ﷺ એ છૂંદણા કરવાવાળી અને છૂંદણા કરાવવાવાળી બંને સ્ત્રીઓ પર લા'નત કરી છે, અને શરીઅતમાં ફક્ત કબીરા ગુના પર જ લા'નત મોકલવામાં આવેલ છે.

(૬) મહિલાઓ માટે ખિઝાબ (મહેંદી) લગાવવા અને વાળને રંગવાનો હુકમ :

- ખિઝાબ : ઈમામ નવવી રહ. અલ-મજમૂઅ (૧/૩૨૪)માં ફરમાવે છે :

  ''બંને હાથો અને બંને પગને મહેંદીથી રંગવું શાદીવાળી સ્ત્રી માટે મુસ્તહબ છે. આ સંદર્ભમાં ઘણી હદીસો પ્રચલિત અને પ્રસિદ્ધ છે.''

  ઈમામ નવવીનો ઈશારો ઈમામ અબૂ દાઉદ ﷬ ની એ રિવાયત તરફ છે, જેમાં ઉલ્લેખ છે કે હઝરત આઈશા ﷛ ને એક સ્ત્રીએ મહેંદી લગાવવા વિશે પૂછ્યું, તો આપ ﷛ એ ફરમાવ્યું : કોઈ વાંધો નથી, પરંતુ હું તેને પસંદ કરતી નથી, કેમ કે મારા મહેબૂબ રસૂલ અકરમ ﷺ ને તેની ગંધ પસંદ નહોતી.

  આને ઈમામ નિસાઈ ﷬ એ પણ રિવાયત કરી છે. આપનાથી જ બીજી હદીસ પણ કહેવામાં આવેલ છે, ફરમાવે છે : એક સ્ત્રીએ પરદાના પાછળથી રસૂલુલ્લાહ ﷺ ના તરફ પોતાનો હાથ આગળ કર્યો, તેના હાથમાં એક પત્ર હતો. આપ ﷺ એ પોતાનો હાથ પાછો ખેંચી લીધો અને ફરમાવ્યું : મને ખબર નથી કે આ હાથ કોઈ પુરુષનો હાથ છે કે કોઈ સ્ત્રીનો ? તેણે કહ્યું : આ એક સ્ત્રીનો હાથ છે. આપ ﷺ એ ફરમાવ્યું :

  ''જો તું સ્ત્રી હોત તો પોતાના નખને બદલી નાખતી (અર્થાત્ મહેંદીથી).

  (અબૂદાઉદ, નિસાઈ)

  પરંતુ આવી વસ્તુઓથી તે પોતાના નખને કદાપિ રંગી શકતી નથી, જે તેના પર ચોંટીને કે પડ બનાવીને તહારત (પવિત્રતા)ના પાણી માટે અવરોધ બની જાય છે.[૧]

- મહિલાઓનું જ્યાં સુધી પોતાના વાળને રંગવા અને તેમાં ખિઝાબ લગાવવાનો પ્રશ્ન છે, તો જો વાળમાં સફેદી જાહેર થઈ ચૂકી હોય, તો તેને કાળા રંગ સિવાય કોઈ બીજા રંગથી રંગી શકે છે, કેમ કે રસૂલ અકરમ ﷺ ની કાળા ખિઝાબની કરવામાં આવેલ મનાઈ પુરુષો અને સ્ત્રીઓ બંને માટે છે. તેથી ઈમામ નવવી ﷬ રિયાઝુસ્સાલેહીન (પૃ. ૬૨૬)માં એક પ્રકરણનો આ જ વિષય આપતાં લખે છે : ''પુરુષો અને સ્ત્રીઓ માટે કાળા ખિઝાબ લગાવવાની મનાઈ''

  અને અલ-મજમૂઅ શરહ અલ-મહઝબ (૧/૩૨૪)માં લખે છે :

  ''કાળા ખિઝાબથી મનાઈમાં પુરુષ અને સ્ત્રી દરમ્યાન કોઈ ફરક નથી, આ જ અમારો મઝહબ છે.''

૧. જેમ કે નેઈલ પૉલિશવાળા રંગ, જેનું નખ ઉપર પડ બની જાય છે.

જો કોઈ સ્ત્રી પોતાના કાળા વાળને કોઈ બીજા રંગથી બદલવા માટે ખિઝાબ લગાવે છે, તો હું જ્યાં સુધી સમજું છું, આ જાયઝ નથી, કેમ કે તેની કોઈ જરૂરત નથી. વાળ માટે કાળો રંગ જ સૌંદર્યનું કારણ હોય છે અને એમાં એવું કોઈ કદરૂપ નથી જોવા મળતી કે તેમાં ફેરફારની આવશ્યકતા લાગે, અને એમાં કાફિર સ્ત્રીઓથી સામ્યતા પણ જોવા મળે છે.

રીત-રિવાજ અનુસાર મહિલાઓ માટે સોના અને ચાંદીના ઘરેણાનો ઉપયોગ જાયઝ છે. આ વાત પર ઉલ્માની સર્વસંમતી છે. પરંતુ આ ઘરેણાનું મહરમ પુરુષો સિવાય બીજા અજનબી કે પરાયા પુરુષોની સામે પ્રગટ કરવું જાયઝ નથી, બલ્કે તેને છુપાવવામાં આવશે; ખાસ કરીને ઘરથી બહાર નીકળતા સમયે અને એવા સમયે જ્યારે કે પુરુષોની નજર તેના ઉપર પડતી હોય; કેમ કે આ ફિત્નાનું કારણ છે, અને સ્ત્રીઓને એ વાતથી મનાઈ કરવામાં આવી છે કે કપડાંની નીચે છુપાયેલા ઘરેણાના અવાજને પુરુષોને સંભળાવવામાં આવે. તેથી ઈરશાદે રબ્બાની છે –

''અને આ રીતે જોર-જોરથી પગ મારીને ન ચાલો કે તેનાથી છુપાયેલ શણગાર જાહેર થઈ જાય.'' (સૂરઃ નૂર, ૩૧)

આમ, પ્રગટ થઈ જાય એવા ઘરેણા વિશે વધારે મનાઈ હશે.

—◦★◦—

# ઋતુસ્રાવ, અજુગતા રક્તસ્રાવ અને નિફાસ (પ્રસૂતિ પછીના રક્તસ્રાવ)ના મસાઈલ

## હૈઝ (ઋતુસ્રાવ કે માસિક-ધર્મ) અને તેના મસાઈલ :

**હૈઝ (માસિક-ધર્મ) :** શબ્દકોષમાં 'સીલાન' (વહેવા)ને હૈઝ કહે છે. શરીઅતની પરિભાષામાં 'હૈઝ' (ઋતુસ્રાવ કે માસિક-ધર્મ) એ લોહીને કહે છે, જે સ્ત્રીના ગર્ભાશયની અંદરથી નિર્ધારિત સમયે કોઈ બીમારી કે ઈજા વગર નીકળે છે. આ વસ્તુને અલ્લાહ-ત્આલાએ તમામ મહિલાઓનું ભાગ્ય બનાવી દીધું છે. તેને માતાના ગર્ભાશયમાં પેદા કરીને ગર્ભ દરમ્યાન બાળક માટે ખોરાકનો પ્રબંધ કર્યો છે. પછી આ જ લોહી જન્મ પછી દૂધના સ્વરૂપે તબદીલ થઈ જાય છે, જ્યારે સ્ત્રી ગર્ભાવસ્થામાં નથી હોતી અથવા બાળકને દૂધ પીવડાવનાર નથી હોતી, તો આ લોહીનો કોઈ ઉપયોગ બાકી નથી રહેતો. તેથી નિર્ધારિત સમયોમાં બહાર નીકળી જાય છે, આને જ માસિક-ધર્મ કહેવામાં આવે છે.

**<u>કઈ ઉંમરમાં માસિક-ધર્મ શરૂ થાય છે ?</u>**

સામાન્ય રીતે સૌથી ઓછી ઉંમર જેમાં સ્ત્રીને લોહી આવવાનું શરૂ થાય છે તે નવ (૯) વર્ષ છે અને પચાસ વર્ષની ઉંમર સુધી બાકી રહે છે. અલ્લાહત્આલાનો ઈરશાદ છે –

''તમારી સ્ત્રીઓમાંથી જે સ્ત્રીઓ હૈઝ (માસિક-ધર્મ)થી નાઉમ્મીદ થઈ ગઈ હોય, જો તમને સંદેહ હોય તો તેમની ઈદ્દત ત્રણ મહિના છે અને તેમની પણ જેમને માસિક-ધર્મ શરૂ જ થયું ન હોય.'' (સૂરઃ તલાક, ૪)

આમ, 'યાઈસા' સ્ત્રી એ છે, જે પચાસ વર્ષની ઉંમરે પહોંચી ચૂકી છે, અને જેમને હજુ માસિક-ધર્મ આવવાની શરૂઆત નથી થઈ તે નવ વર્ષથી ઓછી ઉંમરની નાની બાળકીઓ છે.

## <u>માસિક-ધર્મના મસાઈલ :</u>

**(૧) માસિક-ધર્મની હાલતમાં સ્ત્રીની યોનિમાર્ગમાં જાતીય સંભોગ કે મૈથુન હરામ છે.**

દલીલ અલ્લાહત્આલાનું આ ફરમાન છે –

''તમને માસિક-ધર્મ વિશે પ્રશ્ન પૂછે છે. કહી દો કે તે ગંદકી છે, તેથી માસિક-ધર્મની હાલતમાં સ્ત્રીઓથી અલગ રહો, અને જ્યાં સુધી તે પાક (શુદ્ધ, પવિત્ર) ન થઈ જાય, તેમના નજીક ન જાઓ. અલબત્ત, જ્યારે તે પાકી હાંસલ કરી લે, તો

તેમના પાસે જાઓ, જ્યાંથી અલ્લાહત્આલાએ તમને પરવાનગી આપી છે. અલ્લાહ તૌબા કરવાવાળાઓને અને પાક રહેવાવાળાઓને પસંદ કરે છે."

(સૂર: બકરહ, ૨૨૨)

રજસ્વલા (માસિક-ધર્મવાળી સ્ત્રી)થી સંભોગની મનાઈ એ સમય સુધી બાકી રહે છે, જ્યાં સુધી લોહી આવવાનું બંધ ન થઈ જાય અને સ્ત્રી ગુસ્લ (પાકી) ન કરી લે. ફરમાને-ઈલાહી છે – "તમે માસિક-ધર્મવાળી સ્ત્રીની નજીક ન જાઓ, જ્યાં સુધી તે પાક ન થઈ જાય. અલબત્ત, જ્યારે તે પાક થઈ જાય, તો તેમના પાસે જાઓ, જ્યાંથી અલ્લાહત્આલાએ તમને પરવાનગી આપી છે." માસિક-ધર્મવાળી સ્ત્રીથી તેનો પતિ યોનિમાર્ગમાં સંભોગ કે મૈથુન સિવાય દરેક જાયઝ રીતે નિકટતા હાસલ કરી શકે છે અથવા તેનાથી આનંદ ઉઠાવી શકે છે, અર્થાત્ પતિ-પત્નીના સંબંધો સ્થાપી શકે છે. દલીલ સહીહ મુસ્લિમની રિવાયત છે, જેમાં રસૂલુલ્લાહ ﷺ ફરમાવે છે – " સંભોગ સિવાયના દરેક કામ કરો."

**(૨) રજસ્વલા સ્ત્રી માસિક-ધર્મની મુદ્દતમાં નમાઝ નહીં પઢે અને રોઝા નહીં રાખે.**

તેના પર (આ હાલતમાં) રોઝા અને નમાઝ બંને હરામ છે. તેની અદાયગી માસિક-ધર્મની હાલતમાં ઉચિત નથી. અલ્લાહના રસૂલ ﷺ નો ઈરશાદ છે –

શું એવું નથી કે જ્યારે સ્ત્રી માસિક-ધર્મની હાલતમાં હોય છે, તો ન નમાઝ પઢે છે અને ન રોઝા રાખે છે.

માસિક-ધર્મથી પાક-સાફ થઈ ગયા પછી સ્ત્રી રોઝાની કઝા કરશે અને નમાઝ કઝા નહીં કરે. હઝરત આઈશા رضي الله عنها ફરમાવે છે –

"રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં અમે જ્યારે માસિક-ધર્મની હાલતમાં હોતા હતા, તો અમને રોઝાની કઝા કરવાનો હુકમ આપવામાં આવતો, નમાઝની કઝા કરવાનો હુકમ અમને આપવામાં આવતો નહોતો."

નમાઝ, રોઝામાં ફરકનું કારણ - વલ્લાહ આ'લમ - એ હોઈ શકે છે કે નમાઝ એવો અમલ છે કે જેનું પુનરાવર્તન કરવું પડે છે (અથવા થોડા-થોડા સમયના અંતરે પઢવી પડતી હોય છે), તેથી તકલીફ અને પરેશાનીના કારણે તેની કઝાનો હુકમ આપવામાં આવ્યો નથી. રોઝાનો મામલો તેનાથી ઊલ્ટો છે (અર્થાત્ વર્ષમાં ફક્ત એક વાર તેનો સમય આવે છે.)

**(૩) માસિક-ધર્મની હાલતમાં સ્ત્રીનું કુર્આને-કરીમને વચ્ચે ઓટ વિના અડવું (કે પકડવું) હરામ છે.**

દલીલ અલ્લાહત્આલાનું આ કથન છે :

''તેને માત્ર પાક લોકો જ સ્પર્શી શકે છે.'' (સૂરઃ વાકિઆ, ૭૯)

હઝરત ઉમર બિન હઝમ ﷺ ને રસૂલ અકરમ ﷺ એ જે પત્ર લખ્યો હતો, તેમાં એ પણ હતું : ''પત્રને માત્ર પાક-સાફ વ્યક્તિ જ સ્પર્શી શકે છે.''
(નિસાઈ વગેરે)

આ હદીસને તમામ લોકોએ સર્વસંમતિથી સ્વીકારી લીધી છે (અર્થાત્ તમામ લોકોએ આની પ્રમાણિતતાનો સ્વીકાર કર્યો છે), તેથી આ હદીસ 'મુતવાતિર'[1]ની જેમ છે.

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ ફરમાવે છે :

'અઈમ્મએ અરબાનો મઝહબ છે કે કુર્આને-કરીમને ફક્ત પાક-સાફ વ્યક્તિ જ સ્પર્શી શકે છે. પત્રને અડ્યા વગર માસિક-ધર્મવાળી સ્ત્રીનું કુર્આને-કરીમ પઢવા વિશે આલિમોમાં મતભેદ છે. વધારે સાવધાની એમાં છે કે ફક્ત જરૂરતના સમયે આવું કરી શકે છે; જેમ કે ભૂલી જવાનું જોખમ હોય, વલ્લાહ- આ'લમ (અર્થાત્ આ પ્રકારની સ્થિતિમાં કુર્આનને અડ્યા વગર પઢી શકે છે.)

**(૪) માસિક-ધર્મની હાલતમાં ખાનએ-કા'બાનો તવાફ પણ હરામ છે,**

કેમ કે રસૂલ અકરમ ﷺ એ હઝરત આઈશા ﷺ થી, જ્યારે તેમને માસિક આવી ગયું હતું, ફરમાવ્યું હતું :

''હજ્જના તમામ અરકાન અદા કરો, સિવાય તવાફના, ત્યાં સુધી કે પાક-સાફ ન થઈ જાઓ.''

**(૫) માસિક-ધર્મવાળી સ્ત્રીનું મસ્જિદમાં રોકાવું હરામ છે.**

દલીલ ઈમામ અબૂ દાઉદ ﷺ ની રિવાયત કરેલ હદીસ છે, જેમાં નબી કરીમ ﷺ એ ફરમાવ્યું છે –

''માસિક-ધર્મવાળી સ્ત્રી અને જમ્બી માટે હું મસ્જિદને જાયઝ નથી કરતો.'' (જમ્બી : ફેફસાના એક પ્રકારના ખતરનાક વાઈરલ રોગવાળી વ્યક્તિ. અનુ.)

ઈમામ ઈબ્ને માજહ રહ.ની રિવાયત કરેલ હદીસમાં છે :

''માસિક-ધર્મવાળી સ્ત્રી અને જમ્બી માટે મસ્જિદ હલાલ (વૈધ) નથી.''

અલબત્ત, રોકાયા વગર મસ્જિદથી પસાર થઈ જવું તેના માટે જાયઝ છે. દલીલ હઝરત આઈશા ﷺ ની હદીસ છે, જેમાં રસૂલ અકરમ ﷺ તેમનાથી ચટાઈ માગતાં ફરમાવે છે : ''મસ્જિદમાંથી મને ચટાઈ આપી દો.'' હઝરત

૧. 'મુતવાતિર' : જેના રિવાયતકર્તાઓ દરેક જમાનામાં એટલી મોટી સંખ્યામાં રહ્યા હોય કે તેમના ખોટા કે જૂઠા હોવા અંગે સર્વસંમત થવું સ્વાભાવિક જ અસંભવ હોય. (ગુજરાતી અનુ.)

આઈશા ﷺ કહે છે, ‘‘હું રજસ્વલા છું.’’ આપ ﷺ એ ફરમાવ્યું : ‘‘તમારું માસિક તમારા હાથમાં નથી.’’ મન્તકી (૧/૧૪૦) માં આ હદીસને ઈમામ બુખારી ઉપરાંત સિહાહ સિત્તાહના તમામ સંપાદકો તરફ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે.

‘તહલીલ’ (લા-ઈલાહ ઈલ્લલ્લાહ) અને ‘તકબીર’ (અલ્લાહ અકબર) તસ્બીહ (સુબ્હાનલ્લાહ) કહેવા, ઉપરાંત અન્ય શરઈ ઝિક્ર-અઝકાર અને દુઆઓના પઢવામાં કોઈ વાંધો નથી. એ જ રીતે સવાર-સાંજ સૂતા અને જાગતા શરઈ વિર્દ અને વઝાઈફ પઢવામાં, ઉપરાંત તફસીર, ફિક્હ, હદીસ વગેરેથી સંબંધિત ઈલ્મી પુસ્તકો વાંચવામાં પણ કોઈ વાંધો અને ગુનો નથી.

- **પહેલો ફાયદો : માસિક-ધર્મવાળી સ્ત્રીથી બહાર નીકળતા સુફરહ અથવા કદુરહ (પીળા કે માટી જેવા રંગનું પ્રવાહી) અંગેનો હુકમ :**

સફરહ : પરૂના જેવું એક પ્રકારનું પ્રવાહી, જેના પર પડ જામેલ હોય છે.

કદુરહ : માટી જેવા રંગના ગંદા પાણી જેવું પ્રવાહી.

જો માસિક-ધર્મની મુદતમાં આ બંને પ્રવાહી સ્ત્રીના અંદરથી બહાર નીકળતા હોય, તો તેને માસિક-ધર્મ જ સમજવામાં આવશે. તેના પર માસિક-ધર્મના તમામ આદેશો લાગુ થશે. જો માસિક-ધર્મની મુદત સિવાય અન્ય દિવસોમાં આ બંને પ્રવાહી નીકળતા હોય તો સ્ત્રી તેને કંઈ નહીં સમજે, બલ્કે પોતાને પાક-સાફ જ સમજશે. દલીલ હઝરત ઉમ્મે અતિય્યા ﷺ ની હદીસ છે, જેમાં તે ફરમાવે છે –

‘‘ અમે લોકો પાકી પછી પીળા કે માટી જેવા રંગના પ્રવાહીઓને કંઈ નહોતા સમજતા.’’

આ હદીસને ઈમામ અબૂ દાઉદ ﷺ એ રિવાયત કરી છે, ઈમામ બુખારી ﷺ એ પણ આ હદીસને રિવાયત કરી છે, પરંતુ તેમના ત્યાં بعد الطهر નો શબ્દ નથી.

હદીસવેત્તાની દૃષ્ટિએ આ હદીસને મર્ફૂઅ[૧] હદીસનો હુકમ હાંસલ છે, કેમ કે તેને રસૂલુલ્લાહ ﷺ ની હદીસ તકરીરી[૨] નો દરજ્જો હાંસલ છે. ઉલ્લેખિત હદીસનો આ જ હુકમ નીકળ્યો કે પીળું કે માટી જેવા રંગનું પ્રવાહી તહારત (પાકી) પહેલા માસિક-ધર્મ સમજવામાં આવશે. આના પર માસિક-ધર્મના હુકમો લાગુ થશે.

---

૧. ‘મર્ફૂઅ’ : જે હદીસનો સંબંધ રસૂલુલ્લાહ ﷺ સુધી પહોંચતો હોય.

૨. ‘તકરીરી’ : આમાં રિવાયતકર્તા વર્ણવે છે કે મેં ફલાણુ કામ આપ ﷺ ની મોજૂદગીમાં કર્યું અથવા ફલાણા વ્યક્તિએ આ રીતે ફલાણુ કામ કર્યું અને આપ ﷺ એ તેના પર કોઈ વાંધો ન લીધો. (ગુજરાતી અનુ.) રસૂલ અકરમ ﷺ ની હાજરીમાં કોઈ સહાબીએ કોઈ કાર્ય કર્યું હોય અને આપ ﷺ એ તેના પર મૌન ધારણ કર્યું હોય તેને શરઈ હુજ્જત (દલીલ)ની હેસિયત પ્રાપ્ત છે. (અનુ.)

- **બીજો ફાયદો : સ્ત્રીને કેવી રીતે માસિક-ધર્મ પૂરો થયો છે તેની ખબર પડશે ?**

માસિક-ધર્મ પૂરો થવાની ખબર લોહી બંધ થયાથી પડી શકશે. તેની બેમાંથી કોઈ એક નિશાની હશે.

પહેલી નિશાની : સફેદ પાણીનું નીકળવું.

માસિક-ધર્મ પછી ચૂના જેવું સફેદ પાણી નીકળે છે. સફેદ સિવાય ક્યારેક બીજા રંગનું પણ નીકળે છે. સ્ત્રીઓની જુદી-જુદી પરિસ્થિતિને લઈને પાણી પણ જુદા-જુદા રંગનું હોય છે.

બીજી નિશાની : સૂકાપણું. શર્મગાહ (યોનિમાર્ગ)માં કપડાનો ટુકડો અથવા રૂ નાખીને કાઢવામાં આવે તો કપડાનો ટુકડો કે રૂ બિલકુલ સૂકો નીકળે. તેના પર ન લોહીની કોઈ અસર હોય અને ન પીળા કે માટી જેવા રંગના પ્રવાહીની.

- **માસિક-ધર્મનું લોહી બંધ થયા પછી સ્ત્રી શું કરે ?**

લોહી બંધ થયા પછી સ્ત્રી પર ગુસ્લ (સ્નાન) ફરજિયાત છે. તેથી તહારત (પાકી)ની નિયતથી પોતાના સંપૂર્ણ શરીર પર પાણી વહાવે, કેમ કે રસૂલ અકરમ ﷺ નો ઈરશાદ છે :

''જ્યારે તમને માસિક આવી જાય, તો નમાઝ છોડી દો, અને જ્યારે બંધ થઈ જાય તો ગુસ્લ કરો અને નમાઝ પઢો.''

## ગુસ્લની રીત

હદસ (નાપાકી) દૂર કરવાની અથવા નમાઝ વગેરે માટે તહારત (પાકી) હાંસલ કરવાની નિયત કરો, પછી 'બિસ્મિલ્લાહ..' કહીને પોતાના આખા શરીર પર પાણી વહાવો, વાળના મૂળ સુધી પાણીથી પલાળો, જો વાળની ચોટીઓ બાંધેલી હોય તો તેને ખોલવી જરૂરી નથી. બસ, તેને પાણીથી પૂરેપૂરી રીતે પલાળી લો. જો પાણીની સાથે બોરડીના પત્તા અથવા પાકી હાંસલ કરવાની કોઈ વસ્તુનો ઉપયોગ કરો તો વધારે સારું છે. ગુસ્લ કરી લીધા પછી શર્મગાહની અંદર ખુશ્બૂમાં પલાળેલ રૂનું મૂકવું મુસ્તહબ છે, કેમ કે રસૂલ અકરમ ﷺ એ હઝરત અસ્મા رضي الله عنها ને આનો હુકમ આપ્યો હતો, જેમ કે ઈમામ મુસ્લિમ رحمه الله એ રિવાયત કરેલ છે.

**મહત્ત્વની સાવધાની :**

માસિક-ધર્મ કે નિફાસ (પ્રસૂતિ પછી રક્તસ્રાવ)વાળી સ્ત્રીનું લોહી જો સૂર્ય ડૂબતાં પહેલા બંધ થઈ જાય અને સ્ત્રી માસિક-ધર્મ કે નિફાસથી પાક થઈ જાય, તો તે દિવસની ઝુહ્ર અને અસ્ર બંને નમાઝોનું અદા કરવું તેના પર ફરજિયાત હશે, અને ફજ્ર ઊગ્યા પહેલા પાકી હાંસલ કરી લે છે, તો એ રાતની મગરિબ અને ઈશા બંને

નમાઝોનું અદા કરવું જરૂરી હશે, કેમ કે ઉઝ્ર (શરઈ કારણ)ની હાલતમાં બીજી નમાઝનો સમય પહેલી નમાઝના સમયને પણ સમાવી લે છે.

શૈખુલ ઈસ્લામ ઇબ્ને તીમિયા ﷺ પોતાના ફતાવા (૨૨/૪૩૪)માં લખે છે, ''આ જ કારણસર જમ્હૂર ઉલ્મા જેમ કે ઈમામ માલિક, ઈમામ શાફઈ અને ઈમામ અહમદ ﷺ નો એ મઝહબ છે કે માસિક-ધર્મવાળી સ્ત્રી જો દિવસના આખરી હિસ્સામાં પાક થઈ જાય છે તો ઝુહ્ર અને અસ્ર બંને નમાઝો અદા કરશે, અને જો રાતના આખરી હિસ્સામાં પાક થઈ જાય છે તો મગરિબ અને ઇશા બંને નમાઝો અદા કરશે. આ જ કથન હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ﷺ, હઝરત અબૂ હુરૈરહ ﷺ અને હઝરત ઈબ્ને અબ્બાસ ﷺ નું પણ છે; એટલા માટે કે ઉઝ્રની હાલતમાં સમય બે નમાઝો દરમ્યાન એકસરખો હોય છે, તેથી જો દિવસના આખરી હિસ્સામાં પાક થાય છે તો ઝુહ્રનો સમય હજુ બાકી છે, તેથી અસ્રની નમાઝથી પહેલાં ઝુહ્રની નમાઝ અદા કરવામાં આવશે, અને જો રાતના આખરી હિસ્સામાં પાક થાય છે તો ઉઝ્રની હાલતમાં મગરિબનો સમય બાકી છે, તેથી ઈશાની નમાઝથી પહેલા મગરિબની નમાઝ અદા કરવાની રહેશે.''

જો કોઈ નમાઝનો સમય શરૂ થઈ ગયો અને એ નમાઝ અદા કરતાં પહેલાં સ્ત્રીને માસિક-ધર્મ કે નિફાસ આવી જાય તો વધારે બહેતર કથનાનુસાર એ નમાઝની કઝા તેના પર ફરજિયાત નથી, જેના શરૂના સમયને તેણે પામી લીધો હતો, અને આ નમાઝ અદા કરતાં પહેલા જ તે માસિક-ધર્મ કે નિફાસમાં આવી ગઈ હતી. શૈખુલ ઈસ્લામ ઇબ્ને તીમિયા રહ. મજમૂઅ અલ-ફતાવા (૨૩/૩૩૫)માં આ સંદર્ભે લખે છે :

''દલીલોને જોતાં સૌથી વધારે મજબૂત મઝહબ ઈમામ અબૂ હનીફા અને ઈમામ માલિક ﷺ નો છે; અર્થાત્ સ્ત્રી પર કંઈ પણ ફરજિયાત નથી, કેમ કે કઝાની અનિવાર્યતા એક નવા હુકમથી સાબિત હશે, અને અહીં કોઈ એવો હુકમ નથી, જે સ્ત્રી પર કઝાને ફરજિયાત ઠેરવતો હોય, અને સ્ત્રીએ જાયઝ હદ સુધી વિલંબ કર્યો છે, તેથી (આ વિલંબના કારણે) એ સ્ત્રી પર સુસ્તી અને આળસનો આરોપ મૂકી શકાય નહીં. સૂઈ જવા અને ભૂલી જનાર વ્યક્તિને પણ જો કે સુસ્ત અને આળસુ ઠેરવી શકાતો નથી, પરંતુ યાદ આવી ગયા કે જાગી ગયા પછી જે નમાઝને તે અદા કરશે, તેની એ નમાઝ કઝા ગણવામાં આવશે નહીં, બલ્કે તેના માટે નમાઝનો સમય એ જ છે.''

## 'ઇસ્તિહાઝા' (વધુ પડતા કે અજુગતા રક્તસ્ત્રાવ) અને તેના મસાઈલ :

નિર્ધારિત સમય ઉપરાંત અન્ય દિવસોમાં ગર્ભાશયની નળીમાંથી લોહીનું ખૂબ માત્રામાં લોહી નીકળવાને 'ઇસ્તિહાઝા' (વધુ પડતા કે અજુગતો ઋતુસ્ત્રાવ, Chronic

Dischrge, Unde Menses) કહે છે. 'ઈસ્તિહાઝા'માં ગ્રસ્ત સ્ત્રીનો મામલો થોડોક જટિલ છે, કેમ કે માસિક-ધર્મ અને ઈસ્તિહાઝામાં મોટાભાગે સમાનતા જોવા મળે છે.

જો સ્ત્રીને વારંવાર અથવા મોટાભાગના સમયમાં લોહી નીકળે છે, તો કયા લોહીને તે માસિક-ધર્મનું માનશે અને કયાને ઈસ્તિહાઝા માનીને નમાઝ, રોઝા છોડી નહીં દે ? એટલા માટે કે ઈસ્તિહાઝાવાળી સ્ત્રીને તાહિરા (પાક) સ્ત્રીનો હુકમ લાગુ થાય છે. આની સમજણ મેળવવા માટે એ જાણવું જરૂરી છે કે મુસ્તહાઝા (ઈસ્તિહાઝાવાળી સ્ત્રી)ની ત્રણ હાલત હોય છે :

**પહેલી હાલત :** ઈસ્તિહાઝામાં ગ્રસ્ત થતાં પહેલાં સ્ત્રી પોતાના માસિકની મુદતથી સારી રીતે વાકેફ હતી કે ઈસ્તિહાઝાથી પહેલા મોટાભાગે મહિનાની શરૂઆતમાં કે વચ્ચે પાંચ દિવસ કે આઠ દિવસ, ઉદાહરણ તરીકે, તેને માસિક આવ્યું હતું. તેથી તેને પોતાના માસિક-ધર્મના દિવસોની સંખ્યા અને સમય બંને ખબર હતી. આ રીતે સ્ત્રી પોતાની આદત અનુસાર (આ જ દિવસો અને સમયોમાં) પોતાને માસિક-ધર્મવાળી સમજશે. (આ જ દિવસો અને સમયોમાં) તે નમાઝ અને રોઝા છોડી દેશે. તેના પર માસિક-ધર્મના તમામ હુકમો લાગુ થશે. આ દિવસોને પૂરા કર્યા પછી ગુસ્લ કરશે અને ગુસ્લ કરીને નમાઝ શરૂ કરી દેશે. બાકીના લોહીને ઈસ્તિહાઝાનું લોહી સમજવામાં આવશે, કેમ કે રસૂલ અકરમ ﷺ એ હઝરત ઉમ્મે હબીબા ﵂ ને કહ્યું હતું –

''એટલા દિવસ તમે રોકાઈ જાઓ, જેટલા દિવસ તમારો માસિક-ધર્મ તમને રોકી રાખે, પછી ગુસ્લ કરીને નમાઝ અદા કરો.'' (મુસ્લિમ)

અને, આપ ﷺ હઝરત ફાતિમા બિન્તે અબી હૈશ ﵂ ને ફરમાવ્યું હતું –

''આ એક નસ છે, ઋતુસ્રાવ નથી, જ્યારે તમને માસિક આવી જાય તો નમાઝ છોડી દો.''

**બીજી હાલત :** જો સ્ત્રીને પોતાના માસિકના દિવસોની ખબર રહી ન હોય, પરંતુ તેના લોહીમાં અલગ લક્ષણો જોવા મળતા હોય, અમુક લોહીમાં ઋતુસ્રાવના લક્ષણો જોવા મળતા હોય, જેમ કે કાળા રંગનું કે ઘાટા રંગનું કે દુર્ગંધવાળું, અને બીજા લોહીમાં માસિકના લક્ષણો જોવા ન મળતા હોય, આ પ્રકારની સ્થિતિમાં જે લોહીની અંદર ઋતુસ્રાવના લક્ષણો જોવા મળે તેને ઋતુસ્રાવ સમજવામાં આવશે, તેથી સ્ત્રી આ મુદ્દતમાં પોતાને રજસ્વલા માનીને નમાઝ અને રોઝા છોડી દેશે. તેના સિવાય બાકી લોહીને ઈસ્તિહાઝાનું લોહી સમજવામાં આવશે. જે લોહીમાં ઋતુસ્રાવના લક્ષણો જોવા મળશે તેના બંધ થયા પછી પાકીનું ગુસ્લ કરીને સ્ત્રી નમાઝ અને રોઝા શરૂ કરી દેશે, અને પોતાને પાક-સાફ સમજશે. રસૂલ અકરમ ﷺ એ હઝરત ફાતિમા બિન્તે અબી હૈશ ﵂ ને ફરમાવ્યું હતું –

"જો ઋતુસ્રાવનું લોહી હશે તો તે કાળું લાગશે, તેથી તમે એ લોહીમાં નમાઝથી રોકાઈ જાઓ, અને તેનાથી ઊલ્ટું, બીજા પ્રકારનું હોય તો તમે વુઝૂ કરીને નમાઝ પઢો."

(આ હદીસને ઈમામ અબૂ દાઉદ અને ઈમામ નિસાઈ ﷺ એ રિવાયત કરી છે. ઈમામ ઈબ્ને હબ્બાન અને ઈમામ હાકિમે આને સહીહ ઠેરવેલ છે.) આ હદીસથી ખ્યાલ આવે છે કે ઈસ્તિહાઝાવાળી સ્ત્રી લોહીના લક્ષણોને આધાર માનીને ઋતુસ્રાવ ની સ્થિતિ અને ઋતુસ્રાવ વગરની સ્થિતિ દરમ્યાન ફરક કરવામાં આવશે.

**ત્રીજી હાલત :** એ છે કે સ્ત્રીને પોતાના માસિકના દિવસોની ખબર જ ન હોય, અર્થાત પહેલાથી તેને તેની આદત જ ન હોય, અને લોહીમાં પણ કોઈ એવું લક્ષણ જોવા ન મળે, જેનાથી ઋતુસ્રાવની સ્થિતિ અને ઋતુસ્રાવ વગરની સ્થિતિ દરમ્યાન ફરક કરી શકતી હોય, તો તે ઋતુસ્રાવની મોટાભાગની મુદ્દત દર મહિનાના છ કે સાત દિવસ માસિકની ગણશે, કેમ કે મોટભાગની સ્ત્રીની આદત હોય છે. આપ ﷺ એ હઝરત હમ્ના બિન્તે જહશ ﷺ ને ફરમાવ્યું હતું –

"આ શૈતાન તરફથી એક ધોકો હોય છે, તેથી છ કે સાત દિવસ ઋતુસ્રાવના છે, તો ૨૪ કે ૨૩ દિવસ નમાઝ પઢો, રોઝા રાખો અને નવાફિલ પઢો (અર્થાત્ પોતાને પાક સમજો). નિઃશંક આ જ તમારા પૂરતું છે. આવું જ (દર મહિને) તમે કરો, જે રીતે સામાન્ય સ્ત્રીઓ ઋતુસ્રાવમાં હોય છે. (આ હદીસને પાંચ ઈમામો, એટલે કે ઈમામ અહમદ, અબૂ દાઉદ, તિરમિઝી, ઈબ્ને માજહ અને નિસાઈ ﷺ એ રિવાયત કરી છે, અને ઈમામ તિરમિઝીએ તેને સહીહ કહી છે.)

ઉપરોક્ત ચર્ચાનો સાર એ છે કે આદતવાળી સ્ત્રી પોતાના મામલામાં પોતાની આદત અનુસાર વર્તશે. (અર્થાત્ પોતાની અગાઉની આદત મુજબ ઋતુસ્રાવની સ્થિતિ કે ઋતુસ્રાવ વગરની સ્થિતિમાં ફરક કરશે.) ફરક કરવાની ક્ષમતા ધરાવતી સ્ત્રી ઋતુસ્રાવ અને ઈસ્તિહાઝામાં ફરક અને ભેદ પર વિશ્વાસ કરીને અમલ કરશે, અને એવી સ્ત્રી જે ન તો તેને આદત હોય અને ફરક કે ભેદ કરવાની ક્ષમતા હોય, તે છ કે સાત દિવસ (દર મહિને) ઋતુસ્રાવ ગણશે. આમ, મુસ્તહાઝા સ્ત્રી વિશે નબી કરીમ ﷺ એ કહેલ ત્રણેય પ્રકારની હદીસોમાં સુસંગતતા થઈ જાય છે.

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ લખે છે –

"ઈસ્તિહાઝાની જે નિશાનીઓ વર્ણવવામાં આવે છે, તે છ છે : કાં તો આદત હશે, અને આ જ સૌથી મજબૂત નિશાની છે, કેમ કે વાસ્તવમાં ઋતુસ્રાવનું થવું છે, ન કે કોઈ બીજી વસ્તુનું; અથવા ફરક કરવાની ક્ષમતા હશે, કેમ કે લાલ લોહીની સરખામણીમાં કાળા ઘાટા દુર્ગંધ મારતા લોહીના ઋતુસ્રાવ હોવાની વધારે સંભાવના છે, અથવા સ્ત્રીઓની જે સામાન્ય આદત હોય છે તેનો વિશ્વાસ કરવામાં આવશે, કેમ કે

અસલ એ છે કે કોઈ એકલી વ્યક્તિને બહુધા કે સંભાવનાની સાથે સામેલ કરવામાં આવે, આ ત્રણેય નિશાનીઓ એવી છે, જેનો હદીસો અને અનુમાન અને અનુભવોથી જાણવા મળે છે.''

આ પછી લેખક ﷺ એ બાકી ત્રણ નિશાનીઓનું વર્ણન કરેલ છે અને અંતે લખે છે :

''આ સંદર્ભમાં સૌથી સાચું કથન એ જ છે કે આ જ નિશાનીઓનો વિશ્વાસ કરવામાં આવે, જે હદીસોમાં કહેવામાં આવેલ છે. તેના સિવાય અન્ય નિશાનીઓને અસંગત ગણવામાં આવશે.''

- **મુસ્તહાઝા (વધુ પડતા કે અજુગતા રક્તસ્રાવવાળી) સ્ત્રીને તાહિર (પાક) માનવાની સ્થિતિમાં શું કરવું પડશે ?**

૧. ઉપરોક્ત વિગત અનુસાર વિશ્વાસ કરવામાં આવેલ ઋતુસ્રાવની સમાપ્તિ પર સ્ત્રી પર ગુસ્લ (પાકી) વાજિબ હશે.

૨. નીકળતા લોહીની સફાઈ માટે દરેક નમાઝના સમયે શર્મગાહને ધોશે અને તે જગ્યાએ રૂ વગેરે મૂકીને વહેતા લોહીને રોકશે, અને રૂને પડી જવાથી બચાવવા માટે કોઈ વસ્તુ (લંગોટ વગેરે) બાંધશે, પછી નમાઝના સમયે વુઝૂ કરશે, કેમ કે મુસ્તહાઝા સ્ત્રી વિશે રસૂલ અકરમ ﷺ એ ફરમાવ્યું છે –

''ઋતુસ્રાવ (માસિક-ધર્મ) ના દિવસોમાં નમાઝ છોડી દેશે, પછી ગુસ્લ કરશે અને દરેક નમાઝના સમયે વુઝૂ કરશે.''

(આ હદીસને અબૂ દાઉદ, ઈબ્ને માજહ અને તિરમિઝી ﷺ એ રિવાયત કરેલ છે, તિરમિઝીએ આને 'હસન' કહી છે.)

વધુમાં, આપ ﷺ ફરમાવ્યું – ''કરસફ રાખવાની રીત તમને બતાવું છું - આના દ્વારા એ જગ્યાને ભરી દો.''

કરસફ : રૂને કહે છે, અને આજના જમાનામાં જોવા મળતી મેડિકેટેડ કેર-ફ્રીનો ઉપયોગ પણ કરી શકાય છે.

## નિફાસ (પ્રસૂતી પછીનો રક્તસ્રાવ) અને તેના મસાઈલ :

નિફાસ - એ લોહીને કહે છે, જે માતાના ગર્ભાશયમાંથી પ્રસૂતિ વખતે અને પ્રસૂતિ પછી નીકળે છે. વાસ્તવમાં તે ગર્ભ વખતે ગર્ભાશયમાં રોકાઈ ગયેલ લોહીનો બચી ગયેલ હિસ્સો હોય છે. પ્રસૂતિ પછી ધીમે-ધીમે આ બચી ગયેલ લોહી નીકળતું રહે છે. પ્રસૂતિ પહેલા જે લોહી પ્રસૂતિની નિશાનીની સાથે જોવા મળે છે, તે 'નિફાસ'નું જ લોહી હોય છે. ફુકહાએ-કિરામે પ્રસૂતિથી પહેલા બે કે ત્રણ દિવસની કેદ લગાવી છે.

સામાન્ય રીતે નિફાસની શરૂઆત પ્રસૂતિની સાથે થાય છે, અને (પ્રસૂતિના સંદર્ભમાં) આ જ પ્રસૂતિનો વિશ્વાસ કરવામાં આવશે, જેમાં માનવીનો આકાર ચોખ્ખો દેખાઈ જાય છે. ઓછામાં ઓછી મુદત, જેમાં માનવીનો આકાર સ્પષ્ટ થઈ જાય છે તે ૮૧ દિવસ અને વધારેમાં વધારે મુદત ત્રણ મહિના છે. જો આ મુદતથી પહેલા કોઈ વસ્તુ સ્ત્રીમાંથી નીકળે છે અને તેની સાથે લોહી પણ આવી જાય છે, તો તેના પર કોઈ ધ્યાન આપવામાં આવશે નહીં. આ લોહીના કારણથી તે નમાઝ-રોઝા છોડશે નહીં, કેમ કે આ ખરાબ લોહી છે, તેથી આવી સ્ત્રી માટે હુકમ એ જ હશે, જે એક મુસ્તહાઝા સ્ત્રી માટે હોય છે.

સામાન્ય રીતે નિફાસ શરૂ થવાની મહદઅંશે મુદત પ્રસૂતિ અથવા તેનાથી બે કે ત્રણ દિવસ પહેલા (જેમ કે અગાઉ વર્ણવવામાં આવેલ છે)થી ચાળીસ દિવસ છે. દલીલ હઝરત ઉમ્મે સલમા ﵂ ની હદીસ છે, ફરમાવે છે –

''નિફાસવાળી સ્ત્રી રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં ચાળીસ દિવસ (નિફાસમાં) બેસી રહેતી હતી.'' (તિરમિઝી વગેરે)

ઈમામ તિરમિઝી રહ. વગેરેના વર્ણન અનુસાર આના પર એહલે-ઈલ્મનો 'ઈજમાઅ' (સર્વસંમતિ) છે. જો ચાળીસ દિવસથી પહેલા સ્ત્રી પાક થઈ જાય, એ રીતે કે લોહી આવવાનું બંધ થઈ જાય, તો તે ગુસ્લ (તહારત) કરીને નમાઝ શરૂ કરી દેશે. આનાથી ઓછી મુદતની કોઈ હદ નથી, કેમ કે આ સંદર્ભમાં કોઈ હદ નક્કી કરવામાં આવેલ નથી, અને જો ચાળીસ દિવસ પૂરા થઈ જાય પછી લોહી બંધ ન થાય તો જો આ તેના માસિકની અગાઉની આદત અનુસાર હોય તો તેને ઋતુસ્ત્રાવ માનવામાં આવશે, અને જો માસિકની અગાઉની આદત અનુસાર ન હોય અને લોહીનો સિલસિલો બરાબર ચાલુ રહે તો તેને ઈસ્તહાઝાનું લોહી માનવામાં આવશે. આ લોહીના કારણે ચાળીસ દિવસ પછી ઈબાદત છોડશે નહીં. જો ચાળીસ દિવસથી વધી જાય અને લોહીનો સિલસિલો બરાબર ચાલુ પણ ન રહે અને માસિકની અગાઉની આદત અનુસાર પણ ન હોય તો આ સ્થિતિમાં ઉલ્માનો મતભેદ છે.

**• નિફાસના એહકામ (આદેશો) :**

નિફાસના પણ એ એહકામો છે, જે ઋતુસ્ત્રાવ (કે માસિક-ધર્મ)ના છે. તેને નીચે વર્ણવવામાં આવેલ છે.

૧. નિફાસવાળી સ્ત્રીથી સંભોગ હરામ છે, જે રીતે રજસ્વલા (માસિક-ધર્મવાળી) સ્ત્રીથી હરામ છે. સંભોગ સિવાય દરેક પ્રકારનો આનંદ ઉઠાવવાની છૂટ છે.

૨. નિફાસવાળી સ્ત્રીનું રજસ્વલા સ્ત્રીની જેમ નમાઝ પઢવું, રોઝા રાખવું અને ખાનએ-કા'બાના તવાફ કરવું હરામ છે.

૩. કુર્આને-કરીમને અડવું કે પઢવું હરામ છે. જો ભૂલી જવાની આશંકા હોય તો રજસ્વલા સ્ત્રીની જેમ પાનાને કે ગ્રંથને અડ્યા વગર કુર્આને-કરીમ પઢી શકે છે.

૪. નિફાસના કારણે છૂટી ગયેલ ફર્ઝ રોઝાની કઝા રજસ્વલા સ્ત્રીની જેમ નિફાસવાળી સ્ત્રી પર પણ વાજિબ છે.

૫. નિફાસ સમાપ્ત થતાં ગુસ્લ (પાકી) વાજિબ છે, જે રીતે રજસ્વલા સ્ત્રી પર માસિક-ધર્મ પછી ગુસ્લ (પાકી) વાજિબ છે.

**દલીલો :**

હઝરત ઉમ્મે સલમા رضي الله عنها ફરમાવે છે : ''નિફાસવાળી સ્ત્રી રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં ચાળીસ દિવસ (નિફાસમાં) બેસી રહેતી હતી.'' (મુસ્લિમ, અબૂ દાઉદ, તિરમિઝી, ઈબ્ને માજહ)

શૈખ મુજદ્દીદ ઈબ્ને તીમિયા رحمه الله મન્તકી (૧/૧૮૪)માં લખે છે : ''હું કહું છું - હદીસનો અર્થ છે નિફાસવાળી સ્ત્રીને ચાળીસ (દિવસ) રાત સુધી બેસી રહેવાનો હુકમ આપવામાં આવતો હતો. આ અર્થ એટલા માટે છે કે હદીસ જૂઠી ન હોય, કેમ કે કોઈપણ એક જમાનાની સ્ત્રીઓનો નિફાસ કે માસિકમાં સંમત હોવું અસંભવ છે.''

હઝરત ઉમ્મે સલમા رضي الله عنها ફરમાવે છે : ''અઝવાજ મુત્તહરાત رضي الله عنهن માંથી કોઈ ચાળીસ (દિવસ) રાત સુધી નિફાસમાં બેસતી હતી, નબી કરીમ ﷺ નિફાસની હાલતમાં છૂટી ગયેલ નમાઝોની કઝાનો તેમને હુકમ નહોતા આપતા.'' (અબૂ દાઉદ)

**ફાયદો-૧ :** નિફાસનું લોહી જો ચાળીસ દિવસથી પહેલા બંધ થઈ જાય છે અને સ્ત્રી (પાકીનું) ગુસ્લ કરીને નમાઝ-રોઝા શરૂ કરી દે છે, તે પછી ચાળીસ દિવસ પૂરા થાય તે પહેલા ફરીથી લોહી આવી જાય છે, તો સાચો મસ્લક એ છે કે તેને નિફાસનું જ લોહી સમજવામાં આવશે. દરમ્યાનમાં હાંસલ થતા પાકીના દિવસોમાં તેણે જે રોઝા રાખ્યા હતા, તે સાચા હશે, તેની કઝાની જરૂરત નથી. જૂઓ :–

મજમૂઅ ફતાવા અશ્-શૈખ મુહમ્મદ બિન ઈબ્રાહીમ (૨/૧૦૨)[1], ફતાવા અબ્દુલ અઝીઝ બિન બાઝ મત્બૂઅ : در مجلة الدعوة (૧/૪૪), હાશિયા ઈબ્ને કાસિમ અલી شرح الزاد (૧/૪૦૫), الدماء الطبيعية للنساء (સ્ત્રીઓનું પ્રાકૃતિક લોહી), લે. મુહમ્મદ બિન સાલેહ અલ-ઉસઈમીન (પૃ. ૫૫-૫૬), الفتاوى السعدية (પૃ. ૧૩૭)

**ફાયદો-૨ :** શૈખ અબ્દુર્રહમાન ઈબ્ને સા'અદી رحمه الله ફરમાવે છે : અગાઉથી

૧. આપનું લખાણ આ પ્રમાણે છે : وتقضي الصوم دون الصلاة (અર્થાત્ રોઝાની કઝા કરશે, ન કે નમાઝની). આ સંક્ષિપ્ત લખાણ છે. કઝા કરવામાં આવેલ રોઝાની સ્પષ્ટતા આમાં નથી કે એ રોઝાની વાત છે જે તેણે દરમ્યાનમાં પાકીની હાલતમાં રાખ્યા હતા કે એ રોઝા, જે ફરીથી લોહી આવી ગયા પછી છોડી દીધા હતા; અને સંભવતઃ આ જ રોઝાની વાત છે.

તમામ વિગતથી સ્પષ્ટ થાય છે કે નિફાસનું લોહીની દલીલ જન્મ છે. ઈસ્તિહાઝા (અજુગતા રક્તસ્રાવ) નું લોહી બીમારી વગેરેને કારણે એક હંગામી અને ક્ષણિક છે, અને માસિકનું લોહી જ અસલ લોહી છે. વલ્લાહ આ'લમ.'' (જૂઓ : કિતાબ - ઈરશાદ ઉલૂલ અબ્સાર અલ-અલ્બાબ, પૃ.૨૪)

## માસિક-ધર્મને અટકાવનારી દવાઓનો ઉપયોગ :

માસિક-ધર્મને અટકાવનારી દવાઓના ઉપયોગમાં કોઈ વાંધો નથી, એ શરતે કે સ્વાસ્થ્ય માટે નુકસાનકારક ન હોય. દવાના ઉપયોગ પછી જો માસિક નથી આવતું, તો સ્ત્રી નમાઝ પઢશે, રોઝા રાખશે, તવાફ પણ કરશે. તેના ઈબાદતના તમામ અમલ એ જ પ્રમાણે સાચા અને દુરસ્ત હશે, જે રીતે એક પાક અને શુદ્ધ સ્ત્રીના સાચા અને દુરસ્ત હોય છે.

## ગર્ભપાતનો હુકમ :

અલ્લાહત્આલાના હુકમથી ગર્ભાશયમાં જે ગર્ભ રહી જાય છે, શરઈ દૃષ્ટિએ એક મુસલમાન સ્ત્રી તેની અમાનતદાર અને સંરક્ષક હોય છે. તેથી તેને છુપાવવાની જરૂરત નથી. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈરશાદ ફરમાવે છે –

''તેમના માટે હલાલ નથી કે અલ્લાહે તેમના ગર્ભાશયમાં જે પેદા કરેલ છે, તેને તેઓ છુપાવે, જો તેઓ અલ્લાહત્આલા અને કયામત પર ઈમાન ધરાવે છે.''

(સૂરઃ બકરહ, ૨૨૮)

કોઈપણ રીતથી કે સાધનથી તેને કાઢી નાખવા અથવા તેનાથી મુક્તિ મેળવવા માટે બહાનાબાજીથી કામ ન લો. જો ગર્ભાવસ્થામાં રોઝા તેના માટે તકલીફનું કારણ અથવા નુકસાનકારક સાબિત થઈ રહ્યા હોય તો અલ્લાહત્આલાએ રમઝાનના મહિનામાં તેને ઈફતારની (રોઝા ન રાખવાની) છૂટ અને પરવાનગી આપી છે. વર્તમાન યુગમાં ગર્ભપાતનું જે પ્રચલન થઈ ગયું છે, તે વાસ્તવમાં એક હરામ કામ છે. જો ગર્ભમાં રૂહ (જીવ) આવી ગઈ છે અને ગર્ભપાતના કારણે તેના પ્રાણ ચાલ્યા ગયા, તો તે એક એવી જાનની હત્યા સમાન છે, જેની નાહક હત્યાને અલ્લાહત્આલાએ હરામ ઠેરવી છે. તેના પર ફોજદારી કાનૂન અનુસાર આદેશો લાગુ થશે. ખૂંબહા (હત્યાનો દંડ કે બદલો)ની વિગતના પ્રકાશમાં તેના પર પ્રાણ-દંડ વાજિબ થશે. કેટલાક ઈમામોના કથનાનુસાર કફ્ફારો પણ વાજિબ થશે, અર્થાત્ એક મોમિન ગુલામને આઝાદ કરવો પડશે. જો મોમિન ગુલામ ન મળે તો સતત બે મહિનાના રોઝા રાખવા પડશે.

કેટલાક એહલે-ઈલ્મે આ અમલને મવદ્દત સુગરા (નાના પાયે જીવંત વ્યક્તિને

દાટી દેવું) માન્યું છે. શૈખ મુહમ્મદ બિન ઈબ્રાહીમ ﷺ પોતાના મજમૂઅ ફતાવા (૧૧/૧૫૧)માં લખે છે : ''જ્યાં સુધી ગર્ભનું મૃત્યુ નિશ્ચિત ન થઈ જાય, તેને કાઢી નાખવો જાયઝ નથી. અલબત્ત, જો મૃત્યુ થઈ જાય તો જાયઝ છે.''

સાઉદી અરબના મોટા ઉલ્મા બોર્ડે પોતાના ઈજલાસ (બેઠક) નં. ૧૪૦, તા. ૨૦/૬/૨૦૧૪ હિ.માં નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો હતો :

૧. કોઈપણ તબક્કામાં ગર્ભપાત જાયઝ નથી; અલબત્ત, શરઈ છૂટછાટની પરિસ્થિતિમાં અને તે પણ અત્યંત સીમિત વર્તુળમાં તો ગર્ભપાત જાયઝ છે.

૨. જો ગર્ભ શરૂઆતના તબક્કામાં હોય, એટલે કે ચાળીસ દિવસની અંદર હોય અને આ મુદતમાં ગર્ભપાતનું કારણ સંતાનની તાલીમ અને તરબિયત (શિક્ષણ-પ્રશિક્ષણ, ઘડતર)ની પરેશાની અને તકલીફનો ભય હોય, અથવા તેમનું ભરણ-પોષણ અને શિક્ષા-દીક્ષાના ખર્ચની કમી અને ગરીબીનો ભય હોય અથવા તેમનું ભવિષ્ય ખરાબ થઈ જવાની આશંકા હોય, અથવા પતિ-પત્ની પોતાના હાલના બાળકો પર સંતુષ્ટ હોય તો આ તમામ સ્થિતિઓમાં ગર્ભપાત જાયઝ નથી.

૩. જો ગર્ભ લોહી કે માંસનો લોચો હોય, એ સ્થિતિમાં પણ ગર્ભપાત જાયઝ નથી. અલબત્ત, કોઈ વિશ્વસનીય મેડિકલ કમિટી એ ફેંસલો કરી દે કે ગર્ભનું રાખવું માતાની સલામતી માટે જોખમી બની શકે છે, તો એ રીતે કે ગર્ભને બાકી રાખવામાં તેના મૃત્યુનો ભય હોય, તો જોખમને દૂર કરવા માટે તમામ સાધનો અને રસ્તાઓ અજમાવી લીધા પછી (અને તેમાં નિષ્ફળતા મળતાં) ગર્ભપાત જાયઝ છે.

૪. ત્રીજા તબક્કા પછી, એટલે કે ચાર મહિના પૂરા થઈ ગયા પછી ગર્ભપાત બિલકુલ હરામ છે. અલબત્ત, વિશ્વસનીય સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરોની ટીમ એ નિર્ણય આપી દે કે ભ્રૂણનું માતાના પેટમાં રાખવું તેના મૃત્યુનું કારણ બની શકે છે, તો તેના જીવનને બચાવવા માટે, બધા સાધનો અને રસ્તાઓ અપનાવ્યા પછી (નિષ્ફળતાની સ્થિતિમાં) ગર્ભપાત જાયઝ છે. આ શરતોની સાથે ગર્ભપાત કરાવવાની જે પરવાનગી આપવામાં આવી છે, તે માત્ર બે નુકસાનોમાંથી મોટા નુકસાનને દૂર કરવા અને બે હેતુઓમાંથી એક મોટા હેતુને પ્રાપ્ત કરવા માટે આપવામાં આવી છે. આ ઈજલાસ ઠરાવો પસાર કરતાં અલ્લાહત્આલાના તકવા અને આ મામલામાં પૂરતી સાવધાની અને હકારાત્મકતા અપનાવવાની તાકીદ કરે છે. અલ્લાહત્આલા જ તૌફિક આપવાવાળો છે.

પુસ્તક - الدماء الطبيعية للنساء (સ્ત્રીઓનું પ્રાકૃતિક લોહી) લે. શૈખ મુહમ્મદ ઈબ્ને અલ-ઉસઈમીનમાં ઉલ્લેખ છે : ''ગર્ભપાતથી જો ગર્ભને પાડી નાખવાનો હેતુ છે, તો

આ અમલ રૂહ ફૂંકી દીધા પછી નિઃશંકપણે હરામ છે, કેમ કે આ એક હરામ કરેલ જીવની નાહક હત્યા છે, જે કિતાબ, સુન્નત તથા ઈજમાઅથી હરામ છે.'' (પૃ. ૬૦)

ઈમામ ઈબ્ને અલ-જવઝી પોતાના પુસ્તક 'અહકામુન્-નિસાઅ' (પૃ. ૧૦૮-૧૦૯)માં લખે છે : ''જ્યારે નિકાહનો હેતુ સંતાનનો તકાદો છે અને દરેક નુત્ફઅ (વીર્યનું ટીપું)થી સંતાન થવું જરૂરી નથી, તેથી ગર્ભ રહ્યા પછી હેતુ પ્રાપ્ત થઈ જાય છે, તેથી ઈરાદાપૂર્વક ગર્ભપાત અપેક્ષિત હેતુથી વિપરીત છે. અલબત્ત, જો ગર્ભ આરંભિક તબક્કામાં હોય તો રૂહ નાખતાં પહેલા તેને પાડી નાખવું ગુનાહે-કબીરા છે, કેમ કે તે ગર્ભ પણ ધીમે-ધીમે ક્રમશઃ પૂર્ણતા અને બધાં અંગો-ઉપાંગોવાળો સંપૂર્ણ બનવા તરફ વધી રહ્યો હતો. અલબત્ત, આ સ્થિતિમાં જાન નંખાઈ ગયા પછી ગર્ભપાત કરતાં નાનો ગુનો છે, કેમ કે જાન નંખાઈ ગયા પછી ઈરાદાપૂર્વક ગર્ભપાત એક મોમિનની જાન લેવા જેવું છે. અલ્લાહત્આલાનો ઈરશાદ છે -

''અને જ્યારે જીવતી દાટી દેવાયેલ બાળકીથી પૂછવામાં આવશે કે કયા ગુનાસર તેની હત્યા કરવામાં આવી ?'' (સૂરઃ તકવીર, ૮-૯)

તેથી એક મુસ્લિમ સ્ત્રીએ અલ્લાહત્આલાથી ડરવું જોઈએ અને કોઈપણ હેતુસર આ ગુનાનું આચરણ ન કરવું જોઈએ, અને આ પ્રકારના ગુમરાહ કરનારા પ્રોપેગન્ડા અને અનુચિત રીત-રિવાજથી, જેનો આધાર ન તો બુદ્ધિ પર છે અને ન દીન પર, ધોકો ન ખાવો જોઈએ.

—◦★◦—

## પ્રકરણ - ૪

# પોશાક અને પરદાના મસાઈલ

## મુસ્લિમ સ્ત્રીઓનો શરઈ પોશાક અને તેની ખાસિયતો :

(૧) એક મુસલમાન સ્ત્રીના પહેરવેશનું સંપૂર્ણ હોવું જરૂરી છે, જે નામહરમ પુરુષોથી તેના પૂરેપૂરા શરીરને સંપૂર્ણ પરદામાં છુપાવીને રાખે, અને મહરમ લોકોની સામે શરીરના ફક્ત એ જ હિસ્સાને જાહેર કરી શકે છે, જેના જાહેર કરવાનું સામાન્ય રીતે ચલણ છે; અર્થાત્ તેમના સામે ફક્ત પોતાના ચહેરા, પોતાની બંને હથેળીઓ અને પગના પંજાઓને જાહેર કરી શકે છે.

(૨) પહેરવેશ એ રીતનો શરીરને છુપાવનાર હોવો જરૂરી છે કે શરીર દેખાય નહીં. એવો બારીક ન હોય કે તેના નીચેથી સ્ત્રીની ચામડીનો રંગ જાહેર થાય.

(૩) એવો તંગ અને ચુસ્ત ન હોય કે અંગોનો ઘાટ જાહેર થાય, તેથી સહીહ મુસ્લિમમાં રસૂલ અકરમ ﷺ થી મરવી છે કે આપ ﷺ એ ફરમાવ્યું :

''જહન્નમીઓના બે પ્રકાર છે, જેમને મેં જોયા નથી. એક પ્રકાર એ સ્ત્રીઓનો છે જે કપડાં પહેરીને નગ્ન હશે, લટક-મટક કરીને અને પોતાના ખભાઓ અને કૂલાઓને હલાવી-હલાવીને ચાલનારી હશે, તેમના માથા ઊંટની ખૂંધની જેમ હશે, તેઓ જન્નતમાં ન તો દાખલ થશે, અને ન તો તેમને જન્નતની ખુશ્બૂ મળશે. બીજો પ્રકાર એ લોકોનો છે, જેમના હાથોમાં ગાયની પૂંછડી જેવા કોરડા હશે, જેનાથી તેઓ અલ્લાહના બંદાઓને મારશે.''

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷬ 'મજમૂઅ અલ-ફતાવા' (૨૨/૧૪૬) માં કહે છે :

''રસૂલુલ્લાહ ﷺ ના મુબારક ઈરશાદ (كاسيات عاريات)ની એક સમજૂતી એ પણ બતાવવામાં આવે છે કે સત્ર વગરનાં કપડાં પહેરેલ હશે. દેખીતી રીતે તેણે કપડાં પહેર્યાં હશે, પણ ખરેખર નગ્ન હશે. જેમ કે એ સ્ત્રીઓ, જેઓ એવા બારીક-ઝીણા કપડાંનો ઉપયોગ કરે છે, જેમાંથી તેમની ચામડી ઝળકે છે, અથવા એવા તંગ કપડાં પહેરે છે, જેમાંથી તેમનાં શરીરના ઘાટ અને અંગો-ઉપાંગો, અર્થાત્ પાછળનો ભાગ, હાથ વગેરે જાહેર દેખાય છે; જ્યારે કે સ્ત્રીનો પહેરવેશ એવો જાડો અને પહોળો હોવો જોઈએ, જે તેના માટે સંપૂર્ણપણે છુપાવનાર હોય, તેના શરીરનો કોઈ ભાગ જાહેર ન થાય, અને ન તેના અંગોનો ઘાટ સ્પષ્ટ તરી આવે.''

(૪) પોશાક કે કપડાંમાં પુરુષોથી સામ્યતા અપનાવવામાં ન આવે, કેમ કે રસૂલ અકરમ ﷺ એ પુરુષો જેવો વેશ ધારણ કરવાવાળી અને તેમના રંગ-ઢંગને અપનાવવાવાળી સ્ત્રીઓ પર લા'નત મોકલી છે. પોશાકમાં પુરુષોથી સામ્યતા અપનાવવાનું સ્વરૂપ એ છે કે મહિલાઓ એવા પોશાક અને કપડાંનો ઉપયોગ કરે અને પહેરે, જે દરેક સમાજના પોતાના પ્રચલનમાં સ્વરૂપ અને લક્ષણોમાં પુરુષો માટે વિશિષ્ટ હોય. શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા રહ. 'મજમૂઅ અલ-ફતાવા' (૨૨/૧૪૮-૧૪૯, ૧૫૫)માં લખે છે :

''પુરુષ અને સ્ત્રીના પહેરવેશમાં ફરકનો આધાર એ વાત પર છે કે કયા કપડાં પુરુષો માટે યોગ્ય હોઈ શકે છે અને કયા પ્રકારના કપડાં સ્ત્રીઓ માટે યોગ્ય હોઈ શકે છે; તેથી પુરુષને જે વસ્તુનો હુકમ આપવામાં આવ્યો છે, તેને અનુરૂપ કપડાં પુરુષોના હશે અને મહિલાઓને જે વસ્તુનો હુકમ આપવામાં આવ્યો છે, તેને અનુરૂપ પોશાક સ્ત્રીઓનો હશે. મહિલાઓને પરદામાં અને છુપાઈને રહેવાનો હુકમ આપવામાં આવ્યો છે, ન કે બેપરદા અને ખુલ્લી રીતે રહેવાનો. આ જ કારણ છે કે અઝાન, તલ્બિયા (લા-ઈલાહ ઈલ્લલ્લાહ)માં અવાજ બુલંદ કરવો, સફા અને મરવા પર ચઢવું અને એહ્‌રામની હાલતમાં પુરુષોની જેમ કપડાં પહેરવા સ્ત્રીઓ માટે શરત નથી.

(એહ્‌રામની હાલતમાં) પુરુષોને માથું ખુલ્લું રાખવા અને પ્રચલિત કે આદત મુજબના કપડાં ન પહેરવાનો હુકમ આપવામાં આવ્યો છે. પ્રચલિત પોશાકનો મતલબ એ છે કે એવા કપડાં, જે માણસના શરીરના અંગોના ઘાટ અનુસાર સિવડાવેલા હોય, તેથી પુરુષ ન તો કમીસ (શર્ટ) પહેરી શકે છે, અને ન લેંઘો (કે પાયજામો કે સુરવાળ) અને ન બર્ન્સ (એવો પોશાક, જેમાં માથાને ઢાંકવા માટે ટોપી પણ લાગેલી હોય) અને ન મોજા.''

વધુમાં લખે છે – ''પરંતુ સ્ત્રીઓને કોઈપણ પોશાકથી મનાઈ કરવામાં આવી નથી, કેમ કે તેને પરદા અને હિજાબની પાબંદ બનાવવામાં આવી છે. તેથી તેના માટે કોઈ એવી વસ્તુની શરત મૂકવામાં આવી નથી, જે હિજાબ અને પરદાની વિરોધી હોય. અલબત્ત, નિકાબ લગાવવા અને હાથમોજા પહેરવાની મનાઈ કરવામાં આવી છે, કેમ કે આ પોશાક એવો છે, જે અંગોના ઘાટ અનુસાર બનાવવામાં આવે છે અને સ્ત્રીને તેની જરૂરત પણ નથી હોતી.''

તેના પછી એ વાતનો ઉલ્લેખ કરતાં કે મહરમ સ્ત્રી પોતાના ચહેરાને પુરુષોથી નિકાબ ઉપરાંત કોઈ અન્ય વસ્તુથી છુપાવી રાખશે, અંતે લખે છે –

''જ્યારે એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે પુરુષો અને સ્ત્રીઓના પહેરવેશમાં ફરક જરૂરી છે, જેનાથી પુરુષ અને સ્ત્રીમાં ભેદ કરી શકાય, અને એ કે સ્ત્રીઓના પોશાકમાં એટલો હિજાબ અને પરદો હોય કે તેનાથી હેતુ સિદ્ધ થઈ શકે, તો આ બાબતે અસલ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ અને ખ્યાલ આવી ગયો કે એવો પોશાક જેને મોટાભાગે પુરુષ જ પહેરે છે તે સ્ત્રી માટે મનાઈ હશે.''

આગળ વધુમાં લખે છે : ''પોશાકમાં બેપર્દગી (નિર્લજ્જતા) અને પુરુષોથી સામ્યતા બંનેય ભેગા થઈ જાય તો બંને રીતે તે પોશાક મહિલાઓ માટે મનાઈ હશે.''

(૫) પોશાકમાં એવી સાજ-સજ્જા ન હોય કે ઘરથી બહાર નીકળતી વખતે સ્ત્રી પુરુષોના આકર્ષણનું કેન્દ્ર બની જાય, અને તેના કારણે તેનો સમાવેશ અજનબી પુરુષોની સામે પોતાના સાજ-શણગારને જાહેર કરનારી નિર્લજ્જ સ્ત્રીઓમાં થાય.

## હિજાબ (પરદા) :

હિજાબનો અર્થ છે સ્ત્રી નામહરમ લોકોથી પોતાના આખા શરીરને પરદામાં રાખે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈરશાદ ફરમાવે છે :

''અને પોતાના શણગારને જાહેર ન કરો, સિવાય કે જે જાહેર છે અને પોતાની છાતીઓ પર ઓઢણીઓ નાખી રાખો, અને પોતાની સાજ-સજ્જાને કોઈના સામે જાહેર ન કરે, સિવાય પોતાના પતિના, અથવા પોતાના પિતાના, અથવા પોતાના સસરાના, અથવા પોતાના સંતાનોના, અથવા પોતાના પતિના સંતાનોના, અથવા પોતાના ભાઈઓના.'' (સૂરઃ નૂર, ૩૧)

અને ઈરશાદે રબ્બાની છે :

''જ્યારે તમે નબી ﷺ ની પત્નીઓથી કોઈ વસ્તુ માગો તો પરદાના પાછળથી માગો.'' (સૂરઃ અહ્ઝાબ, ૫૩)

(આયતમાં) હિજાબનો અર્થ એવી દીવાલ કે દરવાજો કે પોશાક છે, જે સ્ત્રીને પરદામાં રાખે. આ આયત, આમ તો અઝવાજ મુત્તહરાત માટે નાઝિલ (અવતરિત) થઈ છે, પરંતુ તેનો હુકમ તમામ મોમિન સ્ત્રીઓ માટે છે, કેમ કે અલ્લાહતઆલા તેની દલીલ વર્ણવતાં કહે છે :

''તમારા અને તેમનાં દિલો માટે સંપૂર્ણ પવિત્રતા આ જ છે.''

(સૂરઃ અહ્ઝાબ,૫૩)

આ એક સર્વસાધારણ દલીલ છે, તેથી દલીલની આ સર્વસાધારણતા હુકમની

પણ સર્વસાધારણાની દલીલ છે. (અર્થાત્ આ હુકમ બધાને સમાવી લે છે.) ઈરશાદે રબ્બાની છે –

"હે નબી ! પોતાની પત્નીઓ અને પોતાની સુપુત્રીઓને અને મુસલમાન સ્ત્રીઓને કહી દો કે તેઓ પોતાના ઉપર પોતાની ચાદરો લટકાવી રાખે." (સૂરઃ અહ્ઝાબ, ૫૯)

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﵀ 'મજમૂઅ અલ-ફતાવા' (૨૨/૧૧૦-૧૧૧)માં લખે છે :

"(આયતે-કરીમામાં પ્રયુક્ત શબ્દ) جلباب નો અર્થ છે - ડબલ ચાદર, જેને હઝરત ઈબ્ને મસ્ઊદ ﵁ અને અન્ય એહલે-ઈલ્મ رداء (ચાદર) અને લોકો ઈઝાર કહે છે. વાસ્તવમાં جلباب એ મોટી ચાદરને કહે છે, જે માથા સહિત સ્ત્રીના આખા શરીરને ઢાંકી લે. અબૂ ઉબૈદહ વગેરેનું વર્ણન છે કે (સ્ત્રી) તેને પોતાના માથા ઉપરથી એ રીતે નાખી લેશે કે સિવાય આંખોના શરીરનો કોઈ હિસ્સો જાહેર ન થાય. આ જ પ્રકારે નિકાબ પણ છે."

નામહરમ લોકોની સામે સ્ત્રીનું પોતાના ચહેરાને છુપાવવું પણ જરૂરી છે. સુન્નતથી તેના વાજિબ હોવા અંગે દલીલો છે, જેમાં એક દલીલ હઝરત આઈશા સિદ્દીકા ﵂ ની આ હદીસ પણ છે :

"સવારોનો કાફલો અમારાથી પસાર થતો અને અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે એહ્રામની હાલતમાં હોતી, તો જ્યારે તેઓ અમારા તદ્દન સામે આવી જતા, તો અમારામાંથી દરેક પોતાના جلباب (ચાદર) ને પોતાના માથાથી પોતાના ચહેરા સુધી નાખી લેતી, અને જ્યારે તેઓ આગળ વધી જતા, તો અમે પોતાના ચહેરાઓને ખોલી દેતા હતા."

નામહરમ લોકોની સામે ચહેરો છુપાવવાના વાજિબ હોવા પર કિતાબ અને સુન્નતમાં અનેક દલીલો છે. આ સંદર્ભમાં મારી ઈસ્લામી બહેનોથી નીચે મુજબના પુસ્તકોનો અભ્યાસ કરવાનું સૂચન કરું છું :

- رسالة الحجاب والباس فی الصلاۃ مولفہ شیخ الاسلام ابن تیمیہ
- رسالة الحجاب مولفہ شیخ ابد العزیز بن عبداللہ بن باز
- رسالة الصارم المشھور علی المفتونین بالسفور مولفہ شیخ حمود بن عبداللہ تویجری
- رسالة حجاب مولف شیخ محمد بن صالح العثیمین

આ તમામ પુસ્તકોમાં સંબંધિત વિષય પર પર્યાપ્ત અને સુંદર ચર્ચા કરવામાં આવેલ છે.

ઈસ્લામી બહેનોને એ વાતની જાણ હોવી જોઈએ કે જે ઉલ્માએ ચહેરાને ખુલ્લું રાખવાની છૂટ આપી છે. તેમનું કથન કમજોર હોવા છતાં તેમણે આ છૂટછાટને બૂરાઈ અને બગાડથી શાંતિ અને સલામતીની સાથે બાંધી દીધી છે, અને પરિસ્થિતિ એ છે કે આખો સમાજ ફિત્ના અને ફસાદ (ઉપદ્રવ અને બગાડ)થી અસુરક્ષિત છે; વિશેષતઃ આજના જમાનામાં, જ્યારે કે મહિલાઓ અને પુરુષોમાં દીની લગામ બાકી રહી ગઈ નથી. લાજ-શરમ અને મર્યાદાની અભાવની સ્થિતિ વધતી જઈ રહી છે. ફિત્ના અને ફસાદ તરફ બોલાવનારાઓની સંખ્યા વધારે છે. બૂરાઈ અને બગાડને હવા આપનારાઓ જુદા-જુદા પ્રકારના આભુષણોથી પોતાના ચહેરાને વધારે આકર્ષિત અને મોહિત કરવાનો શોખ મહિલાઓમાં વધારે તીવ્ર બનાવી રહ્યા છે.

તેથી ઈસ્લામી બહેનોએ આ બાબતોથી દૂર રહેવું જોઈએ અને પરદાને અપનાવવો જોઈએ. ઈન્શાઅલ્લાહ, આ તેમને દરેક પ્રકારના ફિત્ના અને બૂરાઈથી સુરક્ષિત અને સલામત રાખશે. પુરોગામી અને અનુગામીઓમાંથી કોઈપણ વિશ્વસનીય આલિમે ફિત્નાઓનો ભોગ બનેલ આ મહિલાઓ માટે આ બાબતોની કોઈ છૂટછાટ આપી નથી, જેમાં હાલ તેઓ સપડાયેલ છે. ઘણી મુસ્લિમ મહિલાઓ પરદા વિશે નિફાક (દંભ)થી કામ લઈને જ્યારે તેઓ કોઈ એવી સોસાયટીમાં જાય છે, જ્યાં પરદાને આવશ્યક વસ્તુ સમજવામાં આવે છે તો પરદો કરે છે, અને જ્યારે કોઈ એવી સોસાયટીમાં જાય છે, જ્યાં પરદાને આવશ્યક વસ્તુ સમજવામાં આવતી નથી તો પરદાથી બહાર થઈ જાય છે.

અને, ઘણી મહિલાઓ એવી પણ છે, જે જાહેર સ્થળોએ તો પરદો કરે છે, પણ જ્યારે તે દુકાનો અથવા હૉસ્પિટલોમાં જાય છે અથવા કોઈ જ્વેલર્સ કે સ્ત્રીઓના કપડાં સીવતા પુરુષ ટેલરથી વાતચીત કરે છે, તો પોતાના ચહેરાઓ અને હાથોને એ રીતે ખોલી નાખે છે, જાણે તે પોતાના પતિઓ અથવા પોતાના મહરમ લોકોની પાસે છે. આવી મહિલાઓએ અલ્લાહતઆલાથી ડરવું જોઈએ. વિદેશથી આવનારી ઘણી મહિલાઓને વિમાનોમાં જોવામાં આવે છે કે તેઓ બેપરદા હોય છે અને એ દેશ (સાઉદી અરબ)ના કોઈ ઍરપોર્ટ પર વિમાનના ઉતરતાં જ નિકાબ ઓઢી લે છે, જાણે તેમની દૃષ્ટિએ પરદાનો સંબંધ આદત અને રીત-રિવાજથી હોય, આ કોઈ દીની હુકમ નથી !

ઈસ્લામી બહેનોને ખબર હોવી જોઈએ કે પરદા તેમને એ વિષયુક્ત નજરોથી રક્ષણ પૂરું પાડે છે, જે બીમાર દિલો અને માનવી જેવા દેખાતા કૂતરાઓ જેવા હોય છે

અને તેમની ઉત્તેજિત લાલસા અને તૃષ્ણાનો સંબંધ કરડીને તરછોડી દેવાનો હોય છે. તેથી ઈસ્લામી બહેનોએ પરદાને આવશ્યક સમજીને અપનાવવો જોઈએ અને એ બાતિલ (અસત્ય) પ્રોપેગન્ડા પર કોઈ ધ્યાન ન આપવું જોઈએ, જે પરદાના વિરોધમાં અથવા પરદાના મહત્ત્વને ઓછું કરવા માટે કરવામાં આવે છે, કેમ કે તેઓ સ્ત્રીઓ માટે શુભેચ્છક કે હિતેચ્છુ નહીં, બલ્કે અહિતેચ્છુ છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો ઈરશાદ છે –

''અને જે લોકો મનેચ્છાઓના અનુયાયીઓ છે, તેઓ ઈચ્છે છે કે તમે પૂરેપૂરા ઝૂકી જાઓ.'' (સૂરઃ નિસા, આ. ૨૬)

—◦★◦—

## પ્રકરણ - ૫

# નમાઝ અંગે સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

પ્રત્યેક મુસલમાન સ્ત્રી પર પાંચ વખતની નમાઝ તેના નિર્ધારિત સમયોમાં શરતો, અરકાન અને વાજિબોની પૂરેપૂરી કાળજી રાખીને પાબંદીની સાથે અદા કરવી અનિવાર્ય છે. અલ્લાહતઆલાએ અઝવાજ મુત્તહરાત ﷺ ને હુકમ આપતાં ઈરશાદ ફરમાવ્યો છે :

''અને નમાઝ અદા કરતી રહો અને ઝકાત આપતી રહો, અને અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરો.'' (સૂરઃ અહ્ઝાબ, ૩૩)

આ હુકમ તમામ મુસલમાન સ્ત્રીઓ માટે સામાન્ય છે. નમાઝ ઈસ્લામનો બીજો આધાર અને દીનનો એક મહત્ત્વનો સ્તંભ છે. નમાઝનું છોડી દેવું એક એવું કુફ્ર જેવું કાર્ય છે, જે (વ્યક્તિને) મિલ્લતે-ઈસ્લામિયામાંથી બહાર કાઢી નાખે છે. નમાઝ ન પઢનારા પુરુષો અને સ્ત્રીઓના ન તો દીનનો વિશ્વાસ કરી શકાય છે અને ન ઈસ્લામનો. શરઈ ઉઝ્ર (કારણ) વગર નમાઝને પોતાના સમયથી વિલંબિત કરવું તેને ખોઈ નાખવા બરાબર છે. અલ્લાહતઆલાનો ઈરશાદ છે –

''ત્યારબાદ તેમના પછી એવા નાફરમાનો પેદા થયા કે તેમણે નમાઝને બરબાદ કરી નાખી અને મનેચ્છાઓના પાછળ પડી ગયા; તેથી તેમનું નુકસાન તેમના આગળ-આગળ હશે, તેમના સિવાય જેઓ તૌબા કરી લે.'' (સૂરઃ મરયમ, ૫૯-૬૦)

હાફિઝ ઈબ્ને કસીર رحمه الله એ પોતાની તફસીરમાં અઈમ્મએ-તફસીર (તફસીરવેત્તાઓ)ના એક સમૂહથી નોંધ કરી છે કે 'اضاعت صلاة' નો અર્થ નમાઝના સમયને જવા દેવો છે, એ રીતે કે નમાઝને તેનો સમય નીકળી ગયા પછી અદા કરવામાં આવે, અને શબ્દ 'غي' ના વિશે બતાવવામાં આવ્યું છે કે નમાઝોને બરબાદ કરનારાઓ તેને મેળવશે, તેની સમજૂતી ખોટ અને નુકસાનથી કરવામાં આવી છે. તેની એક સમજૂતી એ પણ આપવામાં આવી છે કે તે જહન્નમની એક ખાઈ છે.

નમાઝથી સંબંધિત સ્ત્રીઓના પુરુષોથી અલગ કેટલાક વિશિષ્ટ હુકમો છે, જેની વિગત નીચે આપવામાં આવેલ છે.

(૧) સ્ત્રીઓ માટે ન તો અઝાન છે અને ન ઈકામત, કેમ કે અઝાન ઊંચા અવાજે પઢવું શરત છે, અને સ્ત્રીઓ માટે ઊંચો અવાજ કરવો જાયઝ નથી. તેથી અઝાન અને ઈકામત સ્ત્રીઓ માટે ઉચિત નથી. 'અલ-મુગ્ની' (૨/૬૮)માં અલ્લામા ઈબ્ને કદામા رحمه الله લખે છે કે આ મામલામાં કોઈ મતભેદની અમને જાણકારી નથી.

(૨) નમાઝમાં સ્ત્રી ચહેરા સિવાય પોતાને સંપૂર્ણપણે છુપાવશે. હથેલીઓ અને પગના પંજા બાબતે મતભેદ છે, અને એ સ્થિતિમાં જ્યારે કે કોઈ નામહરમ વ્યક્તિની નજર તેના ઉપર ન પડતી હોય; અને જો કોઈ નામહરમ વ્યક્તિ તેને જોઈ રહ્યો હોય તો, જે રીતે નમાઝ બહારની સ્થિતિમાં પરદો કરવું જરૂરી છે એ રીતે સંપૂર્ણપણે સતરપોશી (શરીરને છુપાવવું) જરૂરી છે. નમાઝમાં સ્ત્રીએ પોતાનું માથું, ગરદન, શરીરના તમામ ભાગોને ત્યાં સુધી કે પગના પાછળના ભાગને પણ છુપાવવો જરૂરી છે. ઈરશાદે-નબવી ﷺ છે :

પાંચ ઈમામો, એટલે કે અહમદ, અબૂ દાઉદ, તિરમિઝી, નિસાઈ અને ઈબ્ને માજહએ આની રિવાયત કરી છે.

''અલ્લાહત્આલા રજસ્વલા (માસિક-ધર્મવાળી) સ્ત્રી, અર્થાત્ એ સ્ત્રીથી જે માસિક-ધર્મની ઉંમરે પહોંચી ગઈ હોય, 'خمار' વગર નમાઝ કબૂલ કરતો નથી.''

હદીસમાં ઉલ્લેખિત શબ્દ خمار નો અર્થ માથું અને ગરદનને છુપાવનાર ચાદરનો થાય છે.

હઝરત ઉમ્મે સલમા ﷺ ની રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ને પૂછ્યું : ''શું સ્ત્રી કમીઝ (શર્ટ) અને દુપટ્ટા (ઓઢણા)માં ઈઝાર (ઢીલા પાયજામા) વગર નમાઝ પઢી શકે છે ?'' તો આપ ﷺ એ ફરમાવ્યું : إذا كان الدرع سابغاً يغطي ظهور قدميها. ''જો કમીઝ એટલું લાંબુ હોય કે સ્ત્રીના બંને પગના પાછળનો ભાગ ઢંકાઈ જાય (તો ઈઝાર વગર પણ નમાઝ પઢી શકાય છે.)''

આ હદીસને ઈમામ અબૂ દાઉદ ﷺ એ રિવાયત કરી છે. અઈમ્મએ-કિરામે આના મૌકૂફ (એવી હદીસ, જેનો સંબંધ સહાબા ﷺ સાથે હોય) હોવાને સાચું કહ્યું છે.

બંને હદીસોથી ખ્યાલ આવે છે કે નમાઝમાં સ્ત્રી માટે માથું અને ગરદનનું છુપાવવું જરૂરી છે, જેમ કે હઝરત આઈશા ﷺ ની હદીસમાં છે, અને શરીરના બાકીના તમામ ભાગોને, ત્યાં સુધી કે પગના પાછળના ભાગને પણ છુપાવવું જરૂરી છે, જેમ કે ઉમ્મે સલમા રદિ.ની હદીસમાં છે. ચહેરાને ખુલ્લો રાખવામાં વાંધો નથી, એ શરતે કે કોઈ અજનબી વ્યક્તિ તેને જોઈ રહ્યો ન હોય. આના પર એહલે-ઈલ્મનો 'ઈજમાઅ' (સર્વસંમતિ) છે.

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ 'મજમૂઅ અલ-ફતાવા' (૨૨/૧૧૩-૧૧૪)માં લખે છે - ''જો સ્ત્રી એકલી જ નમાઝ પઢી રહી હોય, તો પણ તેણે દુપટ્ટો ઓઢવાનો હુકમ છે. નમાઝ ન પઢતી હોય ત્યારે ઘરની અંદર સ્ત્રી પોતાનું માથું ખુલ્લું રાખી શકે છે, પરંતુ નમાઝમાં સાજ-સજ્જા અપનાવવી અલ્લાહ-

તઆલાનો હક્ક છે, તેથી કોઈના માટે ખુલ્લા માથે ખાનએ-કા'બાના તવાફ કરવું જાયઝ નથી, ચાહે એકલો જ રાત્રે તવાફ કરી રહ્યો હોય, અને ન ખુલ્લા માથે નમાઝ પઢી શકે છે, ચાહે એકલો જ કેમ ન હોય."

વધુમાં લખે છે – "નમાઝમાં છુપાવવામાં આવતા શારીરિક અંગોનો સંબંધ એ અંગોથી નથી, જેમને આંખોથી છુપાવવામાં આવે છે, ન તો ચાલ્યા આવતા નિયમ સ્વરૂપે અને ન વિરોધી અર્થના સ્વરૂપે."

'અલ-મુગ્ની' (૨/૩૨૮)માં ઉલ્લેખ છે - "નમાઝમાં આઝાદ સ્ત્રીના સમગ્ર શરીરની સતરપોશી (ઢાંકવું) જરૂરી છે. જો કોઈ ભાગ ખુલ્લો રહી ગયો તો નમાઝ સહીહ નહીં થાય; અલબત્ત, જો ખૂબ જ નાનો હિસ્સો ખુલ્લો રહી જાય તો કોઈ વાંધો નથી. આ જ મસ્લક ઈમામ માલિક, ઈમામ ઓઝાઈ, ઈમામ શાફઈ ﵀ નો છે."

(૩) 'અલ-મુગ્ની' (૨/૨૫૮)માં ઉલ્લેખ છે - "સ્ત્રી રુકૂઅ અને સિજદાઓમાં પોતાને ખૂબ ફેલાવીને ખુલ્લી કરવાને બદલે સંકેલીને રાખશે, પાટલી વાળીને બેસશે, ઊભડક અને એક પંજાને બિછાવીને બેસવાને બદલે બંને પગને આડા કરીને જમણી બાજુ તેમને બહાર કાઢી લેશે, કેમ કે આ જ તેના માટે વધારે 'સાતિર' છે. ઈમામ નવવી ﵀ 'અલ-મજમૂઅ' (૩/૪૫૫)માં લખે છે – "ઈમામ શાફઈ ﵀ એ ટૂંકમાં ફરમાવ્યું છે - નમાઝની વિધિમાં પુરુષ અને સ્ત્રી દરમ્યાન કોઈ ફરક નથી, સિવાય એના કે સ્ત્રી માટે 'મુસ્તહબ' એ છે કે સિજદામાં તે પોતાને સંકેલીને, અથવા પોતાના પેટને પોતાની જાંઘોથી ચોંટાડીને, યથાસંભવ પોતાને વધારેમાં વધારે પરદામાં રાખશે. હું સ્ત્રી માટે આ જ વસ્તુને રુકૂઅમાં અને આખી નમાઝમાં પસંદ કરું છું."

(૪) કોઈ સ્ત્રીની ઈમામતમાં જમાઅતની સાથે સ્ત્રીઓના નમાઝ અદા કરવામાં ઉલમા દરમ્યાન મતભેદ છે. કેટલાક આલિમો મનાઈ કરે છે અને કેટલાક છૂટછાટને માને છે. મોટાભાગના આલિમોનો મસ્લક એ જ છે કે આમાં કોઈ વાંધો નથી, કેમ કે નબી કરીમ ﷺ એ હઝરત ઉમ્મે વરકા ﵂ ને પોતાના પરિવારજનોની ઈમામતનો હુકમ આપ્યો હતો. (આને ઈમામ અબૂ દાઉદ ﵀ એ રિવાયત કરે છે અને ઈબ્ને ખુઝૈમા ﵀ એ આને સહીહ ઠેરવેલ છે.)

બીજા કેટલાક આલિમોએ આને ગૈરમુસ્તહબ અમલ કહેલ છે, જ્યારે કે અન્ય કેટલાક એહલે-ઈલ્મ આને 'કરાહત' (નાપસંદ અમલ) ગણે છે, જ્યારે બીજા કેટલાક આલિમો ફર્ઝ નમાઝના બદલે નફ્લ નમાઝમાં આને જાયઝ સમજે છે, અને સંભવતઃ વધારે મજબૂત કથન આ જ છે કે આ 'મુસ્તહબ' છે. વધુ વિગત

માટે અલ-મુગ્ની ઈબ્ને કદામી (૨/૨૦૨), અલ-મજમૂઅ લિલ નવવી (૪/૮૪-૮૫)નો અભ્યાસ ઉપયોગી રહેશે.

સ્ત્રી સંભળાય એવા અવાજથી કિરા'ત કરશે (કુર્આન પઢશે), એ શરતે કે નામહરમ તેની કિરા'તને સાંભળી ન રહ્યો હોય.

(૫) મસ્જિદોમાં પુરુષોની સાથે જમાઅત સાથે નમાઝ અદા કરવા માટે મહિલાઓને ઘરોમાંથી નીકળવાની છૂટ છે, પરંતુ ઘરોની અંદર નમાઝ અદા કરવું તેમના માટે વધારે સારું છે. ઈમામ મુસ્લિમ ﷺ એ પોતાની 'સહીહ'માં રિવાયત કરેલ છે કે રસૂલ અકરમ ﷺ નું ફરમાને-મુબારક છે : ''અલ્લાહની બંદીઓને અલ્લાહની મસ્જિદ (માં આવવા)થી ન રોકો.'' બીજી રિવાયતમાં છે : ''સ્ત્રીઓને મસ્જિદ જવાથી ન રોકો, અને તેમના ઘર તેમના માટે વધારે સારા છે.''

આમ, તેમનું ઘરોમાં રહીને નમાઝ અદા કરવું પરદા અને હિજાબના કારણે વધારે સારું છે. જો તેઓ નમાઝની અદાયગી માટે મસ્જિદ જાય છે, તો તેમના માટે નીચે મુજબના આદાબ (શિષ્ટાચાર)નું પાલન કરવું આવશ્યક છે :

- પૂરેપૂરા પરદાની સાથે અને કપડાંમાં સારી રીતે છુપીને નીકળવું જરૂરી છે. હઝરત આઈશા સિદ્દીકા ﷺ ફરમાવે છે :

''રસૂલ અકરમ ﷺ ની સાથે મહિલાઓ (ફજ્રની) નમાઝ અદા કરતી હતી; પછી પોતાની ચાદરોમાં લપેટાઈને પાછી ફરતી હતી, અંધકારને કારણે ઓળખાઈ શકાતી નહોતી.''

- કોઈપણ પ્રકારની ખુશ્બૂ લગાવ્યા વગર મસ્જિદ માટે નીકળશે. હદીસે-નબવી ﷺ છે : ''અલ્લાહની બંદીઓને મસ્જિદોથી ન રોકો, અને તેમણે ખુશ્બૂ લગાવ્યા વગર નીકળવું જોઈએ.''

હદીસમાં વપરાયેલ શબ્દ تفلات નો અર્થ છે : ખુશ્બૂનો ઉપયોગ કર્યા વગર.

એ જ રીતે હઝરત અબૂ હુરૈરહ ﷺ થી રિવાયત છે, તેઓ કહે છે કે રસૂલ અકરમ ﷺ નો ઈરશાદ છે : ''જે સ્ત્રીએ ખુશ્બૂ લગાવી રાખી હોય તે અમારા સાથે ઈશાની નમાઝમાં સામેલ ન થાય.''

ઈમામ મુસ્લિમ ﷺ એ હઝરત ઈબ્ને મસ્ઊદ ﷺ ના પત્ની હઝરત ઝૈનબ ﷺ ની પણ એક હદીસ રિવાયત કરી છે, જેના શબ્દો આ પ્રમાણે છે : ''તમારામાંથી કોઈ સ્ત્રી જો મસ્જિદ જવા માગતી હોય તો ખુશ્બૂનો ઉપયોગ ન કરે.''

ઈમામ શૌકાની ﷺ 'નઈલુલ-ઔતાર' (૩/૧૪૦-૧૪૧)માં લખે છે : ''આ હદીસથી મહિલાઓને મસ્જિદ જવાની જાણકારી મળે છે. પરંતુ સ્ત્રીઓને જવાની

છૂટ ત્યારે મળી શકે છે, જ્યારે કે તેમના મસ્જિદ જવાથી કોઈપણ પ્રકારની બૂરાઈ, બગાડ અથવા ખુશ્બૂ જેવી કોઈ ફિત્નાને ભડકાવનારી વસ્તુ જોવા ન મળે.''

વધુમાં લખે છે : ''તમામ હદીસોનો સાર એ છે કે મહિલાઓને મસ્જિદ જવાની પરવાનગી પુરુષો તરફથી એ જ સ્થિતિમાં મળવી જોઈએ, જ્યારે કે તેમના મસ્જિદ જવામાં ખુશ્બૂ, ઘરેણા, અથવા કોઈ અન્ય સાજ-શણગારની જેવી ફિત્નો ફેલાવનારી વસ્તુઓ જોવા ન મળે.''

- કપડાં અને ઘરેણાઓમાં બની-ઠનીને નહીં નીકળે. ઉમ્મુલ મુ'મેનીન હઝરત આઈશા સિદ્દીકા ﵦ ફરમાવે છે : ''જો રસૂલુલ્લાહ ﷺ મહિલાઓની આ હાલત જોતા, જેને આપણે જોઈ રહ્યા છીએ, તો તેમને મસ્જિદથી રોકી લેતા, જે રીતે બની ઈસરાઈલે પોતાની સ્ત્રીઓને રોકી લીધી હતી.''

ઈમામ શૌકાની ﵀ 'નઈલુલ-ઔતાર' (સં. : ઉપર મુજબ)માં હઝરત આઈશા ﵦ ના કથનની સમજૂતી કરતાં લખે છે : જો આપ ﷺ સુંદર અને સુશોભિત પોશાક, ખુશ્બૂ, સાજ-સજ્જા અને નિર્લજ્જતા જોતા, જે આજે આપણે જોઈ રહ્યા છીએ. (કેમ કે અગાઉ) મહિલાઓ મોટા-જાડાં કપડાં, ધાબળાઓ અને જાડી ચાદરોમાં બહાર નીકળતી હતી.

ઈમામ ઈબ્ને અલ-જૌઝી ﵀ 'અહકામુન્-નિસા' (પૃ. ૩૯)માં લખે છે : ''સ્ત્રી માટે એ જ યોગ્ય છે કે બહાર નીકળવાથી યથાસંભવ દૂર રહે, કેમ કે તે પોતાની રીતે ફિત્ના અને ફસાદથી સુરક્ષિત રહી શકે છે, પરંતુ બીજા લોકો એ જ ફિત્ના અને ફસાદમાં સપડાઈ શકે છે. તેમના સુરક્ષિત અને સલામત રહેવાની કોઈ બાંહેધરી નથી. જો તેને બહાર નીકળવાની મજબૂરી આવી પડે તો પોતાના પતિની મંજૂરી લઈને બનાવ-સિંગાર વિના પૂરેપૂરી સાદગીથી નીકળે. જાહેર માર્ગો અને બજારોને છોડીને ખાલી જગાઓને પોતાનો રસ્તો બનાવે, પોતાનો અવાજ સંભળાવવાથી દૂર રહે, રસ્તાના વચ્ચેના ભાગને છોડીને કિનારે ચાલવાનો પ્રયત્ન કરે.''

- સ્ત્રી જો એકલી છે, તો પુરુષોની પાછળ એકલી ઊભી રહેશે, જેમ કે અનસ રદિ.ની હદીસમાં છે, તેઓ વર્ણવે છે કે જ્યારે નબી કરીમ ﷺ એ અમને નમાઝ પઢાવી તો હું અને એક અનાથ (અમે બંને) આપના પાછળ ઊભા થયા અને વૃદ્ધ સ્ત્રી અમારા પાછળ ઊભી રહી.(૧)

અને, એમની જ રિવાયત છે કે મેં મારા ઘરમાં નબી ﷺ ની આગેવાનીમાં નમાઝ પઢી તો હું અને એક અનાથ આપના પાછળ ઊભા રહ્યા અને મારી માતા ઉમ્મે સલીમ અમારા પાછળ ઊભી રહી. (સહીહ બુખારી)

૧. આને બુખારી, મુસ્લિમ, તિરમિઝી અને નિસાઈએ રિવાયત કરેલ છે.

અને, જો સ્ત્રીઓ એકથી વધારે હોય તો તેઓ પુરુષોના પાછળ સફ (હરોળ) અથવા (જરૂર મુજબ) અમુક સફ બનાવીને ઊભી રહેશે, કેમ કે નબી ﷺ પુરુષોને આગળ ઊભા રાખતા હતા, પછી બાળકોને, ત્યારબાદ સ્ત્રીઓને. (મુસ્નદ અહમદ)

અને, અબૂ હુરૈરહ રદિ.ની રિવાયત છે, તેઓ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

''પુરુષો માટે સૌથી સારી સફ પહેલી સફ છે અને સૌથી ખરાબ સફ છેલ્લી સફ અને સ્ત્રીઓ માટે સૌથી સારી સફ છેલ્લી સફ છે અને સૌથી ખરાબ પહેલી સફ.''(૧)

ઉપરોક્ત બંને હદીસો એ વાતની દલીલ છે કે નમાઝ માટે સ્ત્રીઓ પુરુષોના પાછળ સફ બનાવીને ઊભી રહેશે, અલગ-અલગ નહીં ઊભી રહે, ચાહે ફર્ઝ નમાઝ હોય કે તરાવીહની નમાઝ હોય.

- નમાઝ દરમ્યાન જો ઈમામથી ભૂલ થઈ જાય તો સ્ત્રી હાથથી તાળી વગાડીને તેનું ધ્યાન દોરી શકે છે. રસૂલુલ્લાહ ﷺ નો ઈરશાદ છે :

''જ્યારે તમને નમાઝ દરમ્યાન કોઈ વાતની જરૂર પડે તો (ઈમામનું ધ્યાન દોરવા માટે) પુરુષ 'સુબ્હાનલ્લાહ' કહે અને સ્ત્રીઓ તાળી વગાડે.'' આને ઈમામ અહમદે રિવાયત કરેલ છે.

આ હદીસમાં સ્ત્રીને એ વાતની પરવાનગી આપવામાં આવી છે કે જો નમાઝ દરમ્યાન તેને કોઈ વાતની જરૂર લાગે તો તે તાળી વગાડીને ધ્યાન દોરે, અને ઈમામનું ભૂલવું પણ આમાં સામેલ છે. સ્ત્રીએ જબાનથી કંઈ કહેવાને બદલે તાળી વગાડવાનો હુકમ એટલા માટે આપવામાં આવ્યો છે કે તેનો અવાજ પુરુષો માટે ફિત્નાનું કારણ બની શકે છે.

- ઈમામના સલામ ફેરવી લીધા પછી સ્ત્રીઓએ મસ્જિદમાંથી બહાર નીકળવાની ઉતાવળ કરવી જોઈએ અને પુરુષોએ થોડી વાર રોકાઈ રહેવું જોઈએ, જેથી મસ્જિદમાંથી નીકળવાવાળી સ્ત્રીઓનો સામનો ન થઈ જાય, અને આની દલીલ ઉમ્મે સલમા رضي الله عنها ની હદીસ છે, તેઓ વર્ણવે છે કે સ્ત્રીઓ ફર્ઝ નમાઝથી સલામ ફેરવી લીધા પછી (તરત જ) ઊભી થઈ જતી હતી અને રસૂલુલ્લાહ ﷺ અને આપની સાથે નમાઝ પઢવાવાળાં પુરુષો પોત-પોતાની જગ્યાએ થોડી વાર બેસી રહેતા, પછી જ્યારે રસૂલુલ્લાહ ﷺ ઉઠતા તો બીજા લોકો પણ ઉઠી જતા.

ઝુહરી કહે છે : અમારો મત - વલ્લાહ આ'લમ - એ છે કે આપ ﷺ આવું

૧. આને મુસ્લિમ, અબૂ દાઉદ, તિરમિઝી, નિસાઈ અને ઈબ્ને માજહએ રિવાયત કરેલ છે.

એટલા માટે કરતા હતા કે જે સ્ત્રીઓ મસ્જિદમાંથી પાછી ફરવા માગે તે પાછી ફરી શકે. આને બુખારીએ રિવાયત કરેલ છે. (જૂઓ - અત્-તશરીહુલ કબીર અલા અલ-મકબઅ, ૧/૪૨૨)

ઈમામ શૌકાની ﷺ 'નઈલુલ-ઔતાર' (૨/૩૨૬)માં લખે છે : ''ઉપરોક્ત હદીસથી જાણવા મળે છે કે તે વખતના ઈમામ (ખલીફા કે સુલતાન) માટે મુસ્તહબ છે કે પ્રજાની સ્થિતિનું ધ્યાન રાખે. એ જ પ્રમાણે હદીસથી એ પણ જાણવા મળે છે કે હરામ અને પ્રતિબંધિત વસ્તુઓ તરફ લઈ જનારી બાબતો અને શંકાસ્પદ જગ્યાઓથી દૂર રહેવાની કાળજી રાખવી જોઈએ, અને એ કે જાહેર રસ્તાઓમાં પણ સ્ત્રી-પુરુષોના મેળ-મિલાપ કે ભીડ ખરાબ વસ્તુ છે, ચાહે ઘરોમાં હોય.''

ઈમામ નવવી ﷺ 'અલ-મજમૂઅ' (૩/૪૫૫)માં લખે છે :

'' જમાઅત સાથે નમાઝની અદાયગીમાં સ્ત્રીઓ પુરુષો અમુક બાબતોમાં અલગ હોય છે.

પ્રથમ : મહિલાઓ માટે જમાઅતની સાથે નમાઝની અદાયગી પર એટલો ભાર મૂકવામાં આવ્યો નથી, જે રીતે પુરુષો માટે મૂકવામાં આવેલ છે.

બીજું : મહિલાઓની ઈમામ સફની વચ્ચે ઊભી રહેશે.

ત્રીજું : એકલી સ્ત્રી પુરુષોની પાછળ ઊભી રહેશે, બાજુમાં નહીં, પુરુષોથી વિરુદ્ધ.

ચોથું : જ્યારે પુરુષોની સાથે સફ બનાવીને નમાઝ અદા કરશે, તો તેમની સૌથી છેલ્લી સફ પોતાની પહેલી સફની સરખામણીમાં વધારે ફઝીલતવાળી (શ્રેષ્ઠ) હશે.''

ઉપરના લખાણથી સ્પષ્ટ થઈ ગયું કે પુરુષ અને સ્ત્રી દરમ્યાન મેળમિલાપ કોઈપણ સંજોગોમાં હરામ છે.

(૬) સ્ત્રીઓ ઈદની નમાઝ માટે નીકળી શકે છે. હઝરત ઉમ્મે અતિય્યહ ﷺ ની રિવાયત છે, ફરમાવે છે -

''રસૂલ અકરમ ﷺ એ અમને હુકમ આપ્યો કે અમે વૃદ્ધ, રજસ્વલા અને પરદાવાળી સ્ત્રીઓને ઈદ અને બકર-ઈદના દિવસે ઈદગાહ લઈ જઈએ. રજસ્વલા સ્ત્રીઓ નમાઝ - અમુક રિવાયતમાં છે ઈદગાહ - થી દૂર રહેશે, અલબત્ત ખૈર અને બરકત (ભલાઈ અને સમૃદ્ધિ) તથા મુસલમાનો માટે થતી દુઆઓમાં સામેલ રહેશે. (આ હદીસને સિહા સિત્તહના લેખકો અને ઈમામ અહમદે રિવાયત કરેલ છે.)

ઈમામ શૌકાની ﷺ ફરમાવે છે : '' ઉપરોક્ત હદીસ અને આ અર્થવાળી અન્ય હદીસોથી ઈદોમાં મહિલાઓના ઈદગાહમાં જવાના વૈધતા (જાયઝ હોવા)ની

સ્પષ્ટ જાણકારી મળે છે. તેથી પરણિત, અપરણિત, નવયુવાન, વૃદ્ધ, રજસ્વલા વગેરે - રજસ્વલા સ્ત્રી માટે કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વિના તમામ સ્ત્રીઓને ઈદગાહમાં જવાનો હુકમ છે; અલબત્ત એવી મહિલાઓ, જે ઇદ્દતમાં હોય અથવા જેમનું ઈદગાહ જવું બૂરાઈ અને ઉપદ્રવનું કારણ હોય અથવા જેમના માટે શરઈ કારણ હોય તેઓ ઈદગાહ નહીં જાય. (નઈલુલ-ઔતાર, ૩/૩૦૬)

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ 'મજમૂઅ અલ-ફતાવા' (૬/૪૫૮-૪૫૯) માં લખે છે - ''રસૂલ અકરમ ﷺ એ બતાવી દીધું છે કે મહિલાઓનું ઘરોમાં નમાઝ અદા કરવું જુમ્આ કે જમાઅતમાં સામેલ થવાથી વધારે સારું છે, સિવાય કે ઈદની નમાઝના; કેમ કે ઈદની નમાઝ માટે આપ (ﷺ) એ નીકળવાનો હુકમ આપ્યો છે - સંભવતઃ એટલા માટે કે — અલ્લાહત્આલા વધારે જાણકાર છે - તેના અમુક કારણો છે :

પહેલું કારણ : વર્ષમાં માત્ર બે વાર ઈદનો પ્રસંગ આવે છે, તેથી જુમ્આ અને જમાઅતથી વિપરીત ઈદોમાં તેમનું નીકળવું સ્વીકાર્ય છે.

બીજું કારણ : જુમ્આ અને જમાઅતથી વિપરીત ઈદોની નમાઝનો કોઈ વિકલ્પ નથી, તેથી સ્ત્રીએ પોતાના ઘરમાં રહીને ઝુહ્રની નમાઝ અદા કરવું જ તેના માટે જુમ્આ છે.

ત્રીજું કારણ : ઈદોમાં અલ્લાહત્આલાના ઝિક્ર અને અઝકાર માટે જંગલ અને વેરાન જગ્યાએ નીકળવું પડે છે, જે અમુક રીતે હજ્જ સમાન છે, અને આ જ કારણસર હાજીઓના સુમેળમાં ઈદે-અકબર (બકર-ઈદ) હજ્જની મોસમમાં રાખવામાં આવેલ છે.''

શાફઈવાળાઓના ત્યાં ઈદોની નમાઝમાં નીકળવા અંગે સ્ત્રીઓના સુંદર અને રૂપવાન ન હોવાનું બંધન છે. તેથી ઈમામ નવવી ﷺ 'અલ-મજમૂઅ' (૫/૧૩)માં લખે છે : ''ઈમામ શાફઈ અને આપના શાગીર્દો (શિષ્યો ﷺ)નું કથન છે કે : ઈદોની નમાઝમાં એવી જ સ્ત્રીઓ સામેલ થઈ શકે છે, જે સુંદર અને રૂપવાન નથી, ખૂબસુરત સ્ત્રીઓનું ઈદોની નમાઝમાં સામેલ થવું મકરૂહ (નાપસંદ) છે.''

આગળ વધુમાં લખે છે : ''મહિલાઓ ઈદોની નમાઝમાં જૂના અને ઘસાઈ ગયેલા કપડાં પહેરીને નીકળશે. એવા કપડાં નહીં પહેરે, જેનાથી તેમનું પ્રદર્શન થાય, સાદા પાણીથી ગુસ્લ (સ્નાન) કરવું તેમના માટે મુસ્તહબ (પસંદગીપાત્ર) છે, ખુશ્બૂ વગેરેનો ઉપયોગ મકરૂહ (નાપસંદ) છે, આ બધા હુકમો એવી વૃદ્ધ અને આધેડ સ્ત્રીઓ માટે છે, જેને કામવાસનાની ઈચ્છા રહી ન હોય અને જેનામાં કોઈ

આકર્ષણ રહ્યું ન હોય; નવયુવાન સુંદર અને સોહામણી સ્ત્રીઓનું ઈદગાહમાં જવું મકરૂહ છે, કેમ કે તેમના જવામાં સ્વયં તેમના અથવા તેમના કારણે બીજાઓનું ફિત્ના અને ફસાદમાં પડવાનો ભય છે. જો એવો વાંધો ઉઠાવવામાં આવે કે આ વાત હઝરત ઉમ્મે અતિય્યહ ﷺ ની ઉપરોક્ત હદીસના વિરુદ્ધ છે, તો અમે કહીશું કે સહીહૈનમાં હઝરત આઈશા ﷺ ની આ હદીસ છે -

જો રસૂલ અકરમ ﷺ આ વાતને જોતાં, જેમને (આજની) સ્ત્રીઓએ શોધી કાઢી છે, તો તેમને (મસ્જિદોમાં જવાથી) રોકી દેતા , જે રીતે બની ઈસરાઈલની સ્ત્રીઓને રોકી લેવામાં આવી હતી.

અને પહેલાંના જમાનાથી વિપરીત આજના જમાનામાં બૂરાઈ અને બગાડના અનેક કારણો અને પરિબળો છે - વલ્લાહ આ'લમ."

હું (લેખક) કહું છું કે આપણા જમાનામાં સ્થિતિ તુલનાત્મક રીતે વધારે ખરાબ છે.

ઈમામ ઈબ્ને જવઝી 'અહકામુન્-નિસા' (પૃ.૩૮)માં ફરમાવે છે - ''હું કહું છું : એ અમે વર્ણવી ચૂક્યા છીએ કે મહિલાઓનું નીકળવું જાયઝ અને વૈધ છે, પરંતુ સ્વયં તેમના અથવા તેમના દ્વારા બીજાઓનું બૂરાઈ અને બગાડ અને ફિત્નાઓમાં પડવાનો ભય હોય, તો ન નીકળવું જ અફઝલ (વધારે સારું) છે; કેમ કે પહેલા જમાનાની મહિલાઓ આનાથી તદ્દન વિપરીત હતી, જે રીતે આજની મહિલાઓનો ઉછેર અને ઘડતર હોય છે, આ જ હાલત પુરુષોની છે."

અર્થાત્, તેમના અંદર અત્યંત ઝુહ્દ (સંયમ) અને નિગ્રહ (ઇન્દ્રિયોને કાબૂમાં રાખવાની શક્તિ, પરહેજ) જોવા મળતા હતા.

ઈસ્લામી બહેનોને અગાઉના લખાણમાં નોંધવામાં આવેલ વાતોથી જાણકારી મળી ગઈ હશે કે શરઈ રીતે ઈદની નમાઝ માટે તેમનું ઈદગાહ જવું જાયઝ છે, એ શરતે કે પરદાનો પ્રબંધ કરવામાં આવે અને સંપૂર્ણ ગૌરવ, ઈજ્જત, પ્રતિષ્ઠા અને મર્યાદાની સાથે નીકળવામાં આવે, અને તેનો હેતુ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનું સામીપ્ય, મુસલમાનોની સાથે તેમની દુઆઓમાં સામેલ થવાનો અને ઈસ્લામી ઓળખના પ્રદર્શનનો હોય, ન કે તેનાથી સાજ-શણગારનું પ્રદર્શન અને બૂરાઈ અને બગાડ અને ફિત્નાઓ ફેલાવવાનો હેતુ હોય. આ સંદર્ભમાં ખૂબ જ કાળજી અને સાવધાની રાખવાની જરૂરત છે.

—◦★◦—

## પ્રકરણ - ૬

# જનાઝાથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

અલ્લાહત્આલાએ દરેક જીવધારી માટે મૃત્યુ લખી દીધું છે. માત્ર તેની જ એક હસ્તી એવી છે, જે શાશ્વત છે, હંમેશા બાકી રહેવાવાળી છે. અલ્લાહનો ઈરશાદ છે :

''માત્ર તારા રબની હસ્તી, જે મહાન અને સર્વોચ્ચ છે, બાકી રહી જશે.''
(સૂરઃ રહમાન, ૨૭)

માનવીઓના જનાઝાઓ માટે કેટલાક ખાસ હુકમો હોય છે, જેને લાગુ કરવાનું જીવતા લોકો માટે જરૂરી હોય છે. આ અનુસંધાનમાં મહિલાઓ અંગેના વિશિષ્ટ હુકમો અને મામલાઓનો ઉલ્લેખ અમે અહીં નીચે કરી રહ્યા છીએ :

૧) **મૃત સ્ત્રીઓને સ્ત્રીઓ જ ગુસ્લ (જનાઝા) કરાવશે.** મહિલાઓને જનાઝાનું ગુસ્લ કરાવવાનું તેમના પતિઓ સિવાય અન્ય પુરુષો માટે જાયઝ નથી. માત્ર પતિ જ પોતાની પત્નીને ગુસ્લ (જનાઝા) કરાવી શકે છે. એ જ પ્રમાણે પુરુષના જનાઝાને પુરુષ જ જનાઝાનું ગુસ્લ કરાવી શકે છે, સ્ત્રીઓ તેને ગુસ્લ કરાવી શકતી નથી. અલબત્ત, પત્ની પોતાના પતિને ગુસ્લ કરાવી શકે છે. તેથી હઝરત અલી ﷺ એ પોતાની પત્ની હઝરત ફાતિમા બિન્તે રસૂલુલ્લાહ ﷺ ને ગુસ્લ આપ્યું હતું., અને હઝરત અસ્મા બિન્તે ઉમૈસ ﷺ એ પોતાના પતિ હઝરત અબૂબક્ર સિદ્દીક ﷺ ને ગુસ્લ આપ્યું હતું.

૨) **સ્ત્રીને પાંચ સફેદ કપડાઓમાં કફન આપવું મુસ્તહબ (વધારે સારું) છે :**

૧. ઈઝાર, જેને તેહબંદની જેમ ઉપયોગ કરવામાં આવશે.

૨. ખિમાર (ઓઢણી), જેને તેના માથા પર બાંધવામાં આવશે.

૩. કમીસ, જે તેને પહેરાવવામાં આવશે.

૪, ૫ બે ઓઢવાની વસ્તુઓ, જે ઉપરોક્ત કપડાઓના ઉપર લપેટવામાં આવશે.

દલીલ હઝરત લૈલા સક્ફિયા ﷺની હદીસ છે, જેમાં તેઓ ફરમાવે છે :

''હઝરત ઉમ્મે કુલસુમ બિન્તે રસૂલુલ્લાહ ﷺ ને તેમના અવસાનના સમયે ગુસ્લ આપવાવાળીઓમાં હું પણ હતી, સૌપ્રથમ વસ્તુ જે આપ ﷺ એ અમને આપી હતી, તે ઈઝાર (તહબંદ) હતી, તે પછી કમીસ આપ્યું, પછી ખિમાર (ઓઢણી), પછી ચાદર આપી, ત્યારબાદ તેમને બે કપડાઓમાં લપેટવામાં આવ્યા.''

હદીસમાં આવેલ શબ્દ 'الحقی' નો અર્થ ઈઝાર (તહબંદ) થાય છે. ઈમામ શૌકાની ﷺ 'નઈલુલ ઔતાર' (૪/૪૨)માં લખે છે : ''ઉપરોક્ત હદીસથી જાણકારી મળે છે કે સ્ત્રીઓના કફનમાં ઈઝાર (તહબંદ), કમીસ, ખિમાર (ઓઢણી), ચાદર અને ઓઢવાની વસ્તુ શરત છે.''

### ૩) મૃત સ્ત્રીના વાળ અંગે હુકમ :

તેના વાળની ત્રણ ચોટીઓ બનાવવામાં આવશે અને તેને પાછળ નાખી દેવામાં આવશે. દલીલ હઝરત ઉમ્મે અતિય્યહ ﷺ ની એ હદીસ છે, જેમાં તેમણે રસૂલુલ્લાહ ﷺ ની સુપુત્રીને ગુસ્લ આપવાની વાત કરી છે, ફરમાવે છે :

''અમે તેમના વાળની ત્રણ ચોટીઓ બનાવીને તેને પાછળ નાખી દીધી હતી.''

### ૪) જનાઝાની સાથે મહિલાઓના ચાલવાનો હુકમ :

હઝરત ઉમ્મે અતિય્યહ ﷺ ફરમાવે છે :

''અમને જનાઝાની સાથે ચાલવાથી રોકવામાં આવ્યા છે, પરંતુ અમારા ઉપર ખૂબ જોર આપવામાં આવ્યું નથી.''

દેખીતી રીતે **نهی** (મનાઈ)થી હરામ હોવાની જાણકારી મળે છે. હઝરત ઉમ્મે અતિય્યહ ﷺ ના કથન '**لم يعزم علينا**' ની વિવરણ અને સમજૂતીમાં શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ 'મજમૂઅ અલ-ફતાવા' (૨૪/૩૫૫)માં ફરમાવે છે : ''બની શકે છે આનાથી તેમનો આશય એ હોય કે **نهی** (મનાઈ)માં ભાર મૂકવામાં આવ્યો નથી, પરંતુ આનાથી હરામ હોવાનો ઈન્કાર નથી થતો, અને એ પણ બની શકે છે કે તેમણે પોતાની રીતે અનુમાન કર્યું હોય કે આ **نهی** હરામ હોવા માટે નથી. હુજ્જત (દલીલ) રસૂલ અકરમ ﷺ ના મુબારક કથનમાં છે, ન કે કોઈ અન્યના અનુમાન અને અટકળમાં.''

### ૫) મહિલાઓ માટે કબરોની ઝ્યારત હરામ છે :

હઝરત અબૂ હુરૈરહ ﷺ ની રિવાયત છે, ફરમાવે છે :

''રસૂલુલ્લાહ ﷺ એ કબરોની (વધારે પડતી) ઝ્યારત કરનારી સ્ત્રીઓ પર લા'નત મોકલી છે.'' (તિરમિઝીએ આને સહીહ કહી છે.)

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ ફરમાવે છે : ''એ તદ્દન સ્પષ્ટ વાત છે કે જો મહિલાઓ માટે આનો દરવાજો ખોલી દેવામાં આવે તો તેમના અંદરની કમજોરી, વધારે પડતા શોક અને આક્રંદની વૃત્તિ તથા સહનશીલતાની કમીના કારણે તેમનો

મામલો ચીસો-પોકારો, રડારડ અન છાતી કૂટવા સુધી જઈને સમાપ્ત થશે. વધુમાં આ અમલ તેમના રૂદન અને કલ્પાંતના કારણે મૃત વ્યક્તિને તકલીફ અને દુ:ખનું પણ કારણ બનશે, કેમ કે આમાં સ્ત્રીઓના અવાજો અને તેમના ચહેરા-મોહરાના કારણે જીવતા લોકો માટે ફિત્નાનો સામાન પણ છે, જેમ કે એક અન્ય હદીસમાં કહેવામાં આવેલ છે :

(તમે લોકો જીવતા લોકોને ફિત્નામાં અને મૃત લોકોને તકલીફમાં મૂકવાવાળી છો.)

જ્યારે કબરોની ઝ્યારત મહિલાઓ માટે સ્વયં તેમના માટે અને બીજા પુરુષો માટે ખૂબ જ હરામ વસ્તુઓમાં પડવાની પ્રસ્તાવના બને છે અને અહીં હેતુ અને આશયની કોઈ હદબંદી કરવામાં આવેલ નથી, તેથી આ સંદર્ભમાં કોઈ એવા પ્રમાણની હદબંદી શક્ય નથી, જે આ હરામ વસ્તુઓ સુધી ન લઈ જનાર હોય, અથવા એ જ પ્રમાણે એક પ્રકાર (ની ઝ્યારત)ને બીજા પ્રકારની ઝ્યારતથી જુદી પાડવી અને વિશિષ્ટ કરવી પણ સંભવ નથી, અને શરીઅતનો એક સર્વસ્વીકૃત નિયમ છે કે જ્યારે કોઈ હુકમમાં હેતુ જાહેર ન હોય કે નક્કી કરી શકાય તેમ ન હોય, તો હુકમને હેતુની આશંકા સાથે સાંકળીને આ બાબતને જ મુખ્ય સાધન કે માધ્યમના રૂપમાં હરામ ઠેરવી દેવામાં આવશે, જે રીતે ફિત્નાઓને ધ્યાનમાં રાખીને છુપાયેલ સાજ-શણગારની તરફ નજર કરવી, અજનબી સ્ત્રીઓની સાથે એકાંતમાં ભેગા થવું, એ જ પ્રકારની અન્ય નજરો હરામ અને પ્રતિબંધિત છે. મહિલાઓ દ્વારા કબરોની ઝ્યારતમાં મય્યત માટે દુઆ સિવાય બીજો કોઈ હેતુ જોવા મળતો નથી, જે ઘરમાં રહીને પણ કરી શકાય છે.'' (મજમૂઅ અલ-ફતાવા, ૨૪/૩૩૫)

## ૬) મૃત વ્યક્તિ માટે માતમ (કલ્પાંત અને વિલાપ) કરવાની મનાઈ :

મય્યતને યાદ કરીને ઊંચા અવાજથી તેના પર રડવું, બેસબરી (ધૈર્યહીનતા)નું પ્રદર્શન કરીને કપડાં ફાડવા, પોતાના ગાલ પર તમાચા મારવા, વાળ ખેંચવા, ચહેરો કાળો કરવો અથવા ચહેરા પર નખોરા ભરવા, તબાહી અને બરબાદીની દુઆઓ કરવી, આ જ પ્રકારના અન્ય કાર્યો જેનાથી ભાગ્ય અને તકદીર પર અવિશ્વાસ અને ધૈર્યહીનતા જાહેર થતી હોય તે તમામ 'નોહા' (કલ્પાંત)માં સામેલ છે અને એ તમામ કાર્યો હરામ અને ગુનાહે-કબીરા છે. દલીલ સહીહૈનની એ હદીસ છે, જેમાં રસૂલુલ્લાહ ﷺ ઈરશાદ ફરમાવે છે :

''એ (વ્યક્તિ) અમારામાંથી નથી, જે ગાલો પર તમાચા મારે, કપડાં ફાડે અને જાહિલોની જેમ બૂમો પાડે (મોટેથી રડારડ કરે).''

સહીહૈનમાં જ એ હદીસ પણ છે, જેમાં રસૂલ અકરમ ﷺ એ صالقه, حالقه અને شاقه થી પોતાના અલગ હોવાની જાહેરાત કરી છે.

صالقه : મુસીબતના સમયે ચીસો પાડનાર અને બૂમાબૂમ કરનાર સ્ત્રી.

حالقه : મુસીબતના સમયે માથું મુંડાવવાવાળી સ્ત્રી.

شاقه : મુસીબતના સમયે કપડાંને ફાડવાવાળી સ્ત્રી.

સહીહ મુસ્લિમની એક બીજી હદીસમાં રસૂલ અકરમ ﷺ એ 'નોહા' કરનાર અને 'નોહા' સાંભળનાર સ્ત્રી પર લા'નત મોકલી છે. તેના શબ્દો આ પ્રમાણે છે.

શબ્દ 'مستمعة'નો અર્થ એ સ્ત્રી છે, જે ઈરાદાપૂર્વક 'નોહા' સાંભળવા જાય, અને તેને 'નોહા' પસંદ હોય.

મુસ્લિમ મહિલાઓએ મુસીબત વખતે આવા હરામ કાર્યોથી બચવું ખૂબ જરૂરી છે. મુસીબત વખતે સબ્ર (ધીરજ)થી કામ લેતાં અલ્લાહતઆલાથી અજ્રો-સવાબ (બદલો અને પુણ્ય)ની અપેક્ષા રાખવી જોઈએ. મુસીબત વખતે આ જ વર્તન તેમના ગુનાઓ માટે કફ્ફારા અને નેકીઓમાં વધારાનું કારણ બની શકે છે. અલ્લાહતઆલાનો ઈરશાદ છે :

''અને અમે કોઈને કોઈ રીતે તમારી અજમાયશ જરૂર કરીશું; દુશ્મનના ડરથી, ભૂખ-તરસથી, જાન અને માલ અને ફળોની કમીથી, અને એ ધૈર્ય કરનારાઓને ખુશખબર આપી દો, જેમને જ્યારે કોઈ મુસીબત આવે છે તો કહી દે છે કે અમે તો સ્વયં અલ્લાહની સંપત્તિ છીએ અને અમે તેની તરફ જ પાછા ફરવાના છીએ. તેમના પર તેમના રબની નવાજેશો અને રહમતો (કૃપાઓ) છે, અને આ જ લોકો સન્માર્ગ પર છે.'' (સૂરઃ બકરહ, ૧૫૫-૧૫૭)

અલબત્ત, મૃત્યુ વખતે એ રીતે રડવું કે એમાં રડારડ, કલ્પાંત, છાતી કૂટવા વગેરે જેવા હરામ અને નાજાયઝ કામ ન થતાં હોય, જેમાં તકદીર અને ભાગ્યથી નારાજગી અને અલ્લાહની ખુશી વિરુદ્ધ વર્તન પ્રગટ ન થતું હોય તો જાયઝ છે, કેમ કે રડવાથી મય્યતથી લગાવ અને હૃદયની નરમાશનો ખ્યાલ આવે છે અને આ પ્રકારના વિલાપ અને આક્રંદ પર કાબૂ મેળવવો પણ સંભવ નથી. તેથી તેની છૂટ આપવામાં આવી છે, બલ્કે અમુક સંજોગોમાં તેને મુસ્તહબ (પસંદગીપાત્ર) પણ કહ્યું છે. والله المستعان.

—○★○—

# રોઝાથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

રમઝાન માસના રોઝા દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી પર 'ફર્ઝ' (ફરજિયાત) છે. રોઝાને ઈસ્લામમાં એક બુનિયાદી સ્તંભની હેસિયત પ્રાપ્ત છે. અલ્લાહત્આલા ઈરશાદ ફરમાવે છે :

''હે ઈમાનવાળાઓ ! તમારા ઉપર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા છે, જે રીતે તમારાથી અગાઉના લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા, જેથી તમે પરહેજગાર (સંયમી) બનો.'' (સૂરઃ બકરહ, આ. ૧૮૩)

આયતમાં 'كُتِبَ' નો અર્થ છે ફર્ઝ કરવામાં આવેલ. જ્યારે છોકરી પુખ્ત ઉંમરે પહોંચી જાય અથવા પુખ્તતાની ઉંમરની નિશાનીઓમાંથી કોઈ એક નિશાની જાહેર થઈ જાય, એમાંથી જ એક માસિક-ધર્મ (ઋતુસ્રાવ)નું આવવું પણ એક નિશાની છે, તો આવી છોકરી માટે રોઝા વાજિબ (આવશ્યક) થઈ જાય છે. કેટલીક બાળકીઓને નવ વર્ષની ઉંમરમાં જ માસિક-ધર્મ શરૂ થઈ જાય છે, પરંતુ તેને ખબર નથી હોતી કે માસિક-ધર્મ શરૂ થઈ ગયા પછી રોઝા તેના પર વાજિબ થઈ જાય છે. તેથી તે પોતાને ઓછી ઉંમરની સમજીને રોઝા રાખતી નથી અને ન તો તેના કુટુંબીજનો તેને રોઝા રાખવાનો હુકમ આપે છે; જ્યારે કે આવું વર્તન ઈસ્લામના એક મહત્ત્વના અને મહાન સ્તંભને છોડીને જબરજસ્ત સુસ્તી અને આળસ અપનાવવા સમાન છે. જો કોઈ સ્ત્રીથી આ પ્રકારની ભૂલનું બાળપણમાં આચરણ થઈ ગયું હોય, તો તેના ઉપર એ તમામ રોઝાઓની કઝા જરૂરી છે, જેને તેણે માસિક-ધર્મ શરૂ થતી વખતે છોડી દીધા હતા, ચાહે તેમાં લાંબો સમય પસાર થઈ ગયો હોય, કેમ કે એ તમામ રોઝા તેના શિરે બાકી છે.[૧]

## ● કયા લોકો પર રોઝા રાખવું વાજિબ છે ?

રમઝાન માસ શરૂ થતાં દરેક બાલિગ (પુખ્ત) મુસલમાન પુરુષ અને સ્ત્રી પર, જો તે તંદુરસ્ત હોય અને 'મુકીમ' (સ્થાયી) હોય (અર્થાત સફરમાં ન હોય), તો રમઝાનના રોઝા ફર્ઝ થઈ જાય છે. જો કોઈ પુરુષ કે સ્ત્રી આ મહિનામાં બીમાર હોય અથવા મુસાફર હોય તો તે ઈફતાર કરી શકે છે, એટલે કે તેને રોઝા ન રાખવાની છૂટ છે. અલબત્ત, (રોગ-મુક્ત થઈ જતાં અથવા સફરની હાલત સમાપ્ત થઈ ગયા પછી) રમઝાન સિવાય બીજા દિવસોમાં છૂટી ગયેલ રોઝાઓની કઝા કરશે, ઈરશાદે-રબ્બાની છે :

૧. રોઝાની કઝાની સાથે પ્રત્યેક દિવસના બદલામાં અડધો સાઅ ઘઉં મિસ્કીનોને આપવા જરૂરી છે.

''તમારામાંથી જે વ્યક્તિ આ મહિનો મેળવે તે રોઝા રાખે; અલબત્ત જો બીમાર હોય કે સફરમાં હોય તેણે બીજા દિવસોમાં આ ગણત્રી પૂરી કરવી જોઈએ.''
(સૂરઃ બકરહ, આ. ૧૮૫)

એ જ પ્રમાણે મોટી ઉંમરનો પુરુષ કે મોટી ઉંમરની સ્ત્રી, જે રોઝા રાખવા શક્તિમાન ન હોય, અથવા કાયમી બીમાર વ્યક્તિ જેના રોગના દૂર થવાની કે તેના રોગ-મુક્ત થવાની કોઈ આશા ન હોય, ચાહે પુરુષ હોય કે સ્ત્રી, તે પણ 'ઇફતાર' કરી શકે છે (એટલે કે રોઝા છોડી શકે છે.) દરેક દિવસના બદલામાં એક મિસ્કીનને દેશમાં પ્રચલિત ભોજનથી અડધો સાઅ આપવું જરૂરી છે. દલીલ અલ્લાહનું ફરમાન છે :

''અને જે લોકો આનું સામર્થ્ય ન રાખતા હોય, તેઓ ફિદયામાં એક મિસ્કીનને ભોજન કરાવે.'' (સૂરઃ બકરહ, આ. ૧૮૪)

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ﷺ ફરમાવે છે : ''આ આયત એવા મોટી ઉંમરના વૃદ્ધ વ્યક્તિ વિશે છે, જેના સ્વાસ્થ્યની કોઈ આશા નથી હોતી. (બુખારી)

અને બીમારીથી મુક્ત થવાની આશા ન હોય એવો બીમાર, તે પણ મોટી ઉંમરના વૃદ્ધ વ્યક્તિના હુકમમાં સામેલ હશે. અશક્તિમાન હોવાને કારણે આ બંને પર રોઝાની કઝા નથી. આયતમાં يطيقون નો અર્થ છે : અત્યંત કઠીનાઈથી સહન કરવું.

મહિલાઓને વિશિષ્ટ રૂપે અમુક કારણોસર રમઝાન માસમાં 'ઇફતાર' (રોઝા ન રાખવા)ની પરવાનગી છે , પરંતુ 'ઉઝ્ર'ના કારણે છોડી દીધેલ રોઝાની કઝા અનિવાર્ય છે. એ કારણો, જેને લઈને મહિલાઓ રોઝા છોડી શકે છે, નીચે મુજબ છે :

## ★ માસિક-ધર્મ કે પ્રસૂતિજન્ય લોહી :

આ બંને સ્થિતિમાં સ્ત્રીઓ માટે રોઝા રાખવા હરામ છે, પરંતુ અન્ય દિવસોમાં છુટેલા રોઝાની કઝા તેમના ઉપર વાજિબ છે. દલીલ હઝરત આઇશા સિદ્દીકા ﷺ ની એ હદીસ છે, જે સહીહૈનમાં આપેલ છે, જેમાં આપ ﷺ ફરમાવે છે :

''અમને રોઝાની કઝાનો હુકમ આપવામાં આવતો હતો, નમાઝની કઝાનો હુકમ આપવામાં આવતો નહોતો.''

આપ ﷺ એ આ વાત એક સ્ત્રીના એ પ્રશ્ન પર ફરમાવી હતી કે શું કારણ છે કે માસિક-ધર્મવાળી સ્ત્રી રોઝાની કઝા કરશે અને નમાઝની કઝા નહીં કરે, તો તેમણે ઉપરોક્ત જવાબ દ્વારા આ સ્પષ્ટતા કરી દીધી કે આ બાબત 'અમ્ર તૌકીફી' (અલ્લાહ દ્વારા અગાઉથી નિર્ધારિત) છે. જેમાં બુદ્ધિ અને અનુમાનની દખલ નથી, તેમાં શરીઅતના હુકમનું પાલન કરવામાં આવશે.

## (૧) માસિક-ધર્મની હાલતમાં રોઝાની મનાઈનું કારણ :

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ 'મજમૂઅ અલ-ફતાવા' (૧૫/૨૫૧)માં લખે છે : ''માસિકના કારણે આવતા લોહીમાં લોહી નીકળતું જોવા મળે છે. રજસ્વલા સ્ત્રી એ સંભવ છે કે માસિકના એ દિવસો સિવાય અન્ય દિવસોમાં રોઝા રાખે, જેમાં લોહી નીકળતું નથી. તેથી આવી સ્થિતિમાં તેનું રોઝા રાખવું યોગ્ય હશે, કેમ કે એમાં શરીરને શક્તિ પહોંચાડનાર, બલ્કે શરીરનું અસલ તત્ત્વ નીકળતું નથી. માસિક-ધર્મની હાલતમાં રોઝા રાખવાથી અનિવાર્ય થઈ જશે કે શરીરનું અસલ તત્ત્વ પણ નીકળે, જે તેના શરીરની નબળાઈ અને સ્વયં તેની કમજોરીનું કારણ બને છે અને તેની સાથે રોઝાનું સંતુલનની હદથી પણ બહાર નીકળવું અનિવાર્ય થઈ જાય છે. મહિલાઓને આના જ કારણે માસિક સિવાય અન્ય દિવસોમાં રોઝા રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે.''

## (૨) ગર્ભાવસ્થા અને બાળકનું ધાવણ :

ગર્ભાવસ્થા અને બાળકના ધાવણ (અર્થાત્ દૂધ પીવડાવવાની હાલત)માં રોઝા રાખવાથી સ્વયં સ્ત્રીને અથવા બાળકને અથવા એક સાથે બંનેને નુકસાન અને હાનિ પહોંચી શકે છે. તેથી સ્ત્રી આ બંને સ્થિતિઓમાં 'ઈફતાર' એટલે કે રોઝા છોડી શકે છે. જો નુકસાન, જેને લઈને તેણે રોઝા છોડી દીધા છે, માત્ર બાળકને થયું હતું, તો છૂટી ગયેલા રોઝાઓની કઝા કરશે અને દરેક દિવસના બદલામાં એક મિસ્કીનને ભોજન કરાવશે, અને જો નુકસાન, સ્ત્રીને પણ થયું હતું, તો તેના ઉપર માત્ર કઝા જરૂરી છે; કેમ કે આયત ''અને જે લોકો આનું સામર્થ્ય ન રાખતા હોય, તેઓ ફિદયામાં એક મિસ્કીનને ભોજન કરાવે. (સૂરઃ બકરહ, આ.૧૮૪) ના મામલામાં ગર્ભસ્થ અને દૂધ પીવડાવનાર સ્ત્રી પણ સામેલ છે. હાફિઝ ઈબ્ને કસીર ﷺ પોતાની તફસીર (૧/૩૭૯)માં ફરમાવે છે :

''ઉપરોક્ત આયતના મતલબમાં ગર્ભસ્થ અને દૂધ પીવડાવનારી સ્ત્રી પણ સામેલ સમજવામાં આવશે, એ શરતે કે તેમને પોતાના અને પોતાના બાળકો અંગે આશંકા હોય.''

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ ફરમાવે છે : ''જો ગર્ભસ્થ સ્ત્રી પોતાના ભ્રૂણ (પેટમાં રહેલ બાળક) અંગે ભય અનુભવતી હોય, તો ઈફતાર કરશે, અને પ્રત્યેક દિવસના બદલામાં એક રોઝા રાખવાની સાથે-સાથે એક મિસ્કીનને એક રતલ[1] રોટી ખવડાવશે.'' (મજમૂઅ અલ-ફતાવા, ૨૫/૩૧૮)

૧. રતલ : ૪૦૮ ગ્રામ જેટલું હોય છે. જૂઓ : الايضاح والتبيان فى معرفة المكيال والميزان. (પૃ. ૫૬ હા.)

## તાકીદ :

(૧) અગાઉના પૃષ્ઠોમાં વર્ણન થઈ ચૂક્યું છે એ રીતે ઈસ્તિહાઝાવાળી (વધુ પડતા કે અજુગતા રક્તસ્રાવવાળી) સ્ત્રી, જેને એવું લોહી આવી રહ્યું હોય, જેને માસિકનું લોહી કહી શકાતું નથી, તેના ઉપર રોઝા ફર્ઝ છે. તેના માટે ઇફતાર (રોઝા છોડવા) જાયઝ નથી.

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ માસિક-ધર્મવાળી સ્ત્રીના ઈફતારના હુકમનું વર્ણન કરતાં ફરમાવે છે : ''ઈસ્તિહાઝાવાળી સ્ત્રીથી વિપરીત, એટલા માટે કે ઈસ્તિહાઝાનું લોહી તમામ દિવસોમાં આવે છે, તેનો કોઈ વિશિષ્ટ અને નિર્ધારિત સમય કે દિવસો નથી હોતા કે તેના સિવાય બીજા દિવસોમાં રોઝા રાખવાનો તેને હુકમ આપવામાં આવે. તેનાથી બચવું પણ અશક્યતાઓમાંથી છે, જે રીતે આપોઆપ ઊલ્ટી થઈ જવી, ઈજા અને ગુમડાઓના કારણે લોહીનું નીકળવું અને વીર્ય-સ્ખલન વગેરેમાં હોય છે, તેનો કોઈ વિશિષ્ટ સમય નથી હોતો કે તેનાથી બચવામાં આવે; તેથી આ તમામ બાબતો રોઝાના વિરુદ્ધ ઠેરવવામાં નહીં આવે, જે રીતે માસિક-ધર્મના લોહી માટે ઠેરવવામાં આવ્યું છે.'' (૨૫/૨૫૧)

(૨) માસિક-ધર્મવાળી સ્ત્રી, ગર્ભસ્થ મહિલા અને દૂધ પીવડાવનારી સ્ત્રીએ છૂટેલા રોઝાની કઝા પછીના રમઝાન માસના આવતાં સુધી અનિવાર્યપણે કરી લેવાની હોય છે. કઝામાં જેટલી ઉતાવળ કરવામાં આવે, એટલું વધારે સારું છે. જો આગળના રમઝાનના શરૂ થવામાં એટલા જ દિવસો રહી ગયા હોય, જેટલા દિવસ તેણે રોઝા છોડી દીધા છે, તો પાછળના રમઝાનના છૂટેલા રોઝાઓની કઝા વાજિબ થઈ જાય છે. તેણે અનિવાર્યપણે છુટેલા રોઝાની કઝા કરી લેવી જોઈએ, જેથી એવું ન થાય કે બીજો રમઝાન શરૂ થઈ જાય અને તેના ઉપર પાછળના રમઝાનના રોઝાની કઝા બાકી હોય, અને જો આવું થઈ ગયું કે પાછળના રોઝાની કઝા કર્યા વગર બીજો રમઝાન શરૂ થઈ ગયો અને વિલંબ કરવાનું કોઈ ઉચિત કારણ ન હોય તો છુટેલા રોઝાની કઝાની સાથે પ્રત્યેક દિવસના બદલામાં એક મિસ્કીનને ભોજન પણ કરાવવું પડશે; અને જો કોઈ શરઈ કારણસર વિલંબ થયો હોય તો માત્ર રોઝાઓની કઝા કરવામાં આવશે. એ જ પ્રમાણે એ તમામ લોકોનો મામલો ઉલ્લેખિત વિગત અનુસાર થશે, જેમના ઉપર બીમારી કે મુસાફરીના કારણે છુટેલા રોઝાઓની કઝા છે, કેમ કે તેઓ આ જ સ્ત્રીઓના હુકમમાં હશે, જેમણે માસિક-ધર્મના કારણે રોઝા છોડી દીધા હતા.

(૩) પતિની હાજરીમાં તેની પરવાનગી વગર કોઈ સ્ત્રી માટે નફલી રોઝા રાખવા

જાયઝ નથી. દલીલ ઈમામ બુખારી અને ઈમામ મુસ્લિમ ﷭ અને અન્ય હદીસવેત્તાઓએ રિવાયત કરેલ હઝરત અબૂ હુરૈરહ ﷛ ની હદીસ છે, જેમાં રસૂલુલ્લાહ ﷺ ઈરશાદ ફરમાવે છે :

''કોઈ સ્ત્રી માટે જાયઝ નથી કે તે રોઝા રાખે અને તેના પતિ હાજર હોય પણ તેની પરવાનગીથી.''

ઈમામ અહમદ અને ઈમામ અબૂ દાઉદ ﷭ ના ત્યાં અમુક રિવાયતોમાં الا رمضان (રમઝાન સિવાય)નો વધારો છે; અર્થાત્ રમઝાનના રોઝાથી અલગ કરવામાં આવેલ છે. તેમના માટે પતિની પરવાનગી મેળવવાની જરૂર નથી. જો પતિએ નફ્લી રોઝાની પરવાનગી આપી હોય અથવા તે ઉપસ્થિત ન હોય અથવા કોઈનો પતિ જ ન હોય, તો એવી સ્ત્રી માટે નફ્લી રોઝા રાખવા મુસ્તહબ છે; વિશેષ રૂપે જે દિવસોમાં રોઝા રાખવાની ફઝીલત બતાવવામાં આવી છે; જેમ કે દોશંબા (સોમવાર) અને જુમ્અરાત (ગુરુવાર)ના દિવસે, દર માસમાં ત્રણ દિવસ (માસિકના દિવસો), ઈદના ત્રીજા દિવસના રોઝા, ઝુલહિજ્જાના દસ દિવસ, અરફાના દિવસે, આશૂરાના દિવસે એક દિવસ પહેલા અથવા એક દિવસ પછીની સાથે. આ તમામ દિવસોમાં રોઝાની ખૂબ ફઝીલત છે. અલબત્ત, રમઝાનના રોઝાની કઝા જો તેના ઉપર છે, તો પહેલા રોઝાઓની કઝા કરશે. કઝા વગર નફ્લી રોઝા રાખવા યોગ્ય નથી. - વલ્લાહ આ'લમ.

(૪) માસિક-ધર્મવાળી સ્ત્રી જો રમઝાનમાં દિવસના સમયે માસિકથી પાક થઈ જાય છે, તો તેણે દિવસનો બાકીનો ભાગ કંઈપણ ખાધા-પીધા વગર પસાર કરવો જોઈએ, અને માસિકના કારણે છુટેલા રોઝાની સાથે તે દિવસની પણ કઝા કરશે, જે દિવસે તે પાક થઈ હતી. તે દિવસનો બાકી ભાગ કંઈપણ ખાધા-પીધા વગર પસાર કરવો રમઝાનના આદર-માનમાં વાજિબ છે.

—◦★◦—

## પ્રકરણ - ૮

# હજ્જ-ઉમરા અંગે સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

ખાનએ-કા'બાની હજ્જ ઉમ્મતે ઈસ્લામિયા પર ફર્ઝે-કિફાયા છે, અને પ્રત્યેક એ મુસ્લિમ પર, જે હજ્જની શરતો પૂરી કરી શકતો હોય, જીવનમાં એક વાર હજ્જ કરવી ફર્ઝ છે. એકથી વધારે વાર હજ્જ નફ્લમાં ગણાશે. હજ્જ ઈસ્લામનો એક સ્તંભ છે, ઉપરાંત મુસ્લિમ મહિલાઓ માટે જિહાદનો દરજ્જો ધરાવે છે. હઝરત આઈશા સિદ્દીકા ﷺ ની હદીસ છે, જેમાં તેમણે રસૂલ અકરમ ﷺ થી પૂછ્યું હતું :

''હે અલ્લાહના રસૂલ ﷺ ! શું સ્ત્રીઓ માટે પણ જિહાદ છે ? આપ ﷺ એ ફરમાવ્યું : હા. તેમના પર એક એવો જિહાદ છે, જેમાં લડાઈ નથી. તે હજ્જ અને ઉમરા છે.'' (ઈમામ અહમદ, ઈમામ ઈબ્ને માજહ ﷺ એ સહીહ સનદથી આ હદીસને રિવાયત કરેલ છે.)

સહીહ બુખારીમાં હઝરત આઈશા ﷺ ની રિવાયત છે, તેમણે રસૂલ અકરમ ﷺ ને પૂછ્યું :

''હે અલ્લાહના રસૂલ ﷺ ! અમે જિહાદને સૌથી અફઝલ (શ્રેષ્ઠ) અમલ સમજીએ છીએ. શું અમે જિહાદ ન કરીએ ? આપ ﷺ એ ફરમાવ્યું : પરંતુ તમારા માટે સૌથી અફઝલ જિહાદ હજ્જે-મકબૂલ છે.''

હજ્જ સંબંધે મહિલાઓના અમુક વિશિષ્ટ મામલાઓ નીચે મુજબ છે :

૧) **મહરમ :** હજ્જની અનિવાર્યતાઓ માટે કેટલીક સામાન્ય શરતો છે, જે આ પ્રમાણે છે - ઈસ્લામ, બુદ્ધિ (સમજ), આઝાદી, બાલિગ (પુખ્ત) હોવું અને આર્થિક સામર્થ્ય.

મહિલાઓ માટે એક વિશિષ્ટ શરત એવા 'મહરમ'નું હોવું પણ છે, જે તેના સાથે હજ્જના સફરમાં નીકળી શકે. મહરમ સ્વયં તેનો પતિ હશે અથવા એવો વ્યક્તિ હશે, જેનાથી લગ્ન-સંબંધ એ મહિલા માટે હંમેશ માટે હરામ હોય; જેમ કે તેના પિતા, અથવા ભાઈ, અથવા પુત્ર, અથવા કોઈ ઉચિત કારણને લઈને હરામ હોય એવી વ્યક્તિ, જેમ કે દૂધભાઈ, અથવા માતાનો પતિ અથવા તેના પતિનો પુત્ર. દલીલ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ﷺ એ રિવાયત કરેલ હદીસ છે, જેમાં છે કે તેમણે રસૂલ અકરમ ﷺ એ કરેલ ખિતાબ (પ્રવચન)માં સાંભળ્યું કે –

''કોઈ (અજનબી) પુરુષ કોઈ સ્ત્રીની સાથે એકાંતમાં ન હોય, પરંતુ એ કે તેની સાથે તેનો મહરમ પણ હોય, અને સ્ત્રી મહરમ વગર સફરમાં ન નીકળે. એક

વ્યક્તિ ઊભો થયો અને કહ્યું : હે અલ્લાહના રસૂલ ﷺ ! મારી પત્ની હજ્જમાં નીકળી છે અને મેં ફલાણા-ફલાણા ગઝવહ (યુદ્ધ)માં મારું નામ લખાવી દીધું છે? આપ ﷺ એ ફરમાવ્યું : જાઓ અને પોતાની પત્નીની સાથે હજ્જ કરો.''

અને હઝરત ઈબ્ને ઉમર ﷺ એ રિવાયત કરેલ એ હદીસ પણ છે, જેમાં રસૂલ અકરમ ﷺ નો ઈરશાદ છે : ''સ્ત્રી ત્રણ (દિવસ)નો સફર ન કરે, પરંતુ એ કે તેની સાથે તેનો મહરમ હોય.''

આ સંદર્ભમાં ઘણી હદીસો મળે છે, જેનાથી સ્ત્રીને મહરમ વગર હજ્જ કે હજ્જ સિવાય નીકળવા અંગે મનાઈની જાણકારી મળે છે, કેમ કે સ્ત્રી એક અબળા અને કમજોર મખ્લૂક છે. સફરમાં એવી વિભિન્ન પ્રકારની પરેશાનીઓ અને મુશ્કેલીઓ આવી શકે છે, જેનો સામનો ફક્ત પુરુષ જ કરી શકે છે. ઉપરાંત, સ્ત્રી બદકાર અને લંપટ પ્રકારના લોકોના બદઈરાદા અને હવસનો ભોગ બની શકે છે. તેથી એવા મહરમનો સાથ હોવો ખૂબ જરૂરી છે, જે તેને સુરક્ષા આપી શકે અને પરેશાનીઓથી બચાવી શકે. સ્ત્રીની સાથે હજ્જમાં નીકળનાર મહરમમાં બુદ્ધિ, સમજદારી, પુખ્તતા અને ઈસ્લામની શરત જરૂરી છે, કેમ કે કાફિર વિશ્વસનીય નથી હોઈ શકતો. જો સ્ત્રીને કોઈ મહરમ ન મળે તો અનિવાર્ય રૂપે કોઈનાથી 'હજ્જે-બદલ' કરાવશે.

૨) નફલ હજ્જ માટે સ્ત્રીએ પોતાના પતિની પરવાનગી લેવી જરૂરી છે, કેમ કે હજ્જમાં નીકળવાના કારણે તેના ઉપર પતિના જે હક્કો આવે છે, તેને નુકસાન પહોંચશે.

'અલ-મુગ્ની' (૩/૨૪૦)માં અલ્લામા ઈબ્ને કદામા ﷺ લખે છે : ''નફલ હજ્જથી પતિ પોતાની પત્નીને મનાઈ કરી શકે છે. અલ્લામા ઈબ્ને અલ-મુન્દિરે આના પર એહલે-ઈલ્મના 'ઈજમાઅ' (સર્વસંમતિ)ની નોંધ કરી છે કે પતિ પોતાની પત્નીને નફલ હજ્જ માટે નીકળવાથી રોકી શકે છે, કેમ કે પતિનો હક્ક પત્ની પર વાજિબ છે, તેથી કોઈ ગેરવાજિબ અમલ દ્વારા વાજિબ અમલને રદ કરી શકાતો નથી, જે રીતે આકા (માલિક)નો મામલો તેના સેવકની સાથે છે.''

૩) સ્ત્રી, પુરુષ તરફથી હજ્જ કે ઉમરામાં પ્રતિનિધિત્વ કરી શકે છે :

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ 'મજમૂઅ અલ-ફતાવા' (૧૩/૨૬)માં લખે છે : ''ઉલ્માની સર્વસંમતિથી એક સ્ત્રી બીજી સ્ત્રીની હજ્જે-બદલ કરી શકે છે, ચાહે છોકરી (પુત્રી) હોય કે કોઈ બીજી સ્ત્રી. એ જ પ્રમાણે અઈમ્મએ-અરબા[1]

૧. ઈમામ અબૂ હનીફા ﷺ, ઈમામ માલિક ﷺ, ઈમામ શાફઈ ﷺ, ઈમામ અહમદ બિન હમ્બલ ﷺ.

અને જમ્હૂર ઉલ્મા[1] ના મતે સ્ત્રી પુરુષની હજ્જે-બદલ કરી શકે છે, કેમ કે રસૂલ અકરમ ﷺ એ ખુશામી સ્ત્રીને પોતાના પિતા તરફથી હજ્જ કરવાનો હુકમ કર્યો હતો, જ્યારે તેણે એવું કહ્યું હતું કે –

''હે અલ્લાહના રસૂલ ﷺ ! અલ્લાહત્આલાના હજ્જના ફર્ઝે મારા પિતાને પામી લીધા છે (અર્થાત્ હજ્જ મારા પિતા પર ફર્ઝ થઈ ગઈ છે), પરંતુ તેઓ ખૂબ વૃદ્ધ છે, તો રસૂલ અકરમ ﷺ એ એ સ્ત્રીને પોતાના પિતા તરફથી હજ્જ કરવાની સૂચના આપી હતી.''

એ વાત જુદી છે કે પુરુષનો એહ્‌રામ સ્ત્રીના એહ્‌રામની સરખામણીમાં વધારે પૂર્ણ હોય છે.

૪) જો હજ્જના સફર દરમ્યાન સ્ત્રી માસિક-ધર્મ કે નિફાસ (પ્રસૂતિ-જન્ય રક્તસ્રાવ)માં ગ્રસ્ત થઈ જાય, તો તે પોતાનો હજ્જનો સફર ચાલુ રાખશે. જો એહ્‌રામની હાલતમાં માસિક-ધર્મ કે નિફાસમાં આવી ગઈ છે તો તે અન્ય પાક-સાફ સ્ત્રીઓની જેમ એહ્‌રામ બાંધશે, કેમ કે એહ્‌રામ બાંધવા માટે તહારત (પાકી, પવિત્રતા) શરત નથી. અલ્લામા ઈબ્ને કદામા 'અલ-મુગ્ની' (૩/૨૯૩-૨૯૪)માં લખે છે : ''સાર એ છે કે મહિલાઓ માટે એહ્‌રામ વખતે પુરુષોની જેમ ગુસ્લ (શરઈ સ્નાન) આવશ્યક છે, કેમ કે આ હજ્જનું એક કાર્ય છે અને માસિક-ધર્મ કે નિફાસવાળી સ્ત્રીઓ માટે આ ગુસ્લ વધારે મહત્ત્વનું બની જાય છે, કેમ કે આ બંને વિશે હદીસ છે. હઝરત જાબિર રદિ. ફરમાવે છે :

''ત્યાં સુધી કે અમે ઝુલ-હલીફા પહોંચ્યા તો હઝરત અસ્મા બિન્તે ઉમૈસ ﵂ ના ત્યાં મુહમ્મદ બિન અબૂબક્રનો જન્મ થયો. તેમણે રસૂલુલ્લાહ ﷺ ની સેવામાં એ પૂછવા માટે મોકલ્યો કે હવે હું શું કરું ? આપ ﷺ એ ફરમાવ્યું : ગુસ્લ કરીને લંગોટ કસી લો અને એહ્‌રામ બાંધી લો.''

હઝરત ઈબ્ને અબ્બાસ ﵄ ની રિવાયત છે કે આપ ﷺ નો ઈરશાદ છે :

''માસિક-ધર્મ અને નિફાસવાળી સ્ત્રીઓ પણ 'મીકાત' (એ જગ્યા જ્યાંથી હાજીઓ એહ્‌રામ બાંધે છે) પર પહોંચીને એહ્‌રામ બાંધી લેશે અને હજ્જના તમામ કાર્યો (વિધિઓ) બજાવશે, સિવાય ખાનએ-કા'બાના તવાફના.''

એ જ પ્રમાણે રસૂલ અકરમ ﷺ એ હઝરત આઇશા ﵂ ને, જ્યારે તેઓ માસિક-ધર્મની હાલતમાં હતા, હજ્જનો એહ્‌રામ બાંધવા માટે ગુસ્લનો હુકમ આપ્યો હતો.

એહ્‌રામ વખતે માસિક-ધર્મ કે નિફાસવાળી સ્ત્રીઓ માટે ગુસ્લનો હેતુ નઝાફત

૧. મોટાભાગના આલિમો

(સ્વચ્છતા) હાસલ કરવાનો અને દુર્ગંધને દૂર કરવાનો છે, જેથી ભીડ વખતે લોકો તેનાથી તકલીફ ન અનુભવે, એ જ પ્રમાણે નજાસત (અશુદ્ધતા અને અપવિત્રતા)માં ઘટાડો કરવાનો છે.

જો એહ્‌રામની હાલતમાં સ્ત્રીને નિફાસ કે માસિક-ધર્મ આવી જાય તો તેનાથી એહ્‌રામ પર કોઈ અસર નહીં પડે, તેથી તે એહ્‌રામની હાલતમાં જ બાકી રહેશે. એહરામમાં મનાઈ કરેલ તમામ બાબતોથી દૂર રહેશે, અલબત્ત બૈતુલ્લાહનો તવાફ માસિક-ધર્મ કે નિફાસથી પાક થયા વગર અને ગુસ્લ કર્યા વગર નથી કરી શકતી. જો 'અરફા'ના દિવસે પણ તે પાક નથી થઈ શકતી અને તેણે 'હજ્જે-તમત્તો'[1]નો એહ્‌રામ બાંધી રાખ્યો હતો, તો તે હજ્જને ઉમરામાં દાખલ કરીને હજ્જનો એહ્‌રામ બાંધી લેશે. આ રીતે તે હજ્જે-કિરાન[2] કરવાવાળી બની જશે, એટલા માટે કે હઝરત આઈશા રદિ.એ ઉમરાનો એહ્‌રામ બાંધી રાખ્યો હતો, જ્યારે તેમને માસિક આવ્યું અને રસૂલુલ્લાહ ﷺ તેમના પાસે આવ્યા, તો તેઓ રડી રહ્યા હતા. આપ ﷺ એ તેમને પૂછ્યું :

''કેમ રડી રહ્યા છો ? કદાચ તમને માસિક આવી ગયું છે ? હઝરત આઈશા ؓ એ જવાબ આપ્યો : જી હા. આપ ﷺ ફરમાવ્યું : આ એક એવી વસ્તુ છે, જે અલ્લાહત્‌આલાએ મહિલાઓ માટે લખી દીધી છે. હજ્જના તમામ અરકાન અદા કરો, સિવાય કા'બાના તવાફના.''

અને હઝરત જાબિર ؓ થી મુત્તફિક અલયહિ રિવાયતમાં છે : ''આના પછી રસૂલ અકરમ ﷺ હઝરત આઈશા ؓ ની પાસે ગયા, તો જોયું કે તેઓ બેસીને રડી રહ્યા હતા. પૂછ્યું : શું વાત છે ? હઝરત આઈશા ؓ એ જવાબ આપ્યો : લોકો ઉમરા કરીને પરવારી ગયા અને હું નથી થઈ, અને ન તો ખાનએ-કા'બાનો તવાફ કર્યો, જ્યારે તવાફ કરીને હવે લોકો હજ્જ માટે નીકળી રહ્યા છે. આપ ﷺ એ ફરમાવ્યું :

''આ એક એવો મામલો છે, જેને અલ્લાહત્‌આલાએ મહિલાઓ માટે ભાગ્ય બનાવી દીધું છે. તેથી ગુસ્લ કરીને તલ્બિયા બોલવાનું શરૂ કરી દો. તેમણે આવું જ કર્યું. તમામ રોકાવાની જગ્યાએ રોકાયા, જ્યારે તેઓ પાક-સાફ થઈ ગયા, તો ખાનએ-કા'બાનો તવાફ કર્યો અને સફા-મરવાની સઈ કરી, તે પછી રસૂલ અકરમ ﷺ એ તેમને કહ્યું : હવે તમે તમારા હજ્જ અને ઉમરા બંનેથી પરવારી ગયા.''

૧. 'તમત્તો'નો અર્થ થાય છે ફાયદો ઉઠાવવો. હજ્જની આ રીતમાં વચ્ચે અમુક દિવસો વ્યક્તિ માટે એ વસ્તુઓ હલાલ થઈ જાય છે, જે હરામ હતી અને તે તેનાથી ફાયદો ઉઠાવે છે, તેથી તેને 'એહ્‌રામ તમત્તો' કહે છે.

૨. 'કિરાન'નો અર્થ મિલાવવાનો થાય છે. એહ્‌રામની આ રીતમાં ઉમરા અને હજ્જને મિલાવવામાં આવે છે, તેથી તેને 'કિરાન' કહે છે. (અનુ.)

અલ્લામા ઈબ્ને કય્યિમ 'તહઝીબુલ સુનન' (૨/૩૦૩)માં લખે છે : ''સહીહ હદીસોથી સ્પષ્ટ રૂપે સાબિત છે કે હઝરત આઈશા ﷺ એ સૌથી પહેલા ઉમરાની તલ્બિયા પઢી હતી (એટલે કે ઉમરાનો એહ્‌રામ બાંધ્યો હતો), તે પછી રસૂલ અકરમ ﷺ એ તેમને જે વખતે તેઓ રજસ્વલા થઈ ગયા, તો હજ્જની તલ્બિયા પઢવાનો હુકમ આપ્યો હતો (એટલે કે હજ્જનો એહ્‌રામ બાંધ્યો હતો), તો આ પ્રમાણે તેઓ 'કારિના' થઈ ગયા. આથી નબી કરીમ ﷺ એ તેમને કહ્યું હતું :

''ખાનએ-કા'બાનો તમારો (એક) તવાફ અને સફા-મરવાની તમારી (એક) સઈ તમારા હજ્જ અને ઉમરા બંને માટે પૂરતી છે.''

૫) સ્ત્રી એહ્‌રામ વખતે શું કરશે ?

સ્ત્રી એહ્‌રામની હાલતમાં એ જ બધા કાર્યો કરશે, જે પુરુષ કરે છે; અર્થાત્ ગુસ્લ કરશે, જરૂર પડે તો વાળ અને નખ કાપશે, ખરાબ ગંધને દૂર કરીને સફાઈ અને શુદ્ધતા પ્રાપ્ત કરશે, જેથી એહ્‌રામની હાલતમાં તેની જરૂર ન પડે, કેમ કે એહ્‌રામની હાલતમાં તેની મનાઈ છે. જો આ વસ્તુઓની જરૂર નથી, તો કોઈ વાત ફરજિયાત નથી, એટલા માટે કે આ વસ્તુઓ એહ્‌રામની વિશિષ્ટતાઓમાં સામેલ નથી. શરીરમાં કોઈ એવું અત્તર લગાવવામાં વાંધો નથી, જે તીવ્ર સુગંધ ન ફેલાવતું હોય. દલીલ હઝરત આઈશા ﷺ ની હદીસ છે, જેમાં તેઓ ફરમાવે છેઃ

''અમે રસૂલ અકરમ ﷺ ની સાથે નીકળતા. એહ્‌રામ વખતે પોતાના કપાળ પર મુશ્કનો લેપ લગાવતા હતા અને જ્યારે કોઈને પરસેવો થતો તો તે વહીને તેના ચહેરા પર આવી જતો. નબી કરીમ ﷺ જોતા અને મનાઈ નહોતા કરતા.''

અલ્લામા શોકાની ﷺ 'નઈલુલ-ઔતાર' (૫/૧૨)માં ફરમાવે છે : ''આપ ﷺ નું મૌન રહેવું છૂટ હોવાની દલીલ છે, એટલા માટે કે આપ ﷺ કોઈ ખોટા કે અસત્ય કામ પર મૌન રહી શકતા નહોતા.''

૬) એહ્‌રામથી પહેલા પહેરેલ નકાબ કે બુરખો એહ્‌રામની નિયત વખતે કાઢી નાખશે :

બુરખો કે નકાબ ચહેરાના એ પરદાને કહે છે, જેમાં બંને આંખોની જગ્યાએ બે કાણા હોય છે, જેના દ્વારા નકાબ ધારણ કરેલ કે બુરખો પહેરેલ મહિલા જુએ છે.

રસૂલ અકરમ ﷺ નો ઈરશાદ છે : ''સ્ત્રી એહ્‌રામની હાલતમાં નકાબ નહીં લગાવે.'' (બુખારી) અને બુરખાની હેસિયત નકાબથી વધારે છે. એ જ રીતે સ્ત્રીએ જો એહ્‌રામથી પહેલા હાથમોજા પહેર્યા હોય તો તે પણ એહ્‌રામની નિયત કરતી વખતે કાઢી નાખશે. 'કિફાઝ' (હાથમોજા) બંને હાથો માટે બનાવેલ એક એવું વિશિષ્ટ વસ્ત્ર છે, જેમાં હાથોને નાખી છુપાવી દેવામાં આવે છે.

સ્ત્રી નકાબ કે બુરખા સિવાય કોઈ બીજી વસ્તુથી પોતાનો ચહેરો છુપાવી શકે છે. વધુમાં હાથોને પોતાના વધારાના વસ્ત્રોની અંદર કરી લેશે, કેમ કે ચહેરો અને બંને હાથ પરદામાં દાખલ છે, જેને એહ્‌રામની હાલતમાં કે એહ્‌રામ વગર પુરુષોથી છુપાવવું વાજિબ છે. શૈખુલ ઈસ્લામ ઈબ્ને તિમિયા ﷺ ફરમાવે છે : ''મહિલાઓ સંપૂર્ણપણે 'ઔરત' (નામહરમથી છુપાવવાની ચીજ) છે. આ જ કારણ છે કે તે એવા કપડાં પહેરશે, જેનાથી સંપૂર્ણપણે શરીર છુપાઈ જાય, અને ઊંટના પલાણથી છાંયડો પણ મેળવી શકે છે. અલબત્ત, નબી કરીમ ﷺ એ નકાબ અને હાથમોજા પહેરવાથી મનાઈ કરી છે. હાથમોજા હાથો માટે કવરના રૂપમાં બનાવવામાં આવે છે. જો સ્ત્રી એહ્‌રામની હાલતમાં પોતાનો ચહેરો કોઈ એવી વસ્તુથી છુપાવે છે, જે ચહેરાને સ્પર્શ ન કરતી હોય તો તે સર્વસંમતિથી જાયઝ છે, અને જો ચહેરાને સ્પર્શ કરતી હોય તો સહીહ મસ્લક અનુસાર એ પણ જાયઝ છે. તેના પર એ વાતની જવાબદારી નાખવામાં નહીં આવે કે પોતાના પરદાને ચહેરાથી, લાકડી કે હાથ કે કોઈ અન્ય વસ્તુ દ્વારા દૂર રાખે, કેમ કે રસૂલ ﷺ એ સ્ત્રીના ચહેરા અને હાથોને સમાન હેસિયત આપી છે, અને બંનેને માણસના શરીર (ધડ)ની હેસિયત પ્રાપ્ત છે, ન કે તેના માથાની હેસિયત. અઝવાજ મુત્તહરાત ﷺ પોતાના ચહેરા પર પરદો નાખી લેતી હતી, એ વાતની પરવા નહોતી કરતી કે તે ચહેરાથી દૂર રહે.''

કોઈ એહલે-ઈલ્મે (જ્ઞાનીએ) રસૂલુલ્લાહ ﷺ ની હદીસની હેસિયતે એ નોંધ્યું નથી કે - احرام المرأة فی وجهها અર્થાત્, સ્ત્રીનો એહ્‌રામ તેના ચહેરામાં છે, બલ્કે આ કેટલાક ઉલ્માએ-સલ્ફનું કથન છે.

અલ્લામા ઈબ્ને કય્યિમ 'તહઝીબુલ સુનન' (૨/૩૫૦)માં લખે : એહ્‌રામની હાલતમાં નકાબ સિવાયની મનાઈના રસૂલ અકરમ ﷺ થી આ સંદર્ભમાં એક શબ્દ પણ સાબિત નથી કે સ્ત્રી પોતાનો ચહેરો ખુલ્લો રાખશે.''

વધુમાં લખે છે : ''હઝરત અસ્મા ﷺથી સાબિત છે કે એહ્‌રામની હાલતમાં તે પોતાના ચહેરાને ઢાંકી રાખતી હતી. હઝરત આઈશા ﷺ ફરમાવે છે : સવારોના કાફલાઓ અમારા પાસેથી પસાર થતા હતા અને અમે રસૂલ અકરમ ﷺ ની સાથે એહ્‌રામની હાલતમાં હોતા. જ્યારે તેઓ અમારા બિલકુલ સામે આવી જતા તો અમે અમારા ચહેરાઓ પર અમારી ચાદરો નાખી દેતા, અને જ્યારે તેઓ અમારાથી આગળ વધી જતા, તો અમે અમારા ચહેરાઓને ખોલી દેતા હતા. (અબૂદાઉદ)''

એહ્‌રામ બાંધેલી સ્ત્રીને ખબર હોવી જોઈએ કે ચહેરા અને હાથોને કોઈ એવી વસ્તુથી છુપાવવાની મનાઈ છે, જે વિશેષ રૂપે એના માટે જ સીવડાવેલ હોય, જેમ કે નકાબ અથવા હાથમોજા. (પરંતુ તેની સાથે) નામહરમ લોકોથી ચહેરો

અને બંને હાથોને દુપટ્ટા (ઓઢણી) અથવા કપડા દ્વારા છુપાવવું વાજિબ છે, અને એ વાતની કોઈ હકીકત નથી કે લાકડી અથવા પાઘડી વગેરે જેવી કોઈ વસ્તુ રાખીને પરદાને ચહેરાને સ્પર્શ કરવાથી દૂર રાખવામાં આવે.

૭) એહ્‌રામમાં મહિલાઓ માટે ખાસ સ્ત્રી-વસ્ત્રોનો ઉપયોગ જાયઝ છે, એ શરતે કે તેમાં સાજ-શણગાર ન હોય અને પુરુષોના વસ્ત્રો જેવા ન હોય, અને ન એટલા તંગ અને ચુસ્ત હોય કે શરીરના અંગોનો ઘાટ દેખાય, અને ન એટલા બારીક હોય કે તેના નીચેથી શરીર ઝળકે, અને ન એટલા નાના હોય કે હાથ અને પગ ખુલ્લા રહે; બલ્કે લાંબા, જાડા અને પહોળા હોવા જરૂરી છે. અલ્લામા ઈબ્ને અલ-મન્ઝર ﷺ ફરમાવે છે, ''એહલે-ઈલ્મની એ બાબતે સંમતિ છે કે સ્ત્રી એહ્‌રામની હાલતમાં કમીસ, પાયજામો, ઓઢણી અને મોજા વાપરી શકે છે.'' (અલ-મુગ્ની, ૩/૩૨૮)

પોશાકના સંદર્ભમાં સ્ત્રી કોઈ ખાસ પ્રકારના રંગની પાબંદ નથી, બલ્કે તે પોતાને યોગ્ય લાગે એ રંગ, ચાહે લાલ, લીલો, કાળો કોઈપણ રંગનો પોશાક પહેરી શકે છે, બલ્કે કોઈ એક રંગના પહેરેલા પોશાકને જ્યારે ઈચ્છે ત્યારે બીજા રંગના પોશાકથી બદલી શકે છે.

૮) એહ્‌રામ પછી મહિલાઓ માટે 'તલ્બિયા' બોલવું સુન્નત છે, પરંતુ એટલા અવાજથી કે તે પોતે તેને સાંભળી શકે. અલ્લામા ઈબ્ને અબ્દુલ બિર્ર ફરમાવે છે : ''ઉલ્માનો એ બાબતે ઈજમાઅ છે કે સ્ત્રી માટે આ જ મસ્નૂન છે કે તે ઊંચા અવાજથી 'તલ્બિયા' નહીં પઢે, બલ્કે એટલા અવાજથી 'તલ્બિયા' પઢશે કે તે પોતે તેને સાંભળી શકે. 'ફિત્ના' ના ડરથી ઊંચા અવાજે 'તલ્બિયા' પઢવું તેના માટે મક્રૂહ (નાપસંદ) છે. તેથી જ મહિલાઓ માટે ન તો અઝાન શરત છે અને ન ઈકામત, અને નમાઝમાં (ભૂલ જાય તો) સચેત કરવા માટે તસ્બીહ (સુબ્હાનલ્લાહ)ના બદલે તાળી વગાડવી તેના માટે મસ્નૂન છે.'' (અલ-મુગ્ની, ૨/૩૩૦-૩૩૧)

૯) કા'બાના તવાફ વખતે મહિલાઓ પર સંપૂર્ણ સતરપોશી (શરીરને છુપાવવું), અવાજ ધીમો રાખવો, નજર નીચી રાખવી અને પુરુષોની ભીડમાં, ખાસ કરીને હજ્રે-અસ્વદ અને રુક્ને-યમાનીના નજીક ન જવું વાજિબ છે. મતાફ (તવાફ કરવાની જગ્યા)ના તદ્દન નજીકના ભાગમાં બૈતુલ્લાહની પાસે રહીને તવાફ કરવાની સરખામણીમાં મતાફના બિલકુલ છેલ્લા ભાગમાં, જ્યાં પુરુષોની ભીડ ન હોય, તેમનું તવાફ કરવું વધારે સારું અને અફઝલ (શ્રેષ્ઠ) છે, કેમ કે પુરુષોની સાથે ભીડ કરવી ફિત્નાના કારણે હરામ છે અને બૈતુલ્લાહ (ખાનએ-કા'બા)થી નજીક રહેવું અને હજ્રે-અસ્વદનું ચૂમવું જો સહેલાઈથી કરવું સંભવ પણ હોય તો એ વધારેમાં વધારે ફક્ત સુન્નત છે, તેથી એક સુન્નત મેળવવા માટે હરામ કામ ન કરવું જોઈએ,

બલ્કે આ પરિસ્થિતિમાં તેમના માટે આ બંને પર અમલ કરવાની સુન્નત પણ બાકી રહેતી નથી, કેમ કે આ સ્થિતિમાં તેમના માટે મસ્નૂન એ જ છે કે જ્યારે હજ્રે-અસ્વદ બરાબર સામે હોય તો માત્ર ઈશારો કરશે.

ઈમામ નવવી ﷫ 'અલ-મજમૂઅ' (૮/૩૭)માં લખે છે : ''આપણા અસ્હાબ (ઉલ્માએ મઝહબ)નું કથન છે કે મહિલાઓ માટે હજ્રે-અસ્વદનો બોસો અથવા તેનો ઈસ્તિલામ (હાથથી સ્પર્શીને તેને ચૂમવું) ગૈર-મુસ્તહબ છે, કેમ કે આમાં તેમના પોતાના માટે અને બીજા લોકો માટે નુકસાન અને ફિત્નો છે. પરંતુ એ કે રાત્રે વગેરેમાં જ્યારે મતાફ ખાલી હોય, તો આવું કરી શકે છે.''

અલ્લામા ઈબ્ને કદામા ﷫ 'અલ-મુગ્ની' (૩/૩૩૧)માં લખે છે : ''મહિલાઓ માટે રાત્રે તવાફ કરવું મુસ્તહબ છે, કેમ કે રાતના સમયે તવાફમાં વધારે સતરપોશી થઈ શકે છે, અને ભીડ પણ ઓછી હોય છે. તે વખતે બૈતુલ્લાહની નજીક અને હજ્રે-અસ્વદનો 'ઈસ્તિલામ' પણ તેમના માટે સંભવ હોય છે.''

૧૦) અલ્લામા ઈબ્ને કદામા ﷫ 'અલ-મુગ્ની' (૩/૩૯૪)માં લખે છે : ''મહિલાઓના તવાફ અને તેમની સઈમાં રાબેતા મુજબ ચાલવાનું હોય છે. અલ્લામા ઈબ્ને અલ-મુન્ઝર ફરમાવે છે : એહલે-ઈલ્મનો એ બાબતે 'ઈજમાઅ' (સર્વસંમતિ) છે કે કા'બાના તવાફમાં મહિલાઓ પર 'રમલ' (ઝડપથી સૈનિકની જેમ ચાલવું) નથી અને ન તો સફા અને મરવાની સઈ છે. એ જ રીતે તેમના પર ઈઝ્તિબાઅ (જમણા ખભાને ખોલવું) પણ નથી, કેમ કે રમલ (ઝડપથી ચાલવું) અને ઈઝ્તિબાઅનો હેતુ તાકાત અને શક્તિનું પ્રદર્શન છે અને મહિલાઓ માટે તાકાત અને શક્તિનું પ્રદર્શન અપેક્ષિત નથી, બલ્કે તેમનાથી સતરપોશી (શરીરને છુપાવવું) અપેક્ષિત છે. રમલ અને ઈઝ્તિબાઅમાં આનાથી વિપરીત બેપર્દગી જોવા મળે છે.

૧૧) રજસ્વલા સ્ત્રી તહારત હાંસલ કર્યા સુધી હજ્જની કઈ વિધિઓ અદા કરશે ?

રજસ્વલા (માસિક-ધર્મવાળી સ્ત્રી) હજ્જની તમામ વિધિઓ અદા કરશે. એહ્‌રામ બાંધશે, અરફામાં રોકાણ કરશે, મુઝદલ્ફામાં રાત વિતાવશે, કાંકરીઓ મારશે; અલબત્ત બૈતુલ્લાહનો તવાફ પાક થતાં પહેલા નહીં કરે. દલીલ હઝરત આઈશા ﵂ ની હદીસ છે, જેમાં રસૂલ અકરમ ﷺ એ માસિક આવવા પર તેમને કહ્યું હતું : ''હજ્જની તમામ વિધિઓ અદા કરો, અલબત્ત પાકી હાંસલ કરવા સુધી બૈતુલ્લાહના તવાફથી રોકાઈ રહો.''

ઈમામ મુસ્લિમ ﷫ ની એક રિવાયત છે :

''હજ્જની એ તમામ વિધિઓ અદા કરો, જેને એક હાજી અદા કરે છે;

અલબત્ત બૈતુલ્લાહનો તવાફ ન કરો, ત્યાં સુધી કે ગુસ્લ (તહારત, પાકી)થી ફારેગ થઈ જાઓ.''

ઈમામ શૌકાની 'નઈલુલ-ઔતાર' (૫/૪૯)માં લખે છે : ઉપરની હદીસથી રજસ્વલા સ્ત્રી માટે તવાફની મનાઈ સ્પષ્ટ રૂપે સાબિત થાય છે, ત્યાં સુધી કે માસિકનું લોહી બંધ થઈ જાય અને તે ગુસ્લ (તહારત)થી ફારેગ થઈ જાય. આ મનાઈ ફસાદ (બગાડ)ને કારણે છે, જેનાથી અમલનું ખોટું હોવાનો મતલબ છે, તેથી રજસ્વલાનો તવાફ બાતિલ (ખોટો) છે. આ જમ્હૂર આલિમોનું કથન છે.''

સફા-મરવાની વચ્ચે સઈ પણ નહીં કરે, કેમ કે સઈ એ તવાફ પછી સાચી (દુરસ્ત) હોઈ શકે છે, જેને હજ્જના રુક્નની હેસિયત પ્રાપ્ત હોય, એટલા માટે કે નબી કરીમ ﷺ એ તવાફ પછી જ સઈ કરી છે. ઈમામ નવવી 'અલ-મજમૂઅ' (૮/૮૨)માં લખે છે : ''જો કોઈએ તવાફથી પહેલા સઈ કરી લીધી, તો અમારા મતે તેની સઈ દુરસ્ત નહીં હોય. આ જ જમ્હૂર ઉલ્માનું કથન છે. ઈમામ માવરદીથી અમે એ નોંધ્યું છે કે તેમણે આ વિશે ઈજ્માઅ (સર્વસંમતિ) નોંધેલ છે. ઈમામ અબૂ હનીફા, ઈમામ માલિક અને ઈમામ અહમદ رحمهم الله નો પણ આ જ મઝહબ છે. અલ્લામા ઈબ્ને અલ-મુન્ઝિરે ઈમામ અતાઅ અને કેટલાક એહલે-હદીસથી આના પ્રમાણની નોંધ કરી છે (અર્થાત્ જો તવાફથી પહેલા સઈ કરી લીધી તો તેની સઈ સાચી માનવામાં આવશે.) આપણા અસ્હાબે (ઉલ્માએ-મઝહબે) ઈમામ અતાઅ અને દાઉદ (ઝહરી) رحمهم الله થી આને નકલ કરેલ છે.

આપણી દલીલ એ છે કે નબી કરીમ ﷺ એ તવાફ પછી જ સઈ કરી હતી અને ફરમાવ્યું હતું કે - ''મારાથી હજ્જની વિધિઓ (રીત) મેળવી લો.''

રહી સહાબીએ રસૂલ ઈબ્ને શરીક رضي الله عنه ની હદીસ, જેમાં તેઓ ફરમાવે છે : ''હું હજ્જ માટે રસૂલ અકરમ ﷺ ની સાથે નીકળ્યો હતો. લોકો આપની પાસે આવતા; કેટલાક કહેતા : હે અલ્લાહના રસૂલ ﷺ ! મેં તવાફથી પહેલા સઈ કરી લીધી, અથવા એ કે મેં એક અમલને બીજા અમલ પહેલા કે પછી કરી લીધો, તો આપ ﷺ એ ફરમાવતા : ''કંઈ વાંધો નથી, સિવાય એ વ્યક્તિના કે જેણે મુસલમાન વ્યક્તિની ઈજ્જત અતિરેકથી બરબાદ કરી, તો તે અલબત્ત તબાહ થઈ ગયો, નુકસાનમાં પડી ગયો. (અર્થાત્ ગુનેગાર થયો.)

તો આ હદીસને ઈમામ અબૂ દાઉદ رحمه الله એ સહીહ સનદથી રિવાયત કરેલ છે. તેના તમામ રાવીઓ (રિવાયત કરનારાઓ) સહીહૈનના રાવીઓ છે, સિવાય સહાબીએ રસૂલ ઈમામ ઈબ્ને શરીક رضي الله عنه ના.

આ હદીસને અલ્લામા ખત્તાબી વગેરેએ જે અર્થ અને ભાવાર્થમાં લીધી છે, તે રીતે જ તેને સમજવામાં આવશે અને તે એ છે કે પ્રશ્નકર્તાનું એ કહેવું કે મેં તવાફથી પહેલા સઈ કરી લીધી, અર્થાત્ 'તવાફે-કુદુમ' (મસ્જિદે-હરામમાં સૌપ્રથમ વખત દાખલ થાઓ ત્યારે કરવામાં આવતો તવાફ) પછી અને 'તવાફે-અફાઝા' (૧૦ ઝુલહિજ્જાએ મિનાથી મક્કા-મુકર્રમા પાછા ફરીને કરવામાં આવતો તવાફ)થી પહેલા સઈ કરી લીધી.''

ઉસ્તાદ મુહતરમ મુહમ્મદ અમીન અલ-શનકિતી ﷺ પોતાની તફસીર 'અઝવાઉલ અંબિયા' (૫/૨૫૨)માં ફરમાવે છે : ''સ્પષ્ટ રહે કે જમ્હૂર એહલે-ઈલ્મનું કથન છે કે સઈ તવાફ પછી જ સાચી હોઈ શકે છે. જો તવાફથી પહેલા સઈ કરી લીધી તો એ સઈ જમ્હૂરના નજીક સાચી નહીં હોય. આને માનનારાઓમાં અઈમ્મએ-અરબા પણ સામેલ છે, ઈમામ માવરદી વગેરેએ આ બાબતે ઈજમાઅ (સર્વસંમતિ) નોંધેલ છે.''

આના પછી શૈખ મહોદયે ઈમામ નવવીની વાત અને સહાબીએ રસૂલ ઈબ્ને શરીક ﷺ ની હદીસના જવાબની નોંધ કરી છે, જેનો ઉપર ઉલ્લેખ કરવામાં આવેલ છે. પછી ફરમાવે છે : ''હદીસમાં પ્રશ્નકર્તાના એ કથન (قبل أن أطوف)નો મતલબ 'તવાફે-અફાઝા' છે, જેને રુકૂનની હેસિયત પ્રાપ્ત છે, અને આ એ વાતના વિરુદ્ધ નથી કે તેણે 'તવાફે-કુદુમ'ના પછી સઈ કરી હતી, જેને રુકૂનની હેસિયત હાંસલ નથી.''

અલ્લામા ઈબ્ને કદામા 'અલ-મુગ્ની' (૫/૨૫૦)માં લખે છે : ''સઈ તવાફના તાબે છે, તેથી તવાફથી પહેલા સઈ કરવું દુરસ્ત નથી. જો તવાફથી પહેલા કોઈએ સઈ કરી લીધી, તો આ સઈ સાચી નહીં હોય. ઈમામ માલિક, ઈમામ શાફઈ અને અસ્હાબુલ-રાય (વિશેષજ્ઞો)નું કથન આ જ છે. ઈમામ અતાઅ ﷺ ના કથન અનુસાર આ સઈ સાચી થઈ જશે. ઈમામ અહમદ ﷺ ની રિવાયત છે કે જો ભૂલથી સઈ પહેલા કરી લીધી તો સાચી થઈ જશે અને જો ઈરાદાપૂર્વક કરી છે તો દુરસત નહીં હોય; કેમ કે રસૂલ અકરમ ﷺ ને અજાણતાવશ અને ચૂકના રૂપમાં પહેલા અને પછી વિશે પ્રશ્ન કરવામાં આવ્યો હતો, તો આપ ﷺ એ 'لاحرج' (અર્થાત્ કંઈ વાંધો નહીં) ફરમાવ્યું હતું.

પહેલા જણાવેલ મસ્લકની સમજૂતી એ છે કે રસૂલ અકરમ ﷺ તવાફ પછી સઈ કરી હતી, અને ફરમાવ્યું હતું : ''તમારા હજ્જની રીત (વિધિઓ) મારાથી શીખી લો.''

પાછળના પૃષ્ઠોથી વાત સ્પષ્ટ થઈ ગઈ કે તવાફથી પહેલા સઈને સાચી

ઠેરવનારાઓનું હઝરત ઈબ્ને શરીક ﷺ ની ઉલ્લેખિત હદીસથી દલીલ કરવું દુરસ્ત નથી. હદીસમાં આ મામલાની કોઈ ચર્ચા જ કરવામાં આવી નથી, કેમ કે ઉલ્લેખિત હદીસ બેમાંથી કોઈ એક હાલત પર આધારિત માનવામાં આવશે; કાં તો આ હદીસ એ વ્યક્તિ માટે છે, જેણે 'તવાફે-અફાઝા'થી પહેલા અને 'તવાફે-કુદુમ' પછી સઈ કરી, તેથી તેની સઈ તવાફ પછી જ થઈ, અથવા આ હદીસ ભૂલનો ભોગ બની ગયેલ અને અજાણ્યા માટે છે, ઈરાદાપૂર્વક તવાફથી પહેલા સઈ કરનાર વિશે નથી. આ મામલામાં મેં થોડીક વિગતવાર ચર્ચા કરી છે, કેમ કે આજના જમાનામાં એવા લોકો જોવા મળ્યા છે, જેઓ ખરેખર તવાફથી પહેલા સઈના ઉચિત હોવાનો ફતવો (ધર્માદેશ) આપી રહ્યા છે -

## સાવધાની :

તવાફથી ફારેગ થયા પછી જો સ્ત્રીને માસિક આવી જાય તો માસિક-ધર્મની હાલતમાં જ સઈ કરી શકે છે, કેમ કે સઈ માટે તહારત (પાકી) અનિવાર્ય શરત નથી. અલ્લામા ઈબ્ને કદામા ﷺ 'અલ-મુગ્ની' (૫/૨૪૬)માં લખે છે : ''મોટાભાગના એહલે-ઈલ્મ (ધર્મજ્ઞાનીઓ)ના મતે સઈ માટે તહારત શરત નથી. તેને માનનારાઓમાં ઈમામ અતાઅ, ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અબૂ સૂર ﷺ તથા અન્ય અસ્હાબુલ-રાય (ધર્મ-વિશેષજ્ઞો) સામેલ છે.''

વધુમાં લખે છે : ''ઈમામ અબૂ દાઉદ ﷺ ફરમાવે છે : મેં ઈમામ અહમદ રહ.ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે જો સ્ત્રીને તવાફે-કા'બા કર્યા પછી માસિક આવી જાય, તો સફા-મરવાની સઈ કરીને પાછી નીકળી શકે છે. હઝરત આઈશા રદિ.ની રિવાયત છે, તે ફરમાવે છે : તવાફે-કા'બા અને તેની બે રકા'તો પઢ્યા પછી સ્ત્રીને માસિક આવી જાય તો સફા-મરવાની સઈ કરી શકે છે.'' (અસરમે આને રિવાયત કરેલ છે.)

૧૨) ચાંદ છુપાઈ ગયા પછી લોકોની ભીડના ભયથી મહિલાઓનું કમજોર અને વૃદ્ધ લોકોની સાથે મુઝદલ્ફાથી કૂચ કરવું અને મિના પહોંચીને જમરએ-ઉકબા (મોટા શૈતાન)ને કાંકરીઓ મારવું જાયઝ છે. અલ્લામા મૌફુકુદ્દીન ઈબ્ને કદામા 'અલ-મુગ્ની' (૫/૩૮૬)માં લખે છે : ''કમજોર, વૃદ્ધ લોકો અને મહિલાઓને (મુઝદલ્ફાથી મિના માટે) પહેલા રવાના કરી દેવામાં કોઈ વાંધો નથી. (સહાબાએ કિરામમાંથી) હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ﷺ અને હઝરત આઈશા ﷺ પોતાના પરિવારના વૃદ્ધ અને કમજોર લોકોને પહેલા જ રવાના કરી દેતા હતા. ઈમામ અતાઅ, સૂરી, શાફઈ, અબૂ સૂર ﷺ, ઉપરાંત અન્ય અસ્હાબુલ-રાયનો આ જ મસ્લક છે. અમારી જાણકારી અનુસાર આ બાબતે કોઈએ ઉપરના કથનનો વિરોધ

કર્યો નથી. એક કારણ એ પણ છે કે આમાં કમજોર અને અશક્ત લોકોની સાથે નરમી અને પ્રેમ જોવા મળે છે. ઉસ્વએ રસૂલ ﷺ ના અનુસરણની સાથે ભીડભાડ અને બથ્થંબથ્થાની તકલીફથી તેમને બચાવવા અને સુરક્ષા આપવાનો હેતુ પણ છે.''

અલ્લામા શોકાની ﷫ 'નઈલુલ-ઔતાર' (૫/૭૦) માં લખે છે : ''દલીલોથી સાબિત થાય છે કે જેમને છૂટછાટ આપવામાં આવી નથી એવા લોકો માટે કાંકરી મારવાનો સમય સૂર્ય નીકળ્યા પછી છે, અને જેમને છૂટછાટ આપવામાં આવેલ છે, જેમ કે મહિલાઓ, વૃદ્ધો અને કમજોર લોકો, આ લોકો માટે સૂર્ય નીકળ્યા પહેલા કાંકરીઓ મારવી જાયઝ છે.''

ઈમામ નવવી 'અલ-મજમૂઅ' (૮/૧૨૫)માં ઈમામ શાફઈ ﷫ અને અન્ય ઉલ્માએ-મઝહબથી નોંધતા લખે છે : ''કમજોર, વૃદ્ધો અને મહિલાઓ વગેરે માટે સુન્નત એ છે કે તેમણે અડધી રાત પછી ફજ્રના નીકળવાના પહેલા મુઝદલ્ફાથી મિના માટે રવાના કરી દેવામાં આવે, જેથી લોકોની ભીડથી પહેલા જમરએ-ઉકબા (મોટા શૈતાન)ને કાંકરીઓ મારીને ફારેગ થઈ જાય.'' આના પછી લેખકે દલીલના રૂપે વિભિન્ન હદીસોનો ઉલ્લેખ કર્યો છે.

૧૩) મહિલાઓએ હજ્જ કે ઉમરામાં પોતાના વાળને મુંડાવવા જાયઝ નથી, બલ્કે વાળના ઉપરના ભાગથી માત્ર એક આંગળી બરાબર વાળ કાપી લેશે. અલ્લામા કદામા 'અલ-મુગ્ની' (૫/૩૧૦) માં લખે છે : ''મહિલાઓ માટે કસ્રૂ (અર્થાત્ વાળ નાના કરવા) શરત છે, ન કે હલક (વાળ મુંડાવવા). આમાં ઉલ્મા દરમ્યાન કોઈ મતભેદ નથી. આના પર અલ્લામા ઈબ્ને અલ-મન્ઝરે એહલે-ઈલ્મની સર્વસંમતિ નોંધી છે, કેમ કે તેમના માટે હલક (અર્થાત્ વાળ મુંડાવવા) એક પ્રકારે મુસ્લા (અલ્લાહની બનાવેલ રૂપ-સ્વરૂપને બગાડી નાખવું) છે. હઝરત ઈબ્ને અબ્બાસ ﷛થી મરફૂઅન્ રિવાયત છે કે રસૂલ અકરમ ﷺ એ ફરમાવ્યું :

''મહિલાઓ પર હલક નથી, બલ્કે તેમના માટ કસર છે.''

અને હઝરત અલી ﷛ની રિવાયત છે : ''રસૂલુલ્લાહ ﷺ એ મહિલાઓને હલક કરાવવાથી મનાઈ કરી છે.''

ઈમામ અહમદ રહ.નું કહેવું છે કે સ્ત્રી દરેક ચોટીથી એક આંગળીના વેઢા બરાબર વાળ કાપી લેશે. આ જ હઝરત ઈબ્ને ઉમર રદિ., ઈમામ શાફઈ, ઈસ્હાક અને અબૂ સૂર રહ.નું પણ કથન છે. ઈમામ અબૂ દાઉદ રહ. ફરમાવે છે : ''મેં ઈમામ અહમદ રહ.થી સાંભળ્યું છે કે તેમને એક એવી સ્ત્રી વિશે પ્રશ્ન કરવામાં આવ્યો, જે પોતાના તમામ વાળથી લઈને કસર કરતી હોય ? તેમણે જવાબ આપ્યો : હા, તમામ વાળને આગળના ભાગ પર ભેગા કરીને તેના માથા પરથી

એક આંગળી બરાબર કાપી લેશે.''

ઈમામ નવવી 'અલ-મજમૂઅ' (૮/૧૫૦, ૧૫૪)માં લખે છે : ''ઉલ્માનો આના પર ઈજમાઅ છે કે મહિલાઓને હલક (વાળ મુંડાવવા)નો હુકમ આપવામાં આવશે નહીં, બલ્કે તેને નાના કરવાનાં છે, એટલા માટે કે હલક તેમના માટે બિદઅત અને મુસ્લા (પ્રાકૃતિક વસ્તુને બગાડી નાખવું) છે.''

૧૪) જમરએ-ઉકબાને કાંકરી મારવા અને વાળને નાના કર્યા પછી સ્ત્રી પોતાના એહ્‌રામના બંધનથી આઝાદ થઈ જાય છે. એહ્‌રામના કારણે જે વસ્તુઓ તેના પર હરામ હતી, બધી હલાલ થઈ જશે; અલબત્ત, તે પતિ માટે હલાલ નહીં હોય. તવાફે-અફાઝા (ઝ્યારત)થી પહેલા પતિને પત્નીથી સંભોગની પરવાનગી નથી, અને સ્ત્રી પોતાના પતિને તવાફે-ઝ્યારતથી પહેલા તેની પરવાનગી પણ આપી શકતી નથી. જો આ દરમ્યાન પતિએ તેનાથી સંભોગ કરી લીધો, તો તેના પર ફિદ્‌યા વાજિબ થઈ જશે, અર્થાત્‌ મક્કામાં એક બકરી ઝબેહ કરીને તેના માંસને હરમના ફકીરો અને ગરીબોમાં વહેંચવું પડશે, કેમ કે પતિએ હલાલે-અવ્વલ પહેલા 'વતી' (સંભોગ, મૈથુન) કરેલ છે.

૧૫) તવાફે-અફાઝા (ઝ્યારત) પછી જો સ્ત્રીને માસિક આવી જાય તો તેને પરવાનગી છે કે જ્યારે ઈચ્છે, સફર કરી શકે છે. તવાફે-વિદાઅ તેનાથી સાકિત (નિરસ્ત) થઈ જશે. દલીલ હઝરત આઈશા ﵂ની હદીસ છે, જેમાં ફરમાવે છે :

''સફિયા બિન્તે હય્ય ﵂ ને તવાફે-અફાઝા પછી માસિક આવી ગયું. હઝરત આઈશા ﵂ ફરમાવે છે : મેં રસૂલ અકરમ ﷺ ની સામે આનો ઉલ્લેખ કર્યો, તો આપ ﷺ એ ફરમાવ્યું : શું તે આપણાને રોકી લેશે ? મેં કહ્યું : તેમણે તવાફે-અફાઝા કરી લીધો છે. તવાફે-અફાઝા પછી તેમને માસિક આવી ગયું છે. આપ ﷺ એ ફરમાવ્યું : ત્યારે તો તે પાછી નીકળી જાય.''

હઝરત ઈબ્ને અબ્બાસ ﵄ ની રિવાયત છે, તેઓ ફરમાવે છે :

''લોકોને એ વાતનો હુકમ આપવામાં આવ્યો છે કે તેમનો છેલ્લો સમય ખાનએ-કા'બાના તવાફની સાથે હોય (અર્થાત્‌ તવાફે-વિદાઅ કરે.) પરંતુ રજસ્વલા માટે આમાં છૂટછાટ કરી દેવામાં આવી છે. (અર્થાત્‌ આનાથી તેને માફ કરી દેવામાં આવેલ છે.)''

ઈબ્ને અબ્બાસ ﵄ ની જ એક રિવાયત છે, જેમાં તેઓ ફરમાવે છે :

''નબી કરીમ ﷺ એ રજસ્વલાને તવાફ (વિદાઅ)થી પહેલા પરત થવાની પરવાનગી આપી છે, શરત એ છે કે તવાફે-અફાઝા પહેલા કરી ચૂકી હોય.''

ઈમામ નવવી 'અલ-મજમૂઅ' (૮/૨૮૧)માં અલ્લામા ઈબ્ને અલ-મુન્ઝિરના હવાલાથી લખે છે : ''તમામ એહલે-ઈલ્મનું આ જ કથન છે. આમાં ઈમામ માલિક, અવઝાઈ, સૂરી, અહમદ, ઈસ્હાક, અબૂ સૂર, અબૂ હનીફા ﷾ વગેરે સામેલ છે.''

અલ્લામા ઈબ્ને કદામા 'અલ-મુગ્ની' (૩/૪૬૧)માં લખે છે : ''આ જ ફુકહાનું કથન છે.''

વધુમાં લખે છે : ''નિફાસવાળી (પ્રસૂતિજન્ય લોહીવાળી) સ્ત્રી માટે પણ એ જ હુકમ છે, જે રજસ્વલા (માસિક-ધર્મવાળી સ્ત્રી) માટે છે, કેમ કે કોઈ વસ્તુના સાકિત (નિરસ્ત) થવા કે વાજિબ થવામાં માસિક અને નિફાસ બંનેનો હુકમ એક સરખો છે.''

૧૬) નમાઝની અદાયગી અને ઝિક્ર અને દુઆ માટે મસ્જિદે-નબવીની ઝ્યારત મહિલાઓ માટે મુસ્તહબ છે (શરત એ છે કે તેમની ઝ્યારત મહરમની સાથે હોય.) પરંતુ રસૂલ ﷺ ની કબ્રની ઝ્યારત તેમના માટે જાયઝ નથી, કેમ કે કબરોની ઝ્યારતથી મહિલાઓને મનાઈ કરવામાં આવેલ છે. શૈખ મુહમ્મદ બિન ઈબ્રાહીમ આલ અશ્-શૈખ સાબિક મુફ્તી સાઉદી અરબ ﷾ પોતાના 'મજમૂઅ અલ-ફતાવા' (૩/૨૩૯)માં લખે છે : ''આ મામલામાં સહીહ અને વધારે સારો મસ્લક એ છે કે મહિલાઓ માટે નબી ﷺ ની કબ્રની ઝ્યારત કરવું બે કારણોસર મનાઈ છે.

પ્રથમ : નહી (મનાઈ)ની દલીલોનું સામાન્ય હોવું, અને જ્યારે કોઈ વસ્તુથી 'નહી' સામાન્ય હોય, તો આ 'નહી'ની વિશિષ્ટતા માટે દલીલનું હોવું જરૂરી છે.

બીજું : જે કારણ અને હેતુસર મહિલાઓને કબરોની ઝ્યારતથી મનાઈ કરવામાં આવી છે, તે કારણ અહીં પણ મોજૂદ છે.''

શૈખ અબ્દુલ અઝીઝ બિન બાઝ ﷾ એ પોતાના 'મનાસિકે-હજ્જ'માં મસ્જિદે-નબવીના ઝાઈરીન (દર્શનાર્થીઓ) માટે નબી ﷺ ની કબ્રની ઝ્યારતનો ઉલ્લેખ કરતાં લખ્યું છે : ''નબી ﷺ ની કબ્રની ઝ્યારત વિશેષ રૂપે પુરુષો માટે જરૂરી છે. મહિલાઓ માટે કોઈપણ કબ્રની ઝ્યારત જાયઝ નથી; જેમ કે નબી ﷺ થી સાબિત છે કે આપ ﷺ એ કબરોની ઝ્યારત કરનારી મહિલાઓ અને તેના પર મસ્જિદો બનાવનારાઓ અને દીપકો જલાવનારાઓ પુરુષો પર લા'નત કરી છે. અલબત્ત, મસ્જિદે-નબવીમાં નમાઝની અદાયગી અને દુઆ વગેરે જેવા કાર્યો, જે તમામ મસ્જિદોમાં કરી શકાય છે, તેના માટે મદીનાનો સફર કરવો દરેક માટે જાયઝ છે.''

—○★○—

## પ્રકરણ - ૯

# દાંપત્ય-જીવનથી સંબંધિત સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ

ઈરશાદે રબ્બાની છે :

‘‘તેની (કુદરતની) નિશાનીઓમાંથી છે કે તમારી જ જાતિમાંથી પત્નીઓ પેદા કરી, જેથી તમે તેનાથી આરામ મેળવો અને તેણે તમારા વચ્ચે પ્રેમ અને સહાનુભૂતી સ્થાપી દીધી. નિઃશંક, ચિંતન-મનન કરનારાઓ માટે આમાં ઘણી નિશાનીઓ છે.’’ (સૂરઃ રૂમ, આ. ૨૧)

‘‘તમારામાંથી જે પુરુષો અને સ્ત્રીઓ અવિવાહિત હોય, તેમના નિકાહ (લગ્ન) કરી દો, અને પોતાના સદાચારી દાસ-દાસીઓના પણ; જો તેઓ ગરીબ પણ હશે, તો અલ્લાહત્‌આલા તેમને પોતાની કૃપાથી તવંગર બનાવી દેશે. અલ્લાહત્‌આલા મોટો ઉદાર અને સર્વજ્ઞ છે.’’ (સૂરઃ નૂર, આ. ૩૨)

અલ્લામા ઈબ્ને કસીર ﷫ ઉપરોક્ત આયતની તફસીર (સમજૂતી) કરતાં ફરમાવે છે : ‘‘આમાં એક રીતે શાદી (લગ્ન) કરવા-કરાવવાનો હુકમ આપવામાં આવ્યો છે. સમર્થ અને શક્તિ ધરાવતી વ્યક્તિ માટે એહલે-ઈલ્મનો એક સમૂહ શાદીને વાજિબ હોવાનું માને છે. તેઓ હદીસના બાહ્ય અર્થથી દલીલ કરે છે, જેમાં રસૂલ અકરમ ﷺ ઈરશાદ ફરમાવે છે :

‘‘હે નવયુવાનોનો સમૂહ ! તમારામાંથી જે શાદી (લગ્ન)ની તાકાત રાખે છે, તેણે શાદી કરી લેવી જોઈએ, કેમ કે શાદી નજરોને નીચી રાખવાવાળી અને ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરવાવાળી છે, અને જે તાકાત ન રાખતો હોય, તેણે રોઝા રાખવા જોઈએ, એટલા માટે કે રોઝા તેની કામવાસનાની શક્તિને તોડવાવાળી છે.’’

(આ હદીસને ઈમામ બુખારી અને ઈમામ મુસ્લિમ ﷫ એ પોતાની ‘સહીહૈન’માં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્‌ઊદ ﷺ થી રિવાયત કરેલ છે.)

આ પછી આદરણીય અલ્લામાએ ઉપરોક્ત આયતના ટુકડા - اِنْ يَّكُوْنُوْا فُقَرَآءَ يُغْنِهِمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ થી દલીલ કરતાં લગ્ન-જીવનને આર્થિક ખુશહાલીનું કારણ ઠેરવ્યું છે અને આ સંદર્ભમાં નીચે મુજબની નિશાનીઓની નોંધ કરી છે :

હઝરત અબૂબક્ર ﷺ ઈરશાદ ફરમાવે છે : ‘‘શાદીના સિલસિલામાં

અલ્લાહત્આલાની આજ્ઞાનું પાલન કરો. અલ્લાહત્આલાએ તમને આર્થિક સમૃદ્ધિનું જે વચન આપ્યું છે, તે તેને પૂરું કરશે, કેમ કે અલ્લાહત્આલા ફરમાવે છે : જો તે ગરીબ પણ હશે તો અલ્લાહ-ત્આલા તેમને પોતાની કૃપાથી તવંગર કરી દેશે, અલ્લાહત્આલા મોટો ઉદાર અને સર્વજ્ઞ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ ﵁ નો ઈરશાદ છે : ''નિકાહ (શાદી, લગ્ન)માં આર્થિક ખુશહાલી શોધો, કેમ કે અલ્લાહત્આલા ફરમાવે છે - إِنْ يَكُونُوا فُقَرَاءَ يُغْنِهِمُ اللَّهُ مِنْ فَضْلِهِ ۗ وَاللَّهُ وَاسِعٌ عَلِيمٌ.

અલ્લામા ઈબ્ને કસીર ફરમાવે છે : ''આ નિશાનીને અલ્લામા ઈબ્ને જરીર તબરી ﵀એ રિવાયત કરેલ છે અને આ જ અર્થ અને ભાવાર્થની એક નિશાની અલ્લામા બગવી રહ.એ હઝરત ઉમર બિન ખત્તાબ રદિ.થી નકલ કરેલ છે.[1]

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﵀ 'મજમૂઅ અલ-ફતાવા' (૩૨/૯૦)માં લખે છે : ''અલ્લાહત્આલાએ મોમિનો માટે શાદી અને તલાકને મુબાહ (ગ્રાહ્ય, કાયદેસર, ઉચિત) ઠેરવી દીધું છે. તેથી ઈસ્લામમાં બીજા પુરુષથી શાદી કરી લેવામાં અને તેના તલાક આપી દીધા પછી પોતાની તલાકશુદા સ્ત્રીથી શાદીની પરવાનગી છે, પરંતુ નસારા (ખ્રિસ્તી) પરસ્પર એક-બીજા પર શાદીને હરામ ઠેરવી દે છે, અને જે લોકોએ આને મુબાહ ઠેરવેલ છે, તેમણે તલાકની પરવાનગી આપી નથી. યહૂદીઓ તલાકની પરવાનગી આપે છે, પણ તલાકશુદા જો કોઈ બીજા માણસથી શાદી કરી લે છે, તો તેમની દૃષ્ટિએ પહેલા પતિ પર તે હરામ (અવૈધ) બની જાય છે. એ જ પ્રમાણે ખ્રિસ્તીના ત્યાં તલાક નથી, અને યહૂદીઓના ત્યાં બીજા પુરુષથી શાદી કરી લીધા પછી તલાકશુદા સ્ત્રીથી રુજૂઅ (ફરીથી પાછું ફરવું) નથી થઈ શકતું, પરંતુ મોમિનો માટે અલ્લાહત્આલાએ બંને વસ્તુઓને જાયઝ અને મુબાહ ઠેરવી દીધું છે.''

અલ્લામા ઈબ્ને કય્યિમ ﵀ 'અલ-હુદા અન્-નબવી' (૩/૧૪૯)માં લગ્ન-જીવનના એક મહત્ત્વના હેતુ 'જિમાઅ' (સંભોગ, મૈથુન, પતિ-પત્નીની સોબત)ના ફાયદાઓ પર પ્રકાશ નાખતા લખે છે : ''જિમાઅ વાસ્તવમાં ત્રણ બાબતો માટે બનાવવામાં આવેલ છે અને આ જ ત્રણેય બાબતોને જિમાઅના અસલ અને બુનિયાદી હેતુઓની હેસિયત પ્રાપ્ત છે :

(૧) પેઢી (નસલ)ની રક્ષા અને બાકી રાખવું તેમજ તેની સાતત્યતા અને તેની સ્થાયી વ્યવસ્થા; ત્યાં સુધી કે અલ્લાહત્આલાએ નક્કી કરેલ સંખ્યા દુનિયામાં જાહેર થઈને સંપૂર્ણ થઈ જાય.

૧. તફસીર ઈબ્ને કસીર (૫/૯૫) પ્ર. દારુલ ઉન્દુલુસ

(૨) એ પ્રવાહીનું બહાર નીકળી જવું, જેનું રોકાઈ જવું અને જમા થઈ જવું આખા શરીર માટે નુકસાનકારક હોઈ શકે છે.

(૩) કામવાસના પૂરી કરવી, આનંદ પ્રાપ્ત કરવો અને અલ્લાહત્આલાની ને'મતો (બક્ષિસો, કૃપાઓ)થી આનંદિત થવું.

શાદીના અનેક મહત્ત્વના ફાયદાઓ છે. સૌથી મોટો અને મુખ્ય ફાયદો એ છે કે વ્યભિચાર જેવા અત્યંત ખરાબ કાર્યથી રક્ષા અને હરામ (અવૈધ)ની તરફ ખરાબ નજર નાખવાથી સુરક્ષા પ્રાપ્ત થાય છે.

શાદીના ફાયદાઓમાંથી એ પણ છે કે આનાથી પેઢીની રક્ષા, વંશવેલાની હિફાજત અને પતિ-પત્ની દરમ્યાન મનની શાંતિ અને રૂહાની સંતોષ પ્રાપ્ત થાય છે.

મુસ્લિમ સમાજમાં જે સદાચારી અને નમૂનારૂપ પરિવારને એક મહત્ત્વના પરિબળની હેસિયત હાંસલ છે, તેની રચના માટે પતિ-પત્ની દરમ્યાન પારસ્પારિક સહયોગની પ્રાપ્તિ શાદી દ્વારા જ સંભવ છે.

આ શાદી વડે જ પતિ, પત્નીના ભરણપોષણ અને તેને સુરક્ષા પૂરી પાડવાની જવાબદારી નિભાવે છે, અને પત્ની ઘરેલુ જવાબદારીને અદા કરે છે. આ શાદી દ્વારા જ એક સ્ત્રીને જીવનના રણસંગ્રામમાં પોતાની ઉચિત અને સાચી કામગીરીના પ્રદર્શનની તક મળે છે. એ દાવો કે ઘરથી બહાર નીકળીને સર્વિસ કરવામાં સ્ત્રી પુરુષની બરાબર અને સમાન રૂપે ભાગીદાર છે, વાસ્તવમાં આ સ્વયં સ્ત્રી અને માનવ-સમાજના દુશ્મનોનો દાવો છે, જેમણે સ્ત્રીઓને ઘરની ચાર દીવાલોથી બહાર કાઢીને તેમને તેમની પોતાની વાસ્તવિક જવાબદારીઓથી દૂર કરી દીધી છે. તેમને બીજાઓના કાર્યો અને તેમનાં કાર્યો બીજાઓને સોંપી દીધા છે, જેના કારણે પારિવારિક વ્યવસ્થા વેરણછેરણ બનીને રહી ગઈ છે. પતિ-પત્ની દરમ્યાન પરસ્પર સમજદારીના બદલે નાસમજદારીની ખાઈ ઊભી થઈ ગઈ છે, જે મોટાભાગના સંજોગોમાં પરસ્પરની જુદાઈ અથવા અપ્રિય અને પરેશાન કરી નાખનારું જીવન વિતાવવાનું કારણ બને છે.

ઉસ્તાદ આદરણીય શૈખ મુહમ્મદ અમીન શનકીતી ﷬ પોતાની તફસીર 'અઝવાઉલ બયાન' (૩/૪૨૨)માં ફરમાવે છે :

> ''જાણી લેવું જોઈએ કે અલ્લાહત્આલા આપણા-સૌને પોતાને પ્રિય અને પસંદગીના કાર્યો કરવાની તૌફિક (પ્રેરણા) આપે. તમામ મામલાઓ અને જીવનના વિભાગોમાં સ્ત્રી અને પુરુષ દરમ્યાન બરાબરી અને સમાનતાનો દૃષ્ટિકોણ ખોટો અને અસત્ય હોવાની સાથે-સાથે બુદ્ધિ અને તર્ક, વહી (આકાશી અવતરણ) અને અલ્લાહની શરીઅતના તદ્દન વિરુદ્ધ અને વિરોધાભાસી છે. આના કારણે સામાજિક વ્યવસ્થામાં જે બગાડ અને અરાજકતા પેદા થાય છે, તે

દરેક વ્યક્તિ માટે સ્પષ્ટ અને જાહેર છે. માત્ર એ જ વ્યક્તિથી આ બગાડ અને અરાજકતા છુપી રહી શકે છે, જેની દૃષ્ટિને અલ્લાહત્આલાએ છીનવી લીધી હોય; કેમ કે અલ્લાહત્આલાએ મહિલાઓને તેમની પોતાની વિશિષ્ટ યોગ્યતાઓની સાથે પેદા કરીને માનવ-સમાજની રચનામાં વિભિન્ન ભાગીદારી અને સહયોગને લાયક અને ઉચિત બનાવી કે તેમના સિવાય બીજા લોકો એ કાર્યો માટે તે ઉચિત અને યોગ્ય હોઈ જ શકતા નહોતા, જેમ કે ગર્ભાવસ્થા, પ્રસૂતિ, દૂધ પીવડાવવું, બાળકોનું ઘડતર, ઘરની સેવા, ભોજન બનાવવું, લોટ ગૂંદવો, કચરો સાફ કરવા જેવી ઘરેલુ જવાબદારીઓને અદા કરવી; આ તમામ જવાબદારીઓ, જેને મહિલાઓ પોતાના ઘરની ચાર દીવાલોની અંદર રહીને સંપૂર્ણ પરદા, સુરક્ષા, શીલ અને પવિત્રતા, પોતાના શિષ્ટાચાર અને ઉદારતા તથા માનવીય મૂલ્યોને ધ્યાનમાં રાખીને પૂરી કરે છે, તે રોજીરોટી માટે પુરુષોની દોડધામથી કોઈપણ રીતે ઓછી નથી. તેથી આ અત્યંત ખરાબ અજ્ઞાની કાફિરો અને તેમની નકલ કરવાવાળાઓનો એ દાવો કે સ્ત્રીઓને પણ ઘરોમાંથી બહાર કાઢીને કામ કરવાના સંદર્ભમાં એ જ અધિકારો પ્રાપ્ત છે, જે પુરુષોને પ્રાપ્ત છે - આ દાવામાં માનવીય મૂલ્યો અને દીન (ધર્મ) બંનેનું નુકસાન છે; જ્યારે કે મહિલાઓમાં ગર્ભાવસ્થા અને બાળકને દૂધ પીવડાવવાની હાલતમાં તેમજ પ્રસૂતિની અવસ્થામાં મહેનતવાળું કાર્ય કરવાની શક્તિ અને સામર્થ્ય નથી હોતું, એ સામાન્ય અનુભવની વાત છે. જો સ્ત્રી અને તેનો પતિ બંનેય ઘરથી બહાર કામ માટે નીકળી જશે, તો નાના-નાના બાળકોની દેખભાળ, દૂધ પીતા બાળકોને દૂધ પીવડાવવા તથા નોકરીથી ઘર પાછા ફરતા પતિ માટે ભોજન રાંધવું વગેરેની તૈયારી જેવી જવાબદારીઓ સ્થગિત થઈને રહી જશે. જો કોઈ માણસને આ સ્ત્રીની જગ્યાએ પગાર કે મહેનતાણાથી રાખી લેવામાં આવે, તો તે માણસ પોતે આ ઘરની અંદર એ જ સ્થગિતતાનો ભોગ બનીને રહી જશે, જે સ્થગિતતાથી દૂર ભાગી જવા માટે સ્ત્રીએ ઘરથી બહાર પગ મૂક્યો હતો. ઉપરાંત, કામ માટે સ્ત્રીનું ઘરથી બહાર નીકળવું અને તેને દરેક પ્રકારના કામોમાં ઘસડવું એમાં માનવીય મૂલ્યો અને દીન (ધર્મ) બંનેનું નુકસાન છે.''

તેથી મુસ્લિમ બહેનોએ અલ્લાહત્આલાથી ડરવું જોઈએ અને આ પ્રકારના અસત્ય અને જૂઠા પ્રોપેગન્ડાથી પ્રભાવિત ન થવું જોઈએ, કેમ કે આ ધોકામાં નાખતા પ્રોપેગન્ડાથી પ્રભાવિત થનારી મહિલાઓની સ્થિતિ જ પ્રોપેગન્ડાની નિષ્ફળતા અને તેના ખોટા હોવાની સૌથી ઉત્તમ દલીલ છે. કહેવામાં આવે છે કે અનુભવો સ્પષ્ટ નિશાનીઓની હેસિયત ધરાવે છે.

મુસ્લિમ બહેનોને પોતાની નવયુવાનીમાં જ ઉંમર વિતે તે પહેલાં શાદીના સિલસિલામાં ઉતાવળથી કામ લેવું જોઈએ, જ્યારે કે તે પુરુષોની નજરોમાં આકર્ષણ ઊભું કરનારી હોય. શિક્ષણ ચાલુ રાખવા અથવા નોકરી પર કાયમ રહેવા માટે શાદીને કદાપિ વિલંબમાં નાખવી ન જોઈએ, કેમ કે સફળ દાંપત્ય જીવનમાં જ તેમનું સૌભાગ્ય, શાંતિ અને સંતોષ છુપાયેલ છે. શાદી દ્વારા શિક્ષણ અને નોકરીના નુકસાનને દૂર કરી શકાય છે, પરંતુ શિક્ષણ કે નોકરી, ચાહે તે ગમે તેટલા દરજ્જાના કે ગુણવત્તાના હોય, શાદીનો વિકલ્પ નથી બની શકતા. તેમણે પોતાની ઘરેલુ જવાબદારીઓ બજાવી લાવવા અને પોતાના બાળકોના ઘડતરમાં પૂરેપૂરી કાળજીથી કામ લેવું જોઈએ. આ જ તેમનું મુખ્ય કામ છે, જે તેમના જીવનમાં ઉપયોગી અને લાભપ્રદ છે. તેથી શાદીની સરખામણીમાં કોઈ વિકલ્પની શોધમાં ન રહેવું જોઈએ. કોઈ બીજી વસ્તુ આના સમાન નથી હોઈ શકતી. સદાચારી અને ભલા વ્યક્તિથી શાદી કરવામાં કોઈપણ પ્રકારની સુસ્તી કે નિષ્કાળજી કે વિલંબથી કામ ન લેવું જોઈએ, એટલા માટે કે રસૂલ અકરમ ﷺ નું ફરમાન છે કે – ''જ્યારે તમારા પાસે કોઈ વ્યક્તિ આવે, જેના દીન અને ચરિત્રથી તમે સંતુષ્ટ અને ખુશ છો, તો તેનાથી (પોતાની દીકરીઓની) શાદી કરી દો, જો આવું નહીં કરો તો જમીનમાં ફિત્નો (ઉપદ્રવ) ઊભો થશે અને ભારે બગાડ અને બૂરાઈ ફેલાશે.''

(આ હદીસને ઈમામ તિરમિઝી رحمه الله એ રિવાયત કરેલ છે અને આને હસન કહી છે. આના અનેક પુરાવાઓ પણ છે.)

## • શાદી માટે સ્ત્રીની મરજી અને પરવાનગી :

જે સ્ત્રીની શાદી કરવાની હોય છે, તેની ત્રણમાંથી કોઈ એક હાલત હશે.

(૧) કાં તો તે કિશોરી (ટીન-એજ, ૧૩ થી ૧૯ વર્ષની) કુંવારી (અવિવાહિત) હશે.

(૨) કાં તે પુખ્ત કુંવારી હશે.

(૩) કાં તે વિવાહિત હશે, અર્થાત્ જેની અગાઉ શાદી થઈ ચૂકી હશે.

અને આ દરેક માટે અલગ વિશિષ્ટ હુકમ છે :

(૧) **નવયુવાન ટીન-એજ કુંવારી (અવિવાહિત)** માટે ઉલ્મા (ઈસ્લામી વિશેષજ્ઞો) દરમ્યાન કોઈ મતભેદ નથી કે તેની પરવાનગી વગર તેના પિતાને તેની શાદીનો હક્ક હાંસલ છે, કેમ કે આવી ટીન-એજ (કિશોરી) કુંવારીની પરવાનગીનો કોઈ અર્થ જ નથી. હઝરત અબૂબક્ર رضي الله عنه એ પોતાની વ્હાલી સુપુત્રી હઝરત આઈશા સિદ્દીકા رضي الله عنها ની શાદી રસૂલ અકરમ ﷺ થી છ વર્ષની ઉંમરમાં કરી દીધી હતી અને નવ વર્ષની ઉંમરમાં તેમની વિદાય કરી દીધી હતી. (મુત્તફિક અલયહ)

અલ્લામાં શૌકાની رحمه الله 'નઈલુલ-ઔતાર' (૬/૧૨૮-૧૨૯)માં લખે છે :

''ઉપરોક્ત હદીસ એ વાતની દલીલ છે કે બલુગત (પુખ્તતા) પહેલા પિતાને પુત્રીની શાદી કરી દેવાનો પૂરેપૂરો હક્ક પ્રાપ્ત છે.''

વધુમાં લખે છે : ''આ જ હદીસ એ બાબતની પણ દલીલ છે કે કિશોરાવસ્થાની છોકરીની શાદી મોટી ઉંમરના પુરુષથી કરી શકાય છે. ઈમામ બુખારી ﷫ એ પોતાની 'સહીહ'માં આ વિષયે જ એક પ્રકરણ લખ્યું છે, અને આ પ્રકરણ હેઠળ હઝરત આઈશા ﷞ ની આ જ શાદીનો ઉલ્લેખ કરેલ છે. હાફિઝ ઈબ્ને હજ્ર ﷫ એ 'ફત્હુલ-બારી'માં આ અંગે ઈજમાઅ (સર્વસંમતિ)ની નોંધ કરી છે.''

અલ્લામા ઈબ્ને કદામા ﷫ 'અલ-મુગ્ની' (૬/૪૮૭)માં લખે છે : ''અલ્લામા ઈબ્ને અલ-મન્ઝર ﷫ ફરમાવે છે કે તમામ એહલે-ઈલ્મ જેમની પાસેથી અમે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તેમની આ બાબતે સહમતિ છે કે પિતા પોતાની કિશોરાવસ્થાની છોકરીની શાદી કરી શકે છે, શરત એ છે કે તેણે શાદીમાં 'કફૂ' (બરાબરી)[૧] નું ધ્યાન રાખ્યું હોય.''

હું (અર્થાત્ લેખક) કહું છું : હઝરત અબૂબક્ર ﷞ દ્વારા હઝરત આઈશા ﷞ ની ૬ વર્ષની ઉંમરમાં રસૂલ અકરમ ﷺ થી શાદી કરાવવામાં એ લોકોનું સખત ખંડન થાય છે, જેઓ કિશોરાવસ્થાની બાળકીઓના મોટી ઉંમરના લોકોની સાથે શાદીની ટીકા કરે છે અને મોઢું બગાડે છે. કિતાબ (કુર્આન) અને સુન્નતથી અનભિજ્ઞતાને કારણે અથવા તેના પાછળ ખોટા હેતુઓ હોવાને લઈને તેને ખોટો રંગ આપવાની કોશિશ કરે છે અને તેને એક નકામું અને ખોટું કામ સમજે છે.

(૨) **અવિવાહિત પુખ્ત સ્ત્રીની શાદી** તેની મરજી અને ઈજાજત વગર કરી શકાતી નથી, અને તેના મૌનને તેની મરજી અને પરવાનગી માનવામાં આવશે; કેમ કે ઈરશાદે નબવી ﷺ છે :

''અવિવાહિત સ્ત્રીની શાદી તેની પરવાનગી મેળવ્યા વગર નથી કરી શકાતી. સહાબાએ કિરામ ﷞ એ અરજ કરી : હે અલ્લાહના રસૂલ ﷺ ! તેની પરવાનગી કેવી રીતે લેવામાં આવશે ? આપ ﷺ એ ફરમાવ્યું : તેની પરવાનગી એ છે કે તે ખામોશ (મૌન) રહે.''

આમ, એહલે-ઈલ્મના સાચા કથન અનુસાર અવિવાહિત પુખ્ત સ્ત્રીથી તેની

૧. કફૂ : પતિ-પત્નીના સંબંધોને વધારે સુખમય, તંદુરસ્ત, આનંદદાયક તથા ગાઢ અને મજબૂત બનાવી રાખવા અને તેમાં વધુમાં વધુ પ્રેમ અને લગાવ પેદા કરવા શરીઅતે નિકાહમાં અન્ય શરતોની સાથે એ શરત પણ મૂકી છે કે સગપણ કરવા દીની (ધાર્મિક), આર્થિક અને સામાજિક-સાંસ્કૃતિક બરાબરીનું પણ ધ્યાન રાખવામાં આવે. આ જ ઔચિત્ય, યોગ્યતા અને બરાબરીને ઈસ્લામ 'કફૂ' કહે છે. 'કફૂ'નો શાબ્દિક અર્થ બરાબરીનો થાય છે. આ બરાબરીની શરતોમાં વ્યક્તિનો દીન, તેની દીનદારી અને તેનું ચરિત્ર સૌથી ઉપર છે. (અનુ.)

શાદીની મરજી અને પરવાનગી મેળવવી જરૂરી છે, ચાહે તેની શાદી કરવાવાળો તેનો પિતા જ કેમ ન હોય.

અલ્લામા ઈબ્ને કય્યિમ ﷺ 'અલ-હુદા અન્-નબવી' (૫/૯૬)માં લખે છે : ''જમ્હૂર સલ્ફ અને ઈમામ અબૂ હનીફાનું અને ઈમામ અહમદ ﷺ નું એક રિવાયત મુજબ આ જ કથન છે. આ જ અમારા મતે પણ વધારે સારું છે. તેના સિવાય કોઈ અન્ય કથન અમે સ્વીકારતા નથી, કેમ કે આ રસૂલ અકરમ ﷺ ના અમ્ર-વ-નહી (આજ્ઞા અને મનાઈ)ના ફરમાનના અનુસાર અને અનુકૂળ છે.''

(૩) **વિવાહિત સ્ત્રીની બીજી શાદી** પણ તેની મરજી અને પરવાનગી વગર નથી કરી શકાતી; અલબત્ત કુંવારી (અવિવાહિત) સ્ત્રીની પરવાનગી તેના મૌનને સમજવામાં આવશે તેનાથી વિપરીત, આની પરવાનગી સ્પષ્ટ શબ્દો (હા કે ના)માં લેવામાં આવશે. 'અલ-મુગ્ની' (૬/૪૯૩)માં ઉલ્લેખ છે : ''આ સિલસિલામાં એહલે-ઈલ્મ વચ્ચે અમને કોઈ મતભેદની ખબર નથી કે વિવાહિત સ્ત્રીની પરવાનગી ચોખ્ખા શબ્દોમાં મેળવવામાં આવશે, કેમ કે આ વિશે સ્પષ્ટ હદીસ આવેલ છે અને એ કારણે પણ કે જબાન જ દિલનું પ્રતિનિધિત્વ કરે છે, અને આનો જ પ્રત્યેક એવી જગ્યાએ વિશ્વાસ કરવામાં આવે છે, જ્યાં પરવાનગીની જરૂર પડે છે.''

શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷺ 'અલ-મજમૂઅ અલ-ફતાવા' (૩૨/૩૯-૪૦)માં લખે છે : ''કોઈ વ્યક્તિને એ અધિકાર નથી કે તે કોઈ સ્ત્રીની શાદી તેની પરવાનગી મેળવ્યા વગર કોઈનાથી કરી દે. આ જ રસૂલ અકરમ ﷺ ની શિક્ષા છે. જો સ્ત્રી કોઈ વ્યક્તિથી શાદીને નાપસંદ કરે છે, તો તેને તે વ્યક્તિથી શાદી માટે મજબૂર કરી શકાશે નહીં; હા, કિશોરાવસ્થાની છોકરીની શાદી તેનો પિતા તેની પરવાનગી વગર કરી શકે છે, પરંતુ વિવાહિત પુખ્ત સ્ત્રીની (બીજી) શાદી પરવાનગી વગર ન તો પિતા કરી શકે છે અને ન પિતા સિવાય કોઈ બીજો વ્યક્તિ. આ સંદર્ભમાં તમામ મુસલમાનોનો ઈજમાઅ (સર્વસંમતિ) છે. એ જ પ્રમાણે પુખ્ત કુંવારી (અવિવાહિત) સ્ત્રીની શાદી પિતા અને દાદા સિવાય કોઈ વ્યક્તિ તેની પરવાનગી વગર નથી કરી શકતો. આના પર મુસલમાનોનો ઈજમાઅ છે. પિતા અને દાદાને પણ તેની પરવાનગી મેળવવી જોઈએ, પરંતુ ઉલ્મા દરમ્યાન આવી પરવાનગીના હુકમમાં મતભેદ છે કે આ વાજિબ (આવશ્યક) છે કે મુસ્તહબ (સારું) ? સાચા કથન અનુસાર પરવાનગી મેળવવી આ બંને માટે પણ વાજિબ છે. જેને નિર્ણય લેવાનો અધિકાર છે તે વાલીએ પણ એ વ્યક્તિ માટે અલ્લાહનો ડર અને તકવા (ઈશનિષ્ઠા, સંયમ)ને નજર સમક્ષ રાખવું જરૂરી છે, જેનાથી તે પોતાની પુત્રીની શાદી કરવા જઈ રહ્યો છે અને એ વાતની કાળજી રાખવી ખૂબ

જ જરૂરી છે કે શું તે છોકરીના બરાબરીનો થઈ શકે છે કે નહીં ? છોકરીના હિત અને તેન ફાયદાને નજર સમક્ષ રાખીને તેની શાદી કરવી જોઈએ, ન કે પોતાના હિત અને ફાયદા માટે કોઈપણ વ્યક્તિ સાથે શાદી કરી દેવામાં આવે.''

## • છોકરીની શાદી માટે વલીઉલ-અમ્ર (વિધિવત સંરક્ષક કે વાલી)ની શરત :

સ્ત્રીને પોતાને માફક અને યોગ્ય પતિની પસંદગી અને અધિકારનો જે હક્ક દીને-ઈસ્લામે પ્રદાન કર્યો છે, તેનો અર્થ એ નથી કે તેને એ વાતની પૂરેપૂરી છૂટ અને આઝાદી આપી દેવામાં આવી છે કે જેનાથી ચાહે તે શાદી કરી શકે છે, ચાહે તેની શાદીના કારણે સગા-વહાલા અને કુટુંબીજનોની ઈજ્જત અને આબરૂને ગમે તે પ્રકારની આંચ કેમ ન આવે; બલ્કે તેને એક એવા 'વલી'થી જોડી દેવામાં આવેલ છે, જેની દેખરેખમાં તે પોતાના પતિની પસંદગી કરશે, આ 'વલી' તેનું સાચું માર્ગદર્શન કરશે અને નિકાહના બંધનનો એ જ જવાબદાર હશે. તેના જ હાથોથી નિકાહના તમામ મામલાઓ પૂરા કરવામાં આવશે. સ્ત્રીને સ્વયં જાતે શાદી કરવા કે નિકાહના બંધનમાં બંધાવાનો હક્ક પ્રાપ્ત નથી. જો તે સ્વયં જાતે નિકાહના બંધનનું કાર્ય પૂરું કરે છે તો તેના નિકાહ બાતિલ (નિરસ્ત, રદ થવા પાત્ર) હશે, કેમ કે સુન્નતમાં હઝરત આઈશા ﷺ ની એક રિવાયત હદીસમાં આવેલ છે –

''જે સ્ત્રીએ સ્વયં જાતે પોતાના વલીની ઈજાજત વગર નિકાહ કર્યા, તો તેના નિકાહ બાતિલ છે, તેના નિકાહ બાતિલ છે, તેના નિકાહ બાતિલ છે.''

(ઈમામ તિરમિઝી ﷺ એ આ હદીસને હસન કહી છે.)

'સુનન અરબઅ'માં પણ આ હદીસ રિવાયત કરેલ છે –

''વલી વગર નિકાહ નથી.''

ઉપરોક્ત બંને હદીસો અને આ પ્રકારના અર્થ અને ભાવાર્થની અન્ય હદીસોથી ખ્યાલ આવે છે કે વલી વગરના નિકાહ જ સાચા નથી હોતા, કેમ કે કોઈ હુકમના ઈન્કારમાં અસલ પ્રમાણનો ઈન્કાર હોય છે.

ઈમામ તિરમિઝીનો ઈરશાદ છે : ''આ જ હદીસ પર એહલે-ઈલ્મનો અમલ છે, જેમાં હઝરત ઉમર, હઝરત અલી, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અબૂ હુરૈરહ ﷺ વગેરે પણ સામેલ છે. એ જ પ્રમાણે ફુકહા અને તાબેઈનથી પણ રિવાયત છે કે વલી વગરના નિકાહ દુરસ્ત હોતા નથી. ઈમામ શાફઈ, ઈમામ અહમદ અને ઈસ્હાક ﷺ નું પણ આજ કથન છે. જૂઓ : 'અલ-મુગ્ની' (૬/૪૪૯)

## ● નિકાહના એલાનના હેતુથી સ્ત્રીઓનું દફ વગાડવું :

નિકાહના એલાન અને જાહેરાત તથા તેને લોકોમાં પ્રસિદ્ધિ આપવા માટે સ્ત્રીઓનું 'દફ' (નાની ઢોલકી કે ડફ) વગાડવું મુસ્તહબ છે, એ શરતે કે તે માત્ર સ્ત્રીઓના દરમ્યાન હોય અને એમાં સંગીત કે અન્ય મોજ-મસ્તીના વાજિંત્રો-સાધનો ન હોય, અને ન તો વ્યવસાયિક ગાવાવાળીઓના અવાજમાં હોય. આ પ્રસંગે કવિતા-શાયરી વાંચવા-પઢવામાં અને ગીત ગાવામાં કોઈ વાંધો નથી, એ શરતે કે પુરુષો સુધી તેનો અવાજ ન પહોંચે. રસૂલ અકરમ ﷺ નો ઈરશાદ છે :

''નિકાહમાં હલાલ અને હરામ દરમ્યાન ફરક કરનારી વસ્તુઓ 'દફ' વગાડવું અને ગીત ગાવું છે.''

(આ હદીસને ઈમામ મુસ્લિમ, તિરમિઝી, નિસાઈ અને ઈબ્ને માજહ رحمهم الله એ રિવાયત કરેલ છે અને તિરમિઝીએ આને હસન કહી છે.)

અલ્લામા શૌકાની رحمه الله 'નઈલુલ ઔતાર' (૬/૨૦૦)માં લખે છે : ''આ હદીસ દલીલ છે કે નિકાહ (શાદી-વિવાહ)માં 'દફ' વગાડવું, ઊંચા અવાજથી ગીત ગાવું - જેમ કે ....أتيناكم أتيناكم[1] વગેરે જાયઝ છે, એ શરતે કે એવા ગીતો ન હોય, જેનાથી બગાડ અને બૂરાઈને હવા મળે, અથવા જેમાં સૌંદર્ય અને રૂપ, નાફરમાની અને વ્યર્થ કામ તથા શરાબ અને નશાના વખાણ અને પ્રશંસાનું વર્ણન કરવામાં આવ્યું હોય; કેમ કે આ તમામ વસ્તુઓ નિકાહ (શાદી-વિવાહ)માં એ જ રીતે હરામ છે, જે રીતે સામાન્ય પ્રસંગોએ હરામ છે. એ જ પ્રમાણે અન્ય તમામ હરામ મોજ-મસ્તીની વસ્તુઓ હરામ અને તેની મનાઈ છે.''

મુસલમાન મહિલાઓએ શાદી-વિવાહના પ્રસંગે ઘરેણા અને કપડાઓની ખરીદીમાં હદથી આગળ ન વધવું જોઈએ, કેમ કે આ એ ફુઝુલ ખર્ચ (વ્યર્થ ખર્ચ)ના પ્રકારમાંથી છે, જેની અલ્લાહતઆલાએ મનાઈ કરી છે, અને બતાવી દીધું છે કે વ્યર્થ ખર્ચ કરાનારાઓથી તે પ્રેમ નથી કરતો. અલ્લાહનો ઈરશાદ છે :

> ''અને હદથી આગળ ન વધો, નિશ્ચિતપણે તે હદથી આગળ વધી જનારાઓને નાપસંદ કરે છે.''

તેથી તેમણે સંતુલન અને મધ્યમમાર્ગ અપનાવવો જોઈએ અને અભિમાન અને અહંકારથી દૂર રહેવું જોઈએ.

---

૧. સુનન ઈબ્ને માજહ અને મુસ્નદ અહમદ વગેરેની રિવાયતમાં છે કે રસૂલ અકરમ ﷺ એ એક દુલ્હનની વિદાયના પ્રસંગે કહ્યું હતું : તમે લોકોએ તેની સાથે કોઈ સ્ત્રીને કેમ ન મોકલી, જે જઈને ગાતી - أتيناكم أتيناكم....فحيانا و حياكم અર્થાત્ અમે તમારા પાસે આવ્યા, અમે તમારા પાસે આવ્યા, અમારું તમારા પાસે આવવું અમને અને તમને મુબારક થાય. (અનુ.)

## ● પતિનું અનુસરણ વાજિબ અને તેની નાફરમાની હરામ છે :

મુસ્લિમ મહિલાઓ પર પોતાના પતિનું ભલા અને સારા કાર્યોમાં અનુસરણ અને આજ્ઞાપાલન વાજિબ છે. હઝરત અબૂ હુરૈરહ ﷺ ની રિવાયત છે, તેઓ ફરમાવે કે રસૂલ અકરમ ﷺ નો ઇરશાદ છે :

''જો સ્ત્રીએ પોતાની પાંચ વખતની ફર્ઝ નમાઝો અદા કરી લીધી, પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરી અને પતિનું અનુસરણ અને આજ્ઞાપાલન કર્યુ, તો તે જન્નતના જે દરવાજામાંથી ચાહે દાખલ થઈ જશે.''

હઝરત અબૂ હુરૈરહ ﷺ થી જ એક બીજી રિવાયત છે કે રસૂલ અકરમ ﷺ એ ફરમાવ્યું :

''કોઈ સ્ત્રી માટે જાયઝ નથી કે પોતાના પતિની મોજૂદગીમાં નફલ રોઝા રાખે, પરંતુ પોતાના પતિની પરવાનગીથી, અને ન પોતાના પતિના ઘરમાં (કોઈ અજાણ્યાને આવવાની) પરવાનગી આપે, પરંતુ પોતાના પતિની પરવાનગીથી.''

તેમનાથી જ એક ત્રીજી હદીસ પણ રિવાયત થયેલ છે કે રસૂલ અકરમ ﷺ એ ફરમાવ્યું :

''જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીને પોતાના બિસ્તર પર બોલાવે છે અને તે નથી આવતી, આના કારણે પતિ તેના પર નારાજ થઈને રાત વિતાવે છે, તો ફરિશ્તા એના (સ્ત્રી) પર સવાર સુધી લા'નત મોકલે છે.''

બુખારી અને મુસ્લિમની એક રિવાયતમાં ઉલ્લેખ છે કે રસૂલ અકરમ ﷺ એ ફરમાવ્યું :

''એ હસ્તીના સોગંદ, જેના હાથમાં મારા પ્રાણ છે ! જે પુરુષ પણ પોતાની પત્નીને પોતાના બિસ્તર પર બોલાવે છે અને તે ઇન્કાર કરે છે, તો તે હસ્તી જે આકાશમાં છે એ સ્ત્રી પર નારાજ રહે છે, ત્યાં સુધી કે તેનો પતિ તેનાથી રાજી થઈ જાય.''

સ્ત્રીના ઉપર મૂકવામાં આવેલ પતિના હક્કોમાં એક હક્ક એ પણ છે કે તે તેના ઘરની રક્ષા અને દેખભાળ કરે અને પતિની પરવાનગી વગર ઘરથી બહાર ન નીકળે. ઇરશાદે નબવી ﷺ છે :

''સ્ત્રી પોતાના પતિના ઘરની સંરક્ષક અને નિરીક્ષક છે અને તેનાથી તેના તાબા હેઠળની વસ્તુઓ અંગે પૂછવામાં આવશે.''

ઉપરાંત, તેના માટે એ પણ જરૂરી છે કે ઘરના તમામ કામોને સ્વયં પોતે પૂરા કરે, કોઈ એવી સેવિકાને બહારથી બોલાવવા માટે મજબૂર ન કરે, જેનાથી તે મુશ્કેલીમાં

મૂકાય અને તેના કારણે સ્વયં તેને અથવા તેના સંતાનોને ફિત્ના (બગાડ)નો ભોગ બનવું પડે. શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા ﷬ 'મજમૂઅ અલ-ફતાવા' (૩૨/૨૬૦-૨૬૧)માં લખે છે :

''અલ્લાહનું ફરમાન છે : ''જે સદાચારી સ્ત્રીઓ હોય છે તે આજ્ઞાંકિત હોય છે અને પતિની ગેરહાજરીમાં અલ્લાહની સુરક્ષા હેઠળ (તેમના હિતોની) દેખરેખ રાખનારી હોય છે.'' (સૂરઃ નિસા, આ. ૩૪) આ મુબારક આયત એ વાતનો તકાદો કરે છે કે સ્ત્રી પર પોતાના પતિની સેવા, તેના સાથે સફર, પોતાને તેના અંકૂશમાં આપવા (અર્થાત્ આનંદ પ્રાપ્ત કરવા માટે) અને અન્ય બાબતોમાં સરાસર અનુસરણ વાજિબ છે. રસૂલ અકરમ ﷺ ની સુન્નતે-મુબારકથી પણ આની જ જાણકારી મળે છે.''

અલ્લામા ઈબ્ને અલ-કય્યિમ ﷬ 'અલ-હુદા અન્-નબવી' (૫/૧૮૮-૧૮૯)માં ફરમાવે છે :

''પતિની સેવાને જે ઉલ્માએ સ્ત્રી પર અનિવાર્ય અને વાજિબ ઠેરવેલ છે, તેમની દલીલ એ વાત પર છે કે જે લોકોને અલ્લાહત્આલાએ પોતાના સંમુખ બનાવ્યા છે, તેમની દૃષ્ટિએ આ જ વસ્તુ પ્રચલિત માનવામાં આવે છે, પરંતુ પતિનું સ્ત્રીને આરામ પહોંચાડવો, તેની સેવા કરવી, ઝાડુ લગાવવું, લોટ ગૂંદવો, કપડાં ધોવા, બિસ્તર પાથરવું અને ઘરેલુ જવાબદારીઓને પૂરી કરવી વગેરે 'મુન્કર' (નાપસંદ) કામો સમજવામાં આવે છે. અલ્લાહત્આલા ઈરશાદ ફરમાવે છે :

''અને સ્ત્રીના પણ એવા જ હક્કો છે, જેવા પુરુષોના છે, ભલાઈની સાથે.'' (સૂરઃ બકરહ, આ. ૨૨૮)

અને ઈરશાદ ફરમાવ્યો કે –

''પુરુષો સ્ત્રીઓ પર હાકેમ છે.'' (સૂરઃ નિસા, આ.૩૪)

હવે સ્ત્રી પતિની સેવા ન કરે, બલ્કે પતિ જ સ્ત્રીનો સેવક બનીને રહી જાય તો સ્ત્રીને પુરુષ પર 'કવ્વામિયત' (હાકેમિયત) પ્રાપ્ત હશે.''

વધુમાં ફરમાવે છે : ''સ્ત્રીથી ફાયદો ઉઠાવવો અને તેની સેવાના બદલામાં પુરુષ ઉપર સ્ત્રીના ભરણ-પોષણ, રહેઠાણ અને તેના પોશાક વગેરેની જવાબદારી મૂકવામાં આવેલ છે. વધુમાં, કોઈપણ બે વ્યક્તિ વચ્ચે નક્કી કરવામાં આવેલ સામાન્ય કરારને સામાન્ય સ્થિતિમાં જ સમજવામાં આવશે, અને સામાન્ય સ્થિતિ કે પ્રચલનમાં સેવા અને ઘરની અંદરની જવાબદારી પૂરી કરવી એ સ્ત્રીની જવાબદારી સમજવામાં આવે છે.''

આગળ લખે છે : ''આ સંદર્ભમાં 'શરીફ' (Scion કે High-born family, અર્થાત્ ઊંચા કૂળની) અને બિનશરીફ, ગરીબ અને ધનવાન દરમ્યાન ફરકને ધ્યાનમાં

રાખવો દુરસ્ત નથી. દુનિયાની તમામ સ્ત્રીઓમાં સૌથી 'શરીફ' સ્ત્રી હઝરત ફાતિમા ﵂ પોતાના પતિની સેવા કરતા હતા. તેમણે નબી કરીમ ﷺ ની સામે હાજર થઈને સેવાની ફરિયાદ કરી, પરંતુ આપ ﷺ એ તેમની ફરિયાદ ન સાંભળી.

- ## જો સ્ત્રી પોતાના પતિ તરફથી અરુચિ અને નિષ્કાળજીનો અનુભવ કરી રહી હોવા છતાં તેના દાંપત્યમાં બાકી રહેવા ચાહતી હોય તો તેના માટે શું કરે?

ફરમાને ઈલાહી છે :

''જો કોઈ સ્ત્રીને પોતાના પતિથી ખરાબ વર્તન અને અરુચિનો ભય હોય, તો બંને પરસ્પર જે સમજૂતી કરી લે, તેમાં કોઈના ઉપર ગુનો નથી, સુલેહ ખૂબ સારી વસ્તુ છે.'' (સૂરઃ નિસા, આ. ૧૨૮)

હાફિઝ ઈબ્ને કસીર ﵀ ફરમાવે છે : ''જો સ્ત્રીને ભય હોય કે ક્યાંક તેનો પતિ તેનાથી અરુચિ અને નિષ્કાળજીભર્યું વર્તન કરવા લાગ્યો છે, તો તેના માટે જાયઝ છે કે પતિના ઉપર મૂકવામાં આવેલ નિર્ધારિક હક્કો અથવા અમુક હક્કો જેમ કે ભરણ-પોષણ, પોશાક અથવા તેના સાથે શૈયાસુખથી મુક્ત થઈ જાય, જો સ્ત્રી આવું કરે છે, તો પતિએ તેની વાત સ્વીકારી લેવી જોઈએ. પતિનો સંગાથ પ્રાપ્ત કરવા માટે હક્કોને છોડી દેવામાં સ્ત્રી પર કોઈ ગુનો નથી, અને ન સ્ત્રીની મુક્તિને સ્વીકારી લેવામાં પુરુષ પર કોઈ ગુનો છે. આ જ કારણે અલ્લાહત્આલા ઈરશાદ ફરમાવે છે : ''બંને પરસ્પર જે સુલેહ કરી લે એમાં કોઈ ગુનો નથી, સુલેહ ખૂબ સારી વાત છે.'' અર્થાત્ પરસ્પર સમજૂતી છુટા પડવાથી કે અલગ થઈ જવાથી બહેતર છે.''

આ પછી લેખક ﵀ એ હઝરત સૌદા ﵂ ની ઘટનાનું વર્ણન કર્યું છે કે જ્યારે તેઓ વૃદ્ધ થઈ ગયા અને રસૂલુલ્લાહ ﷺ એ તેમનાથી અલગ થઈ જવાનો ઈરાદો કર્યો, તો તેમણે રસૂલ અકરમ ﷺ થી એ વાતની સમજૂતી કરી લીધી કે આપ ﷺ તેમને પોતાના દાંપત્યમાં બાકી રાખે અને તેઓ પોતાના વારાને હઝરત આઈશા ﵂ ના હકમાં છોડી દે છે. રસૂલ અકરમ ﷺ એ હઝરત સૌદા ﵂ ના આ પ્રસ્તાવને સ્વીકારીને તેમને પોતાના દાંપત્યમાં બાકી રાખ્યા. (તફસીર ઈબ્ને કસીર, ૨/૪૦૬)

- ## જો સ્ત્રીને પતિ નાપસંદ હોય અને તેના દાંપત્યમાં બાકી રહેવા ન ચાહતી હોય તો શું કરે?

અલ્લાહત્આલાનો ઈરશાદ છે :

''જો તમને ભય હોય કે આ બંને અલ્લાહની હદોને કાયમ નહીં રાખી શકે તો સ્ત્રી છૂટી થવા માટે કંઈક આપી દે, આમાં બંને પર ગુનો નથી.'' (સૂરઃ બકરહ, આ.૨૨૯)

હાફિઝ ઈબ્ને કસીર ﷺ પોતાની તફસીર (૧/૪૮૩)માં ફરમાવે છે : ''જો પતિ અને પત્નીમાં કુમેળ અને વિસંવાદિતા પેદા થઈ જાય અને સ્ત્રી પતિના હક્કો બજાવી લાવવામાં અરુચિના કારણે ચૂક કરતી હોય, અને તેના સાથે જીવન વિતાવવાની પોતાનામાં તાકાત અને સામર્થ્ય ન રાખતી હોય, તો સ્ત્રી માટે જાયઝ છે કે પતિએ આપેલ ધનદોલતને પાછા આપીને તેનાથી છુટકારો હાંસલ કરી લે. પતિએ આપેલ ધનદોલતને પાછા કરવામાં સ્ત્રીને કોઈ વાંધો નથી અને ન તેને સ્વીકારવામાં પતિ પર કોઈ વાંધો છે.'' અને આને જ 'ખુલ્અ' કહેવામાં આવે છે.

## ● કોઈપણ પ્રકારના ઉચિત કારણ (શરઈ ઉઝ્ર) વગર પતિથી અલગ થવાવાળી સ્ત્રી વિશે ચેતવણી :

હઝરત શૌબાન ﷺ થી રિવાયત છે કે રસૂલ અકરમ ﷺ નો ઈરશાદ છે કે :

''જો કોઈ સ્ત્રી પોતાના પતિથી કોઈ ઉઝ્ર (ઉચિત કારણ) વગર તલાકની ઈચ્છુક હોય છે, તો તેના પર જન્નતની સુગંધ હરામ થઈ જાય છે.''

(અબૂ દાઉદ, તિરમિઝી અને ઈબ્ને હબ્બાને આને પોતાનસ સહીહમાં હસન કહેલ છે.)

આ એટલા માટે કે હલાલ અને મુબાહ (જેની છૂટ છે) વસ્તુઓમાં સૌથી નાપસંદ વસ્તુ અલ્લાહત્આલાની નજરમાં તલાક છે. આવશ્યક હોય ત્યારે જ તલાકનો રસ્તો અપનાવી શકાય છે. પરંતુ જરૂરત વગર આ મકરૂહ છે, કેમ કે તલાકના કારણે અનેક ચોખ્ખા નુકસાન થાય છે, અને જે જરૂરત હેઠળ સ્ત્રી પતિથી તલાક માટે મજબૂર થઈ શકે છે, તે એ છે કે પોતાના ઉપર પતિના જે હક્કો તેને સારી રીતે પૂરા ન કરી શકતી હોય, જેના કારણે પતિના દાંપત્યમાં બાકી રહેવું હાનિકારક હોઈ શકે છે. તેથી અલ્લાહત્આલાનો ઈરશાદ છે :

''કાં તો ભલી રીતે રોકી લેવું, અથવા સારી રીતે છોડી દેવું.''

(સૂરઃ બકરહ, આ. ૨૨૯)

અને અલ્લાહત્આલા ઈરશાદ ફરમાવે છે :

''જે લોકો પોતાની પત્નીઓથી (સંબંધ ન રાખવાની) સોગંદો ખાય છે, તેમના માટે ચાર મહિનાની મુદત છે. પછી જો તેઓ પાછા ફરી જાય તો અલ્લાહત્આલા

પણ માફ કરવાવાળો મહેરબાન છે, અને જો તલાકનો જ ઈરાદો કરી લે, તો અલ્લાહ-ત્આલા સાંભળવાવાળો અને સર્વજ્ઞ છે.'' (સૂરઃ બકરહ, આ. ૨૨૬-૨૨૭)

## ● દાંપત્ય સંબંધો કાપી નાખ્યા પછી સ્ત્રી માટે વાજિબ કામો :

દંપતિ (પતિ-પત્ની) વચ્ચે જુદાઈના બે સ્વરૂપો છે :

**પહેલી રીત : જીવનમાં જુદાઈ.**

**બીજી રીત : મૃત્યુ દ્વારા જુદાઈ.**

બંને જુદાઈઓમાં સ્ત્રી ઉપર 'ઈદ્દત' વાજિબ થાય છે. 'ઈદ્દત'નો અર્થ છે શરઈ રીતે એક નિર્ધારિત મુદ્દત માટે સ્ત્રીનું (શાદીથી) રોકાઈ રહેવું.

ઈદ્દતનો હેતુ એ છે કે આ વાસ્તવમાં એક પૂર્ણ નિકાહની સમાપ્તિ પર તેની પવિત્રતા અને આદરનો ખ્યાલ રાખવાનો છે, અને તેની સાથે ગર્ભાશય (કૂખ)ને ગર્ભથી પાક-સાફ જોવાનો છે, જેથી જેણે આ સ્ત્રીને અલગ કરી છે, તેના સિવાય કોઈ અન્ય વ્યક્તિ તેનાથી જાતીય સંબંધ ન બાંધે કે ક્યાંક તેનાથી (પેદા થનાર બાળકમાં) અનિશ્ચિતતા કે આશંકા અને મિશ્રણ થઈ જાય અને વંશ અને કૂળની ઓળખ નષ્ટ થઈ જાય. ઈદ્દતમાં સૌપ્રથમ તો નિકાહના બંધનનો આદર છે અને પહેલા પતિના હક્કનો આદર અને સન્માન છે અને એક રીતે તેની જુદાઈ પર પ્રભાવનું પ્રદર્શન છે. ઈદ્દતના ચાર પ્રકાર છે :

**પહેલો પ્રકાર :**

ગર્ભવતી સ્ત્રીની ઈદ્દત, જે ડિલીવરી (પ્રસૂતિ)થી પૂરી થઈ જાય છે, ચાહે સ્ત્રી 'મુતલ્લકા બાઈના'[૧] હોય કે મુતલ્લકા રજઈયા[૨], હયાતીમાં જ જુદાઈ (છુટાછેડા) લેનારી હોય કે તેના પતિનું મૃત્યુ થઈ ગયું હોય. અલ્લાહત્આલા ઈરશાદ ફરમાવે છે :

''ગર્ભવતી સ્ત્રીઓની ઈદ્દત તેમની પ્રસૂતિ છે.'' (સૂરઃ તલાક, આ. ૪)

**બીજો પ્રકાર :**

એવી તલાક પામેલી સ્ત્રીની ઈદ્દત, જેને માસિક આવતું હોય. આ ઈદ્દત ત્રણ માસિક આવી જવાથી પૂરી થઈ જાય છે; જેમ કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈરશાદ ફરમાવે છે :

---

૧. 'તલાકે બાઈન' એ છે જેમાં નિકાહ બિલકુલ તૂટી જાય છે. આના બે પ્રકાર છે : એક એ કે જેમાં ફરીથી નવા નિકાહ પઢ્યા પછી વ્યક્તિ ફરીથી એ જ સ્ત્રીને, જેને તેણે તલાક આપી દીધી હોય છે, પોતાની પત્ની બનાવી શકે છે; અને બીજી 'તલાકે બાઈના' એ છે, જેમાં હલાલા કર્યા વગર ફરીથી નિકાહ કરીને તે તલાક આપેલી સ્ત્રીને પોતાની પત્ની બનાવી શકતો નથી. વાસ્તવમાં શરઈ ભાષામાં આને 'તલાકે મુગલ્લઝા' કહેવાય છે.

૨. 'તલાકે રજઈ' એ છે, જેમાં નિકાહ બિલકુલ તૂટતા નથી. આમાં તલાક આપનારે એક કે બે તલાક આપી દીધી હોય અને પછી તે દરમ્યાન તેને પોતાના કાર્ય પર પસ્તાવો થાય અને તેને આ તૂટી ગયેલ રિશ્તાને ફરીથી જોડવાની ઈચ્છા થાય તો તે નિકાહ વગર તેને પોતાની પત્ની બનાવી શકે છે. (અનુ.)

''તલાકવાળી સ્ત્રીઓ પોતાની જાતને ત્રણ માસિક સુધી રોકી રાખે.''

(સૂરઃ બકરહ, આ. ૨૨૮)

આયતમાં ثَلٰثَةَ قُرُوْءٍ નો અર્થ ત્રણ માસિક છે.

**ત્રીજો પ્રકાર :**

એવી સ્ત્રી, જેને માસિક જ ન આવતું હોય. આના બે પ્રકાર છે : કિશોરાવસ્થાથી માસિક ન આવતું હોય તેવી છોકરી અને આધેડ કે વૃદ્ધ, જેને માસિક આવવાનું બંધ થઈ ગયું હોય. આ બંનેની ઇદ્દત રબ્બુલ ઇઝ્ઝતે પોતાના ફરમાનમાં વર્ણવી દીધી છે :

''તમારી સ્ત્રીઓમાંથી જે સ્ત્રીઓ માસિકથી નિરાશ થઈ ગઈ હોય, જો તમને ભય હોય તો તેમની ઇદ્દત ત્રણ મહિના છે, અને તેમની પણ જેમને માસિક શરૂ જ થયું નથી.'' (સૂરઃ તલાક, આ. ૪)

**ચોથો પ્રકાર :**

એવી સ્ત્રી જેના પતિનું મૃત્યુ થઈ ગયું હોય. અલ્લાહત્‌આલાએ આની ઇદ્દત પોતાના આ ફરમાન દ્વારા સ્પષ્ટ કરી દીધી છે :

''તમારામાંથી જે લોકો મૃત્યુ પામે અને પત્નીઓ મૂકી જાય, તો તે સ્ત્રીઓ પોતાને ચાર મહિના અને દસ દિવસ ઇદ્દતમાં રાખે.'' (સૂરઃ બકરહ, આ. ૨૩૪)

આ હુકમમાં, જેના સાથે શૈયાસુખ માણી લીધું હોય તેવી અથવા જેની સાથે શૈયાસુખ ન માણ્યું હોય તેવી કિશોરાવસ્થા છોકરી અને આધેડ કે વૃદ્ધ તમામ સ્ત્રીઓ સામેલ છે. આમાં ગર્ભવતી સ્ત્રી સામેલ નથી, કેમ કે બીજી આયત દ્વારા તેને બાકાત કરી દેવામાં આવેલ છે, જેમાં અલ્લાહત્‌આલા ફરમાવે છે :

''ગર્ભવતી સ્ત્રીઓની ઇદ્દત તેમની પ્રસૂતિ છે.'' (સૂરઃ તલાક, આ. ૪)

'અલ-હુદા અન્‌-નબવી' લે. ઇબ્ને અલ-કય્યિમ, ૫/૫૯૪ (મુત્તફિક અલયહ)

## ● ઇદ્દત ગુજારતી સ્ત્રી પર કઈ-કઈ વસ્તુઓ હરામ છે?

(૧) શાદીનો પૈગામ (સંદેશ) :

- એવી સ્ત્રી, જે તલાક-રજઈની ઇદ્દત ગુજારી રહી હોય, તેને શાદીનો પૈગામ આપવો, ચોખ્ખા શબ્દોમાં કે ઇશારાઓમાં, બંને રીતે હરામ છે; કેમ કે તે હજુ પત્નીના હુકમમાં છે, તેથી એ જાયઝ નથી કે કોઈ તેને શાદીનો પૈગામ આપે, એટલા માટે કે તે હજુ સુધી તેના પતિના દાંપત્યમાં અને તેના આધીન છે.

● બિનરજઈ તલાકની ઈદ્દત ગુજારનાર સ્ત્રીને ચોખ્ખા શબ્દોમાં શાદીનો પૈગામ આપવો હરામ છે, અલબત્ત ઈશારાઓમાં તેને શાદીનો પૈગામ આપી શકાય છે. ઈરશાદે રબ્બાની છે :

"તમારા પર એ વાતનો કોઈ ગુનો નથી કે તમે પરોક્ષમાં-સંકેતમાં એ સ્ત્રીઓને શાદીની વાત કરો." (સૂરઃ બકરહ, આ. ૨૩૫)

ચોખ્ખા શબ્દોમાં કે સાફ-સાફ શાદીનો પૈગામ આપવાની રીત એ છે કે એ સ્ત્રીથી શાદીની ઈચ્છા જાહેર કરવામાં આવે; જેમ કે કહેવામાં આવે કે હું તારાથી શાદી કરવા માગું છું, કેમ કે આવી હાલતમાં શાદીની ઈચ્છા સ્ત્રીને સમયથી પહેલા જ ઈદ્દત સમાપ્ત કરવાની જાણ અને માહિતગાર કરવા મજબૂર કરી શકે છે. આનાથી વિપરીત, પરોક્ષ રીતે કે સંકેતમાં, કેમ કે પરોક્ષ રીતે સંકેતમાં શાદીની પૂરેપૂરી સ્પષ્ટતા થતી નથી, તેથી તેના ઉપર કોઈપણ પ્રકારનું મનાઈ કરેલું કામ થતું નથી, અને પછી આયતે-કરીમાનો ભાવાર્થ પણ આ જ અર્થની તરફ ઈશારો કરી રહ્યો છે.

પરોક્ષ રીતે કે સંકેતમાં શાદીનો પૈગામ આપવાની રીત એ છે કે એ સ્ત્રીથી કહેવામાં આવે કે હું તમારા જેવી સ્ત્રીનો ઈચ્છુક છું. બિનરજઈ તલાકની ઈદ્દત ગુજારનાર સ્ત્રી અસ્પષ્ટ પૈગામનો જવાબ પરોક્ષ રીતે કે સંકેતમાં આપી શકે છે. અલબત્ત, ચોખ્ખા પૈગામનો જવાબ આપવો તેના માટે કોઈપણ રીતે દુરસ્ત નથી, અને રજઈ તલાકની ઈદ્દત ગુજારનાર સ્ત્રી ન તો સપષ્ટતાની સાથે અને ન તો પરોક્ષ રીતે કે ઈશારામાં કોઈપણ રીતે જવાબ આપી શકે છે.

(૨) ઈદ્દતગુજાર સ્ત્રીની શાદી કોઈ બીજા વ્યક્તિથી કરવી હરામ છે, કેમ કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ફરમાવે છે :

"અને નિકાહનો સંબંધ બાંધવાનો નિર્ણય, જ્યાં સુધી ઈદ્દત પૂરી ન થઈ જાય ત્યાં સુધી ન કરો." (સૂરઃ બકરહ, આ. ૨૩૫)

હાફિઝ ઈબ્ને કસીર ﷺ પોતાની તફસીર (૧/૫૦૯)માં લખે છે : "અર્થાત્ તેમના નિકાહ ન કરો, જ્યાં સુધી તે ઈદ્દત પૂરી ન કરી લે. આના પર ઉલ્માનો ઈજમાઅ છે કે ઈદ્દતના સમયમાં બીજા નિકાહ કરવા સાચું નથી."

**ફાયદો :**

૧) દખૂલ (પતિ-પત્ની વચ્ચે સંભોગ)થી પહેલા તલાક આપવામાં આવેલ સ્ત્રી પર ઈદ્દત નથી, કેમ કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનું ફરમાન છે :

''હે મોમિનો ! જ્યારે તમે મોમિન સ્ત્રીઓથી નિકાહ કરો, પછી હાથ લગાવતાં પહેલા (જ) તલાક આપી દો, તો તેમના પર તમારો ઇદ્દતનો કોઈ હક્ક નથી, જેને તમે ગણતરીમાં લો.'' (સૂરઃ અહ્ઝાબ, આ. ૪૯)

હાફિઝ ઇબ્ને કસીર ﷺ પોતાની તફસીર (૫/૪૭૯)માં લખે છે :

''ઉલ્મા દરમ્યાન એક મુત્તફિક અલયહ (સર્વસંમત) વાત એ છે કે જો સ્ત્રી સાથે સંભોગ પહેલા તલાક આપી દેવામાં આવી હોય, તો તેના પર ઇદ્દત નથી. તેથી તલાક પછી તરત જ જેનાથી તે ઇચ્છે શાદી કરી શકે છે.''

૨) જો સ્ત્રી સાથે સંભોગથી પહેલા મહ્ર નક્કી કર્યા પછી તલાક આપવામાં આવી હોય, તો તેને અડધી મહ્ર આપવામાં આવે, અને જો મહ્ર નક્કી કરવામાં ન આવી હોય, તો પણ તેને કપડાં વગેરેમાં જે કંઈ ઉપલબ્ધ હોય, આપવામાં આવે. સંભોગ પછી તલાક આપવામાં આવે ત્યારે સ્ત્રીને પૂરેપૂરી મહ્ર આપવામાં આવશે. ફરમાને ઇલાહી છે :

''જો તમે સ્ત્રીને હાથ લગાવ્યા વગર અને મહ્ર નક્કી કર્યા વગર તલાક આપી દો, તો પણ તમારા પર કોઈ ગુનો નથી; હા, તેમને કંઈને કંઈ ફાયદાની વસ્તુ આપો, સંપન્ન વ્યક્તિ પોતાની શક્તિ મુજબ અને ગરીબ વ્યક્તિ પોતાની શક્તિ મુજબ... અને જો તમે સ્ત્રીને એનાથી પહેલા તલાક આપી દો કે તમે તેને હાથ લગાવ્યો હોય અને તમે તેમની મહ્ર પણ નક્કી કરી લીધી હોય, તો નક્કી કરેલ મહ્રની અડધી મહ્ર આપી દો.'' (સૂરઃ બકરહ, આ. ૨૩૬-૨૩૭)

અર્થાત્, અલ્લાહતઆલા પુરુષોને સંબોધન કરીને ફરમાવી રહ્યો છે કે દંપતિ (પતિ-પત્ની) વચ્ચે શૈયાસુખ અને મહ્રના નિર્ધારણથી પહેલા તલાક આપવામાં કોઈ વાંધો નથી; જો કે તેનાથી સ્ત્રીની ભાવનાઓને ઠેસ પહોંચે છે, પરંતુ તેમને કંઈક ધનદોલત આપીને તેને દૂર કરી શકાય છે. પતિની આર્થિક સ્થિતિ અને પ્રચલન અનુસાર સ્ત્રીને સાજ-સામાન આપવું જરૂરી છે.

આના પછી અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે એવી સ્ત્રીનો ઉલ્લેખ કર્યો છે, જેની મહ્ર નક્કી કરી દેવામાં આવી છે અને તેના સાથે સંભોગથી પહેલા તેને તલાક આપી દેવાની સ્થિતિમાં અડધી મહ્ર આપવાનો હુકમ આપવામાં આવ્યો છે.

હાફિઝ ઇબ્ને કસીર પોતાની તફસીર (૧/૫૧૨)માં લખે છે : ''આવી પરિસ્થિતિમાં (અર્થાત્ મહ્રના નિર્ધારણ પછી) અડધી મહ્ર અદા કરવી ઉલ્મા દરમ્યાન એક મુત્તફિક અલયહ (સર્વસંમત) મામલો છે, જેમાં કોઈ મતભેદ નથી.''

૩) પતિના મૃત્યુ પછી ઇદ્દત ગુજારનાર સ્ત્રી પર પાંચ વસ્તુઓ હરામ હોય છે :

૧. તમામ પ્રકારની અને સ્વરૂપની ખુશ્બૂ, ન તો તે પોતાના શરીરમાં અને ન કપડાંમાં લગાવશે અને ન ખુશ્બૂવાળી વસ્તુઓ વાપરશે; કેમ કે રસૂલ અકરમ ﷺ થી સહીહ હદીસ સાબિત છે : ''અને સ્ત્રી ખુશ્બૂનો ઉપયોગ નહીં કરે.''

૨. શારીરિક સાજ-શણગાર : આવી સ્ત્રી માટે ખિઝાબ (વાળમાં રંગ) લગાવવું, એ જ પ્રમાણે સાજ-શણગારની તમામ વસ્તુઓ, જેમ કે - સુરમા વગેરે, અને ચામડીને રંગવાના પ્રકારો અને સાધનોની વસ્તુઓનો ઉપયોગ હરામ છે; અલબત્ત, જો તેને ઇલાજના રૂપે અને દવાના સુરમાઓ લગાવવાની જરૂરત પડે તો રાતના સમયે સુરમો લગાવી શકે છે, પરંતુ દિવસે તેને સાફ કરી નાખશે. સુરમા સિવાય શ્રૃંગારની ન હોય એવી વસ્તુઓથી પોતાની આંખોનો ઈલાજ કરી શકે છે. આમાં કોઈ વાંધો કે અડચણ નથી.

૩. સાજ-સજ્જાના પોશાક પહેરીને શોભા અખત્યાર કરવાની પણ મનાઈ છે. પ્રત્યેક એ પોશાક, જેમાં સાજ-શણગાર ન હોય, પહેરી શકે છે. આ સંદર્ભમાં કોઈ વિશિષ્ટ રંગ નક્કી નથી. (પરંતુ વિભિન્ન સમાજોમાં) ખાસ રંગના પોશાકનો ઉપયોગ સામાન્ય રીતે લોકોની આદત બનતી જઈ રહી છે, (જેની શરીઅતમાં કોઈ સાબિતી નથી.)

૪. જુદા-જુદા પ્રકારના અને સ્વરૂપના ઘરેણા, ત્યાં સુધી કે વિંટી (અંગૂઠી)નો પણ ઉપયોગ નહીં કરી શકે.

૫. જે મકાન કે મંજિલ પર પોતાના પતિના મૃત્યુ વખતે તે હતી, તેના સિવાય કોઈ અન્ય મકાનમાં કે ઘરમાં રાત વિતાવવી અને એ ઘરથી કોઈ શરઈ કારણ વગર જવું પણ જાયઝ નથી. કોઈ બીમારને જોવા જવું, અથવા કોઈ નજીકની વ્યક્તિ અથવા મિત્રની મુલાકાત માટે પોતાના ઘરથી નીકળી શકતી નથી. અલબત્ત, દિવસમાં પોતાના જરૂરી કામો માટે નીકળી શકે છે.

ઉપરોક્ત પાંચ બાબતો સિવાય કોઈ અન્ય મુબાહ (કરવાની છૂટ હોય એવી) બાબતથી સ્ત્રીને રોકવામાં નહીં આવે. અલ્લામા ઇબ્ને કય્યિમ رحمه الله 'અલ-હુદા અન્-નબવી' (૫/૫૦૭)માં લખે છે : ''(પતિના મૃત્યુના કારણે) ઇદ્દત ગુજારનાર સ્ત્રીને નખ કાપવા, બગલના વાળ સાફ કરવા, બિનજરૂરી વાળ સાફ કરવા, બોરના પાંદડાઓના પાણીથી ગુસ્લ (સ્નાન) કરવા, ઉપરાંત માથું ઓળવાથી મનાઈ કરવામાં નહીં આવે.''

શૈખુલ ઇસ્લામ ઇબ્ને તીમિયા رحمه الله 'મજમૂઅ અલ-ફતાવા' (૩૪/૨૭-૨૮)માં

લખે છે : ''પ્રત્યેક મુબાહ વસ્તુનું ખાવું તેના માટે જાયઝ છે,જેમ કે - ફળ અને ગોશ્ત (માંસ) વગેરે. એ જ રીતે મુબાહ શરબતોનું પીવું પણ જાયઝ છે.''

આગળ વધુમાં લખે છે : ''આવી સ્ત્રી માટે તમામ મુબાહ કામો અને પ્રવૃત્તિઓ, જેમ કે - સિલાઈ કે ભરતકામ કરવું, કટિંગ વગેરે જેને સામાન્ય રીતે સ્ત્રીઓ કરતી હોય છે, હરામ કે મનાઈ નથી. એ તમામ કાર્યો અથવા વસ્તુઓ જે ઇદ્દત વગર તેના માટે મુબાહ હતી, ઇદ્દતના સમયમાં પણ મુબાહ હશે; જેમ કે - જે પુરુષોથી તેને વાતચીતની જરૂરત પડતી હતી તેમનાથી પરદાની કાળજી રાખીને વાતચીત કરી શકે છે. આ તમામ વાતો રસૂલ અકરમ ﷺ એ બતાવેલ સુન્નતની વાતો છે, જેના પર સહાબાએ કિરામ رضي الله عنهم ની પત્નીઓ પોતાના પતિઓના અવસાન પછી (ઇદ્દતના સમયમાં) અમલ કરતી હતી.

લોકોમાં એ વાત જે પ્રચલિત છે કે ઇદ્દતગુજાર સ્ત્રી ચંદ્રથી પોતાના ચહેરાને છુપાવશે, ઘરની છત પર નહીં જઈ શકે, પુરુષોથી વાતચીત નહીં કરી શકે અને પોતાના મહરમ લોકોથી પણ પોતાનો ચહેરો છુપાવશે, અથવા આ જ પ્રકારની અન્ય વાતો, તો વાસ્તવમાં તેમની કોઈ અસલ કે બુનિયાદ નથી. વલ્લાહ આ'લમ.

—◦★◦—

# મહિલાઓની ઈજ્જત-આબરૂ અને તેમની પવિત્રતા અને શરાફતની રક્ષાની બાંહેધરી ઉપલબ્ધ કરાવતા આદેશો અને મસાઈલ

(૧) પુરુષોની જેમ મહિલાઓને પણ નજરો નીચી રાખવા અને ગુહ્યેન્દ્રિયોની રક્ષાનો હુકમ આપવામાં આવ્યો છે. ઈરશાદે રબ્બાની છે :

''મુસલમાન પુરુષોથી કહો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે, આ જ તેમના માટે વધારે પવિત્રતા છે. લોકો જે કંઈ કરે છે અલ્લાહ તેનાથી સુમાહિતગાર છે. મુસલમાન સ્ત્રીઓથી કહી દો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે.'' (સૂરઃ નૂર, આ. ૩૦-૩૧)

આદરણી ઉસ્તાદ શૈખ મુહમ્મદ અમીન શકતીની ﷫ પોતાની તફસીર 'અઝવાઉલ બયાન' (૬/૧૮૬)માં લખે છે : ''મહિમાવાન અને સર્વોચ્ચ અલ્લાહે (અલ્લાહ અઝ્-વ-જલ) મોમિન પુરુષો અને મોમિન સ્ત્રીઓને નજરો નીચી રાખવા, અને ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરવાનો હુકમ આપ્યો છે. ગુહ્યેન્દ્રિયોની રક્ષામાં વ્યભિચાર, ગુદામૈથુન (પુરુષ-પુરુષ વચ્ચે જાતીય સંબંધ) અને સમલૈંગિકતા (સ્ત્રી-સ્ત્રી દરમ્યાન જાતીય સંબંધ) તથા અનાવશ્યક તેમને લોકોની સામે પ્રગટ કરવાથી દૂર રહેવું અને રક્ષા કરવું સામેલ છે.''

આગળ વધુમાં લખે છે : ''અલ્લાહત્આલાએ આ મહિમાવાન આયતમાં આપેલ આદેશોને બજાવી લાવનાર પુરુષો અને સ્ત્રીઓને ક્ષમા અને મહાન ઈનામનું વચન આપ્યું છે, એ શરતે કે તેના સાથે સૂરઃ અહ્ઝાબમાં વર્ણવેલ આદેશોને પણ બજાવી લાવે, જેમાં અલ્લાહત્આલા ઈરશાદ ફરમાવે છે :

''નિઃશંક, મુસલમાન પુરુષો અને મુસલમાન સ્ત્રીઓ, મોમિન પુરુષો અને મોમિન સ્ત્રીઓ, આજ્ઞાંકિત પુરુષો અને આજ્ઞાંકિત સ્ત્રીઓ, સદાચારી પુરુષો અને સદાચારી સ્ત્રીઓ, ધૈર્યવાન પુરુષો અને ધૈર્યવાન સ્ત્રીઓ, આજીજી કરનારાં પુરુષો અને આજીજી કરનારી સ્ત્રીઓ, દાનશીલ પુરુષો અને દાનશીલ સ્ત્રીઓ, પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરનારાં પુરુષો અને પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરનારી સ્ત્રીઓ, અલ્લાહનો અત્યંત ઝિક્ર (સ્મરણ) કરનારાં પુરુષો

અને અલ્લાહનો અત્યંત ઝિક્ર કરનારી સ્ત્રીઓ, આ તમામ માટે અલ્લાહત્-આલાએ (વિપુલ) ક્ષમા અને મોટો સવાબ (પુણ્ય) તૈયાર રાખેલ છે.''

(સૂરઃ અહ્ઝાબ, આ. ૩૫)

અલ્લામા શકનીતી رحمه الله ની વાતમાં પ્રયુક્ત શબ્દ 'سحاق' નો અર્થ છે - સ્ત્રીઓ દ્વારા સમલૈંગિકતાનું કાર્ય. આ એક સંગીન અને ગંભીર ગુનો છે, જેના માટે બંને સ્ત્રીઓ કઠોર સજા અને સખત અઝાબને પાત્ર છે.

અલ્લામા ઈબ્ને કદામા رحمه الله 'અલ-મુગ્ની' (૮/૧૯૮)માં લખે છે : ''જો બે સ્ત્રીઓ સમલૈંગિકતાનું કાર્ય કરે છે, તો બંને વ્યભિચારી અને ધુત્કારેલ છે, કેમ કે રસૂલ અકરમ ﷺ નો ઈરશાદ છે :

''જ્યારે બે સ્ત્રીઓ સમલૈંગિકતાનો અમલ કરે છે, તો તે બંને વ્યભિચારનું કાર્ય કરનારી હોય છે.''

આ બંને પર સજાપાત્ર કાનૂન લાગુ કરવામાં આવશે, એટલા માટે કે આ એક એવો વ્યભિચાર છે, જેના વિશે કોઈ નિર્ધારિત કાનૂન સાબિત નથી.(૧)

તેથી મુસ્લિમ મહિલાઓ, વિશેષતઃ નવયુવતીઓએ આ ઘૃણાસપદ અમલ અને પ્રતિબંધિત કાર્યથી બચવું જોઈએ.

નજરો નીચી રાખવાના સંદર્ભમાં અલ્લામા ઈબ્ને કય્યિમ رحمه الله પોતાના પુસ્તક 'અલ-જવાબ અલ-કાફી' (પૃ. ૧૨૯-૧૩૦)માં લખે છે : ''નજરો ખરાબ કાર્યોનો આરંભ અને કામવાસના ભડકાવવાનું કારણ બને છે. તેથી નજરોની રક્ષા વાસ્તવમાં ગુહ્યેન્દ્રિયોની રક્ષાની બુનિયાદ છે. જે વ્યક્તિએ પોતાની નજરોને આઝાદ છોડી દીધી, તેણે પોતાના માટે વિનાશનો સામાન તૈયાર કર્યો. રસૂલ અકરમ ﷺ નો મુબારક ઈરશાદ છે :

''હે અલી ! એક નજર પછી બીજી નજર ન નાખો, કેમ કે પહેલી (અચાનક પડતી) નજર તમારા માટે માફ છે.''

હદીસમાં પહેલી નજરનો અર્થ અચાનક પડી જતી નજર છે, જે કોઈ હેતુ અને ઈરાદા વગર પડી જતી હોય છે.

મુસ્નદ (અહમદ)માં રસૂલ અકરમ ﷺ ના ફરમાનની નોંધ છે :

---

૧. શૈખુલ ઈસ્લામ ઈબ્ને તીમિયા રહ. 'મજમૂઅ અલ-ફતાવા' (૫/૩૨૧)માં ફરમાવે છે : ''આના જ કારણે સમલૈંગિકતાનું કાર્ય કરનારી સ્ત્રી વ્યભિચારિણી છે, જેમ કે હદીસમાં કહેવામાં આવેલ છે - زنا النساء سحاقهن - બે સ્ત્રીઓનો વ્યભિચાર તેમના વચ્ચે સમલૈંગિકતાનું કાર્ય છે.

''નજર ઇબ્લિસના તીરોમાંથી એક ઝેરયુક્ત તીર છે.''

આગળ વધુમાં લખે છે : ''માણસના ઉપર આવી પડતી સામાન્ય મુસીબતો અને પરેશાનીઓનું ખરું મૂળ અને બુનિયાદ નજરો જ હોય છે, કેમ કે આ જ નજરથી દિલોમાં વિભિન્ન વસ્વસાઓ (શંકા-કુશંકાઓ) પેદા થાય છે. વસ્વસાઓ વિચારો અને માન્યતાઓને જન્મ આપે છે, વિચારોથી ઇચ્છા પેદા થાય છે, ઇચ્છા અને કામવાસનાથી દિલમાં ઇરાદો જન્મ લે છે, જે જોર પકડતાં દૃઢ નિશ્ચયનું રૂપ ધારણ કરી લે છે, પછી અનિવાર્ય રૂપે અંતિમ કાર્ય પૂરું થાય છે, જેનાથી કોઈ તાકાત રોકી શકતી નથી. એટલા માટે જ કહેવામાં આવે છે કે નજરોને નીચી અને ઝૂકેલી રાખવા પર ધૈર્ય રાખી લેવું, પાછળથી આવી પડતી તકલીફ પર ધૈર્ય રાખવાની સરખામણીમાં વધારે સરળ છે.''

મુસ્લિમ મહિલાઓએ પુરુષો તરફ નજર ઉઠાવવા, ઉપરાંત મેગેઝિનો, ટેલીવિઝન અથવા વીડિયોમાં પ્રસ્તુત કરવામાં આવતાં ઉત્તેજિત કરનારાં ચિત્રોને જોવાથી પરહેજ કરવું જોઈએ, આવું કરવાથી તે ખરાબ અંજામથી સુરક્ષિત રહેશે. કેટલીય નજરો નજરવાળા માટે અફસોસ અને પસ્તાવાનું કારણ બને છે; નાની ચિંગારીથી જ આગ ભડકે છે.

(૨) શર્મગાહો (ગુહ્યેન્દ્રિયો)ની રક્ષાના વિભિન્ન માધ્યમો અને રસતાઓમાંથી એક કારણ અને માધ્યમ એ પણ છે કે ગીત અને સંગીત સાંભળવાથી દૂર રહેવામાં આવે. અલ્લામા ઇબ્ને કય્યિમ ﷺ 'ઇગાષતુલ લહફાન' (૧/૨૪૨, ૨૪૮, ૨૬૪, ૨૬૫)માં ફરમાવે છે : ''શૈતાનના અનેક ફંદાઓ છે, જેના દ્વારા તે કમઇલ્મ (અલ્પશિક્ષિત), કમઅક્લ (ઓછી બુદ્ધિના, નાસમજ) અને દીનથી અજાણ લોકોને પોતાની જાળમાં લે છે અને જાહિલો (અજ્ઞાનીઓ) તથા જૂઠ અને અસત્યના પરસ્તારોના દિલોને શિકાર કરે છે. આ જ ફંદાઓમાંથી એક ફંદો પ્રતિબંધિત અને હરામ મોજમજાના સાધનો વડે નાચગાન અને ગાવા-વગાડવાનો માહોલ છે, જે દિલોને કુર્આને-કરીમથી ફેરવી નાખે છે; ઉપરાંત તેમને બગાડ અને બૂરાઈ તેમજ વિદ્રોહ અને નાફરમાન (અવજ્ઞા)નો એદી અને રસિયો બનાવી નાખે છે. તેથી ગાવું-વગાડવું વાસ્તવમાં શૈતાનનું કુર્આન છે, જેનાથી બંદા અને અલ્લાહતઆલા દરમ્યાન એક જાડું આવરણ આવી જાય છે. આ (આવરણ) સમલૈંગિકતા અને વ્યભિચાર માટે જાદૂનું કામ કરે છે. આના જ વસ્વસાથી એક બદચલન અને દુરાચારી આશિક (પ્રેમી) પોતાની પ્રમિકાથી પોતાની આખરી આરજૂ અને ઇચ્છાને પૂરી કરે છે.''

વધુમાં આગળ લખે છે : ''સ્ત્રી કે પુરુષ (દાઢી-મૂંછ વગરના નવયુવાન છોકરા)થી ગીત સાંભળવું સૌથી મોટા હરામ કામોમાંથી એક છે અને દીનને બરબાદ કરવાનું એક મોટું કારણ છે.''

એ પણ લખે છે : ''એક ઈજ્જતદાર માણસ પોતાના બાળ-બચ્ચાઓને એ જ પ્રમાણે ગીતો સાંભળવાથી રોકે અને મનાઈ કરે છે, જે પ્રમાણે તેમને શંકા-કુશંકાઓના કારણો અને પરિબળોથી દૂર રાખે છે. આ પ્રકારના નિર્લજ્જ લોકોને સારી રીતે ખબર છે કે જ્યારે સ્ત્રી પુરુષના કાબૂમાં નથી આવતી, તો પુરુષ તેને ગીત સંભળાવવાની પૂરેપૂરી કોશિશ કરે છે. ગીત સાંભળ્યા પછી સ્ત્રી નરમ પડી જાય છે, કેમ કે તે અવાજ સાંભળીને જલ્દી પ્રભાવિત થાય છે. જો ગાવાનો અવાજ હશે તો તેના અંદર બે તરફી (વૃત્તિ) અસર પેદા થશે; એક અવાજ તરફથી અને બીજો ગીતના અર્થ અને ભાવાર્થ તરફથી. હવે આ જાદૂ જેવા માહોલની સાથે ઢોલત્રાંસા, ગઝલ અને સ્ત્રી જેવા અવાજમાં આખા શરીરને આમળીને નાચ જમા થઈ જાય તો જો ગીત દ્વારા કોઈ સ્ત્રી ગર્ભવતી થઈ શકે છે, તો આ પ્રકારના ગીતથી અવશ્ય ગર્ભવતી થઈ જશે. કેટલીય ઈજ્જતદાર સ્ત્રીઓએ માત્ર ગીતોના કારણે શરીર વેચવાની રાહ અપનાવી લીધી છે.''

તેથી એક મુસ્લિમ મહિલાએ અલ્લાહતઆલાનો ડર અને ભય અખત્યાર કરવો જોઈએ અને આ સંગીન ખતરનાક નૈતિક બીમારીથી દૂર રહેવું જોઈએ, જે આજે મુસલમાનો દરમ્યાન જુદા-જુદા સાધનો અને માર્ગો તેમજ વિભિન્ન કારણો અને રીતે ગીતોના રૂપમાં ફેલાતી જઈ રહી છે, જેમને ઘણી નાદાન-નાસમજ અને નવયુવતીઓ તેમના સ્ત્રોત અને કેન્દ્રથી મંગાવીને પરસ્પર એક-બીજાને ભેટ રૂપે આપે છે.

(૩) ગુહ્યેન્દ્રિયોની રક્ષાના વિભિન્ન તરીકાઓ અને સાધનોમાંથી એક રીત એ પણ છે કે સ્ત્રી કોઈ એવા મહરમ વગર સફર પર ન નીકળે, જે તેને બદમાશો, બદકારો અને દુરાચારી લોકોના ખરાબ ઈરાદાઓ અને બૂરી નિયતોથી સુરક્ષા આપી શકે અને બચાવી શકે. મહરમ વગર સ્ત્રીના સફર કરવાની મનાઈમાં જુદી-જુદી હદીસો આવેલ છે. આ જ હદીસોમાંથી હઝરત ઈબ્ને ઉમર ﷺ એ રિવાયત કરેલ હદીસ પણ છે, જેમાં રસૂલ અકરમ ﷺ ઈરશાદ ફરમાવે છે :

''કોઈ મહરમના સાથ વિના સ્ત્રી ત્રણ દિવસનો સફર ન કરે.''

હઝરત અબૂ સઈદ ખુદરી ﷺ એ રિવાયત કરેલ હદીસ છે, જેમાં તેઓ કહે છે :

''નબી કરીમ ﷺ એ સ્ત્રીને પતિ કે મહરમના સાથ વગર બે દિવસ અથવા બે રાતનો સફર કરવાની મનાઈ કરી છે.''

હઝરત અબૂ હુરૈરહ ﷺ એ રિવાયત કરેલ હદીસ પણ છે, જેમાં રસૂલ અકરમ ﷺ ઈરશાદ ફરમાવે છે :

"કોઈ સ્ત્રી માટે જાયઝ નથી કે તે પોતાના કોઈ મહરમને સાથે લીધા વગર એક દિવસ અને એક રાતનો સફર કરે."

ઉપરોક્ત હદીસોમાં ત્રણ દિવસ, બે દિવસ, એક દિવસ અને એક રાતની જે હદ મૂકવામાં આવી છે, તો તેનો અર્થ એ જમાનાના વાહન-વ્યવહારના સાધનો, તથા પગપાળા અને સવારીઓ દ્વારા કરવામાં આવતી મુસાફરી છે. ત્રણ દિવસ, બે દિવસ, એક દિવસ અને એક રાત અથવા તેનાથી પણ ઓછી મુસાફરીની હદમાં જે જુદી-જુદી હદીસો આવેલ છે, તો ઉલ્માએ કિરામે આ ભેદનો જવાબ એ આપ્યો છે કે આ હદથી તેનો બાહ્ય અર્થ લઈ શકાય નહીં, બલ્કે એનો અર્થ પ્રત્યેક એ સફર છે, જેને સફર કહી શકાય, એનાથી સ્ત્રીને મનાઈ કરવામાં આવી છે.

ઈમામ નવવી ﷫ 'સહીહ મુસ્લિમ કી શરહ' (૯/૧૦૩)માં લખે છે : "સાર એ છે કે પતિ કે મહરમના સાથ વગર જેને સફર કહી શકાય એવા દરેક સફર કરવાની સ્ત્રીને મનાઈ કરવામાં આવશે, ચાહે તે ત્રણ દિવસનો હોય કે બે દિવસનો કે એક દિવસનો હોય, કે એક રાતનો હોય કે તેનાથી પણ ઓછો; કેમ કે હઝરત ઈબ્ને અબ્બાસ ﵄ થી એક હદીસમાં સફર માત્રની મનાઈની આવેલ છે, જેને ઉપરોક્ત હદીસ પછી બિલકુલ અંતમાં ઈમામ મુસ્લિમ રહ.એ રિવાયત કરેલ છે. તેના શબ્દો આ પ્રમાણે છે : لاتسافر امرأة إلا مع ذى محرم. - કોઈ સ્ત્રી મહરમ વગર સફર ન કરે. આ હદીસ એ તમામ મુસાફરીઓને આવરી લે છે, જેને સફર કહી શકાય.

જે લોકોએ સ્ત્રીઓના એક સમૂહની સાથે હજ્જની ફર્ઝ અદા કરવા માટે સફર કરવાની પરવાનગી આપી છે, તો વાસ્તવમાં આ ફતવો સુન્નતના વિરુદ્ધ છે. ઈમામ ખત્તાબી ﷫ 'મઆલમ અલ-સુનન' (૨/૨૭૬-૨૭૭, મતબૂ મઅ-તહઝીબુલ સુનન અલ-ઈબ્ને કય્યિમ)માં લખે છે : "રસૂલ અકરમ ﷺ એ કોઈ પુરુષ મહરમના સાથ વગર સ્ત્રીના સફરની મનાઈ કરી દીધી છે. સ્ત્રીના સફર માટે જે શરતને રસૂલ અકરમ ﷺ એ જરૂરી ઠેરવી છે, તે પૂરી ન થાય તેમ છતાં સ્ત્રીનું હજ્જના સફર માટે નીકળવાને જાયઝ ઠેરવવું સુન્નતના વિરુદ્ધ છે. ગૈરમહરમ પુરુષની સાથે સ્ત્રીનું સફર કરવું બૂરાઈ અને ગુનો છે, તેથી હજ્જ, જે અલ્લાહતઆલાનું આજ્ઞાપાલન અને બંદગી છે, તેને સ્ત્રી પર બૂરાઈ અને ગુનાની તરફ લઈ જવાવાળી કોઈ બાબત દ્વારા જરૂરી અને અનિવાર્ય ઠેરવી દેવું જાયઝ અને દુરસ્ત નથી હોઈ શકતું."

હું (લેખક) કહું છું : આ લોકોએ મહરમના સાથ વગર માત્ર સફરની પરવાનગી સ્ત્રીને આપવામાં આવી નથી, બલ્કે તેમણે માત્ર હજ્જના ફર્ઝની અદાયગી માટે તેને સફરની પરવાનગી આપી છે. ઈમામ નવવી (અલ-મજમૂઅ, ૮/૨૪૯)માં ફરમાવે

છે : ''નફ્લ હજ્જ, વેપાર અને ઝ્યારત વગેરેના સફરમાં મહરમ વગર સ્ત્રીનું સફર કરવું જાયઝ નથી.''

તેથી આજે જે લોકો મહરમના સાથ વગર સ્ત્રીઓને દરેક પ્રકારના સફરમાં નિષ્કાળજી દાખવે છે, તેની હિમાયત અને સંમતિ કોઈ વિશ્વવસનીય આલિમ કરતો નથી. તેમનું એ કહેવું કે મહરમ સ્ત્રીઓને વિમાનમાં સવાર કરાવી દે છે, જે શહેર કે દેશમાં તે જવા માગે છે, ત્યાં પહોંચ્યા પછી બીજો મહરમ તેનું સ્વાગત કરી લે છે અને તેને ઉતારી લે છે. વિમાનમાં કેટલાય પુરુષો અને સ્ત્રીઓ મુસાફરી કરતા હોય છે, તેથી તેમના મતે વિમાનનો સફર ફિત્નાઓથી સુરક્ષિત હોય છે. અમે આ મહાનુભાવોના જવાબમાં અરજ કરીશું કે હરગિજ નહીં, કેમ કે તેમાં મુસાફરો એક સાથે હોય છે. સંભવ છે કે સ્ત્રીને કોઈ પુરુષની બાજુમાં બેસવું પડે અને વિમાન એવી પરિસ્થિતિનું ભોગ બની જાય, જેના કારણે તેને પોતાની દિશાને કોઈ બીજા ઍરપોર્ટ તરફ ફેરવી નાખવી પડે, જ્યાં સ્ત્રીને લેવાવાળું કોઈ ન હોય, ત્યાં તેને વિભિન્ન જોખમોનો સામનો કરવો પડી શકે છે, અને કોઈ એવું શહેર કે દેશમાં તેની શું હાલત થશે, જ્યાં ન તો તેનો કોઈ મહરમ છે અને ન તે શહેર કે દેશથી તે વાકેફ છે.

(૪) ઈજ્જત અને આબરૂને સુરક્ષિત રાખવા અને બચાવવાની એક રીત અને માધ્યમ એ પણ છે કે નામહરમ વ્યક્તિની સાથે સ્ત્રીને એકાંતમાં ભેગી ન થવા દેવામાં આવે. ફરમાને નબવી ﷺ છે :

''જે વ્યક્તિ અલ્લાહત્આલા અને આખિરતના દિવસ પર ઈમાન રાખતો હોય, તેણે કોઈ એવી સ્ત્રીની સાથે એકાંતમાં ન રહેવું જોઈએ, જેની સાથે તેનો મહરમ ન હોય, એટલા માટે કે આ બંને ઉપરાંત ત્રીજો શૈતાન હોય છે.''

હઝરત આમિર બિન રબીઆ رضي الله عنه ની રિવાયત છે કે રસૂલ અકરમ ﷺ એ ફરમાવ્યું :

''કોઈ વ્યક્તિ કોઈ એવી સ્ત્રીની સાથે એકાંતમાં ન હોય, જે તેના માટે હલાલ નથી, એટલા માટે કે ત્રીજો તેમની સાથે શૈતાન હોય છે. અલબત્ત, મહરમ તેની સાથે એકાંતમાં હોઈ શકે છે.''

મજીદ ઈબ્ને તિમિયા رحمه الله એ 'મશ્કી'માં લખ્યું છે : ''આ બંને હદીસોને ઈમામ અહમદ رحمه الله એ રિવાયત કરેલ છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنه ની હદીસમાં આ અર્થ આવી ગયેલ છે.''

અલ્લામા શૌકાની رحمه الله 'નઈલુલ-ઔતાર' (૬/૧૨૦)માં લખે છે : ''અજાણી સ્ત્રીની સાથે એકાંતમાં રહેવાની મનાઈ પર ઉલ્માએ-ઉમ્મતનો ઈજ્માઅ (સર્વસંમતિ)

છે, જેમ કે હાફિઝ ઇબ્ને હજૂર ﷺ એ 'ફત્હુલ બારી'માં નોંધ્યું છે. હરામ હોવાની દલીલ એ જ છે, જે હદીસમાં વર્ણવવામાં આવેલ છે કે આ બંનેની સાથે ત્રીજો શૈતાન હોય છે, અને શૈતાનનું મોજૂદ હોવું બંનેને બૂરાઈ અને ગુનાના આચરણનું કારણ બની શકે છે. મહરમની ઉપસ્થિતિમાં અજાણી સ્ત્રીની સાથે હોવું જાયઝ છે, કેમ કે તેની ઉપસ્થિતિ બૂરાઈ કરવા માટે રુકાવટ હશે.''

કેટલીક મહિલાઓ અને તેના વાલીઓ વિભિન્ન પ્રકારના એકાંતોના સંદર્ભમાં કાળજી રાખતા નથી. આવા જ એકાંતોમાં –

(૧) એ છે કે સ્ત્રી પોતાના પતિના સગાવહાલાઓની સાથે એકાંતમાં હોય છે. તેમના સામે પોતાના ચહેરાને ખુલ્લો રાખે છે, જ્યારે કે આ એકાંત અન્ય એકાંતની સરખામણીમાં વધારે ખતરનાક અને સંગીન હોય છે. ફરમાને નબવી ﷺ છે :

''મહિલાઆની વચ્ચે જવાથી બચો. એક અન્સારી સહાબીએ અરજ કરી : હે અલ્લાહના રસૂલ ﷺ ! 'હમૂ'[૧] વિશે આપનું શું કહેવું છે? આપ ﷺ એ ફરમાવ્યું : 'હમૂ' તો મોત છે.'' (ઇમામ અહમદ, બુખારી અને તિરમિઝી ﷺ એ આને રિવાયત કરેલ છે અને તિરમિઝીએ આને સહીહ ઠેરવી છે.)

ઈમામ તિરમિઝી ﷺ ફરમાવે છે : 'હમૂ'નો અર્થ દિયર (પતિનો ભાઈ) બતાવવામાં આવે છે. તેનો અર્થ એ થયો કે આપ ﷺ એ દિયરની સાથે એકાંતને નાપસંદ કરેલ છે.

હાફિઝ ઇબ્ને હજૂર ﷺ 'ફત્હુલ-બારી' (૯/૩૩૧)માં લખે છે : ''ઈમામ નવવી ﷺ નું કહેવું છે કે પતિના નજીકના રિશ્તેદારો, જેમ કે પિતા, કાકા, ભાઈ, પુત્ર, ભત્રીજો અને પિતરાઈ ભાઈ વગેરેને 'હમૂ' કહેવામાં આવે છે. આના પર ઉલ્માએ-લુગ્ત (ભાષાવિદો)ની સર્વસંમતિ છે.''

વધુમાં લખે છે : ''હદીસમાં 'હમૂ'થી પિતા અને પુત્રને છોડીને પતિના તમામ નજીકના લોકો સામેલ છે. પિતા અને પુત્ર મહરમમાં સામેલ છે, તેથી તેમનું સ્ત્રીની સાથે એકાંતમાં હોવું જાયઝ છે. તેમના માટે એકાંતને મોતથી સરખાવવામાં આવેલ નથી.''

ફરમાવે છે : ''બેપરવાઈથી કામ લેતાં સામાન્ય રીતે ભાઈનું પોતાના ભાઈની પત્નીની સાથે એકાંતમાં રહેવાનું થાય છે, તેથી આપ ﷺ એ તેને મોતથી સરખાવેલ છે, તેથી તે મનાઈને વધારે પાત્ર છે.''

૧. 'હમૂ' એટલે પત્નીના સાસરિયા, અર્થાત્ પતિના ભાઈ, પિતા, કાકા, ફુઆ, માસા વગેરે, જેઓ નાહરમ છે.

અલ્લામા શૌકાની ﷫ 'નઈલુલ-ઔતાર' (૬/૧૨૨)માં હદીસે નબવી (الحمو الموت) ની સમજૂતી કરતાં લખે છે : ''અન્ય લોકોની સરખામણીમાં આનાથી વધારે જોખમ અને ભય હોય છે, જે રીતે અન્ય વસ્તુઓની તુલનામાં મૃત્યુથી વધારે ભય અને જોખમ હોય છે.''

તેથી એક મુસ્લિમ મહિલાએ અલ્લાહથી ડરવું જોઈએ અને આ મામલામાં કોઈપણ પ્રકારની નિષ્કાળજી દાખવવી જોઈએ નહીં, ચાહે મોટાભાગના લોકો આનાથી ગફલતથી કામ લેતા હોય, કેમ કે વિશ્વાસ શરીઅતના હુકમનો છે, ન કે લોકોની આદત અને પ્રચલન (અને તેમના ડરનો કે નારાજગીનો).

(૨) કેટલીક મહિલાઓ અને તેમના વાલીઓ અજનબી ડ્રાઈવરની સાથે સ્ત્રીને એકલી કારમાં સવાર થવા માટે બેપરવાઈ દાખવે છે અને આંખ આડા કાન કરી લે છે, જ્યારે કે આ પણ હરામ એકાંત છે. શૈખ મુહમ્મદ બિન ઈબ્રાહીમ આલ અશ્-શૈખ ભૂતપૂર્વ મુફ્તી સાઉદી અરબ ﷫ પોતાના 'મજમૂઅ ફતાવા' (૧૦/૫૨)માં ફરમાવે છે : ''હવે એ બાબતે કોઈ સંદેહને અવકાશ બાકી નથી રહેતો કે અજાણી સ્ત્રીનું ડ્રાઈવરની સાથે કોઈ મહરમના સાથ વગર એકલા કારમાં બેસવું સપષ્ટ રૂપે એક બૂરાઈનું કામ છે. આમાં વિભિન્ન અસાધારણ ખરાબીઓ છે, ચાહે ડ્રાઈવરની સાથે કારમાં બેસવાવાળી વિનયી, શરમાળ છોકરી હોય કે શીલવાન-ઈજ્જતદાર મોટી ઉંમરની મહિલા હોય, જે પુરુષોથી આમને-સામને વાતચીત કરતી હોય. જે વ્યક્તિ પોતાની મહરમ મહિલાઓ માટે આ વાતને પસંદ કરે છે, તે દીની રીતે કમજોર, પુરુષત્વમાં અપૂર્ણ અને નિર્લજ્જ તથા અશિષ્ટ છે. રસૂલ અકરમ ﷺ નો ઈરશાદે-મુબારક છે :

''કોઈ પુરુષ કોઈ સ્ત્રીની સાથે એકાંતમાં નથી હોતો, પણ શૈતાન આ બંનેનો ત્રીજો હોય છે.''

સ્ત્રીનું અજનબી પુરુષની સાથે કારમાં બેસવું, ઘર વગેરેમાં તેની સાથે એકાંતમાં રહેવાથી વધારે ખતરનાક અને હાનિકારક છે, કેમ કે તે આ સ્ત્રીને શહેરની અંદર કે શહેરની બહાર તેની મરજીથી કે નામરજીથી ગમે ત્યાં લઈ જઈ શકે છે. આનાથી જે ખરાબીઓ આવશે, તે માત્ર એકાંતથી આવનારી ખરાબીઓથી ખૂબ વધારે ખતરનાક અને મોટી હશે.''

જે વ્યક્તિ દ્વારા એકાંતને સમાપ્ત કરી શકાય છે, તેનું ઉંમરમાં મોટું હોવું પણ જરૂરી છે. તેથી કિશોરાવસ્થાના બાળકનું હોવું પૂરતું નથી, અને કેટલીક મહિલાઓનું એવું માનવું કે તેમણે પોતાની સાથે કોઈ બાળકને લઈ લીધો છે, તો

એકાંત ખતમ થઈ ગયું, એ ખોટું છે. ઈમામ નવવી ﷺ 'શરહ સહીહ મુસ્લિમ' (૯/૧૦૯)માં ફરમાવે છે : ''જો કોઈ અજનબી પુરુષ કોઈ અજનબી સ્ત્રીની સાથે કોઈ ત્રીજા વ્યક્તિની ઉપસ્થિતિ વગર એકાંતમાં હોય છે, તો એ ઉલ્માની સર્વસંમતિથી હરામ છે, એ જ રીતે જો આ બંનેની સાથે કોઈ એવો વ્યક્તિ હોય, જેનાથી તેની કિશોરાવસ્થાના કારણે શરમ કે લજ્જા કરવામાં ન આવતી હોય, તો તેના દ્વારા પ્રતિબંધિત એકાંત દૂર નથી થઈ શકતું.''

(૩) કેટલીક મહિલાઓ અને તેમના વાલીઓ ડૉક્ટરોની પાસે પણ સ્ત્રીને એકલા જવા દેવામાં બેપરવાઈથી કામ લે છે. તેમની દલીલ એ છે કે સ્ત્રી ઈલાજની જરૂરતમંદ હોય છે, આ પણ એક અત્યંત નાપસંદ અને હદ વટાવી ગયેલ ખતરનાક અમલ છે. આના પર મૌન અને શાંત રહેવું અથવા આને ચલાવી લેવું જાયઝ નથી. શૈખ મુહમ્મદ બિન ઈબ્રાહીમ ﷺ 'મજમૂઅ અલ-ફતાવા' (૧૦/૧૩)માં લખે છે : ''કોઈપણ હાલતમાં કોઈ અજનબી સ્ત્રીની સાથે કોઈ પુરુષનું એકાંતમાં હોવું શરીઅત અનુસાર હરામ છે, ચાહે ઈલાજ કરનાર ડૉક્ટર જ કેમ ન હોય. દલીલ એ જ હદીસ છે, જેમાં કહેવામાં આવેલ છે કે કોઈ પુરુષ કોઈ સ્ત્રી સાથે એકલો નથી હોતો, પરંતુ શૈતાન એ બંનેની સાથે ત્રીજો હોય છે.

તેથી સ્ત્રીની સાથે કોઈ વ્યક્તિની મોજૂદગી જરૂરી છે, ચાહે તેનો પતિ હોય કે કોઈ મહરમ પુરુષ હોય. જો એ હાજર ન હોય તો તેની કોઈ નજીકની રિશ્તેદાર સ્ત્રી જ હોય. જો આ લોકોમાંથી કોઈ પણ ન હોય અને બીમારી સંગીન હોય, જેને ટાળવું સંભવ ન હોય, તો ઓછામાં ઓછું નર્સ વગેરેની હાજરી જરૂરી છે, જેથી મનાઈ કરવામાં આવેલ એકાંતથી દૂર રહી શકાય.''

એ જ રીતે ડૉક્ટરનું કોઈ અજનબી સ્ત્રીની સાથે એકાંતમાં રહેવું જાયઝ નથી, ચાહે તેની ક્લાસફેલો ડૉક્ટર હોય કે નર્સ જ કેમ ન હોય, અને અંધ શિક્ષક વગેરેનું કોઈ વિદ્યાર્થીની સાથે એકાંતમાં રહેવું પણ જાયઝ અને દુરસ્ત નથી, અને ન તો વિમાનમાં કોઈ ઍર-હૉસ્ટેસનું અજનબી પુરુષની સાથે એકાંતમાં હોવું જાયઝ છે. જૂઠી સભ્યતાના નામે, ઉપરાંત કાફિરોની આંધળી નકલ અને શરઈ આદેશોથી બેપરવાઈના કારણે લોકો આ મામલાઓમાં નિષ્કાળજી દાખવે છે.

ઘરની અંદર કામ કરવાવાળી સેવિકાની સાથે માણસનું એકાંતમાં હોવું અથવા ઘરની શેઠાણી કે ધણિયાણીનું સેવકની સાથે એકાંતમાં હોવું પણ જાયઝ નથી. સેવિકાઓનો મામલો એક એવો ખતરનાક અને સંગીન બની ગયો છે, જેનાથી આજના જમાનાના મોટાભાગના લોકો પરેશાન છે, કેમ કે મહિલાઓ શિક્ષા-

દીક્ષા અને ઘરની બહાર વિભિન્ન કામોમાં વ્યસ્ત રહેતી હોય છે.

તેથી મોમિન પુરુષો અને સ્ત્રીઓએ આ મામલામાં સચેત રહેવાની અને ખૂબ જ સાવધાન રહેવાની જરૂર છે, અને ખોટી આદતો અને ખરાબ રીત-રિવાજોની દોડમાં સ્પર્ધા કરવાની સહેજેય જરૂર નથી.

**સ્ત્રીઓ સાથે હાથ મિલાવવું :**

કોઈ નામહરમ પુરુષથી સ્ત્રીનું હાથ મિલાવવું (Shake-hands કરવું) હરામ છે. ઈફતા અને દા'વત અને ઈરશાદ વિભાગ (સાઉદી અરબ)ના વડા શૈખ અબ્દુલ અઝીઝ ઈબ્ને બાઝ પોતાના 'મજમૂઅ ફતાવા' (૧/૧૮૫, મવસતુદ્-દઅવત અલ-ઈસ્લામિયહ અસ્-સહિફિયહ)માં ફરમાવે છે : ''નામહરમ સ્ત્રીઓથી હાથ મિલાવવું જરાય જાયઝ નથી, ચાહે નવયુવાન હોય અથવા મોટી ઉંમરની વૃદ્ધ મહિલાઓ હોય, ચાહે હાથ મિલાવનાર નવયુવાન હોય કે મોટી ઉંમરનો વૃદ્ધ પુરુષ, કેમ કે હાથ મિલાવવામાં બંનેય માટે ફિત્નાનો સામાન છે, અને રસૂલ અકરમ ﷺ વિશે સાબિત છે :

''આપ ﷺ ના હાથ મુબારકે ક્યારેય કોઈ સ્ત્રીના હાથનો સ્પર્શ કર્યો નથી, ફક્ત કલામ (વાતચીત) દ્વારા આપ ﷺ મહિલાઓથી બૈત (શપથ) લેતા હતા.''

અને હાથ મિલાવતી વખતે કપડું વગેરે દ્વારા બંને હાથો દરમ્યાન અવરોધ ઊભો કરવામાં કે ન કરવમાં કોઈ ફરક નથી, કેમ કે મનાઈની દલીલોમાં સામાન્ય રૂપ જોવા મળે છે અને ફિત્નાને દૂર કરવા માટે બંને વચ્ચે અંતર જ વધારે યોગ્ય છે.''

શૈખ મુહમ્મદ અમીન શકનીતી ﷫ પોતાની તફસીર 'અઝવાઉલ બયાન' (૬/૬૦૨-૬૦૩)માં લખે છે : ''સ્પષ્ટ રહે કે કોઈ અજનબી પુરુષ માટે કોઈ અજનબી સ્ત્રીથી હાથ મિલાવવું જાયઝ નથી, અને ન તો પુરુષના શરીરનો કોઈ ભાગ કે અંગનું કોઈ સ્ત્રીના શરીરને સ્પર્શ કરવું જાયઝ છે, અને આની અનેક દલીલો છે –

**પહેલી દલીલ :** નબી કરીમ ﷺ થી સાબિત છે કે આપ ﷺ એ ફરમાવ્યું -

- નિઃશંક, હું સ્ત્રીઓથી હાથ નથી મિલાવતો.

અને, અલ્લાહત્આલાનો ઈરશાદ છે - ''ચોક્કસપણે તમારા માટે રસૂલુલ્લાહમાં ઉમદા નમૂનો છે.'' (સૂરઃ અહ્ઝાબ, આ.૨૧)

તેથી આપણા ઉપર અનિવાર્ય છે કે આપણે રસૂલુલ્લાહ ﷺ નું અનુસરણ કરતાં મહિલાઓથી હાથ ન મિલાવીએ. ઉપરોક્ત હદીસની સ્પષ્ટતા સૂરઃ હજ્જમાં એહ્રામ કે બિનએહ્રામની હાલતમાં પુરુષો માટે કેસરિયા રંગમાં રંગેલા કપડાંના ઉપયોગની મનાઈ વિશે ચર્ચા દરમ્યાન કરી ચૂક્યા છીએ, અને સૂરઃ અહ્ઝાબની હિજાબની

આયતની તફસીર દરમ્યાન પણ આના પર વિગતવાર ચર્ચા થઈ ચૂકી છે. બૈત વખતે રસૂલ અકરમ ﷺ નું સ્ત્રીઓથી હાથ ન મિલાવવું એ વાતની ચોખ્ખી દલીલ છે કે પુરુષ સ્ત્રીઓથી હાથ નથી મિલાવી શકતો અને ન તો તેમના શરીરનો કોઈ ભાગ કે અંગ સ્ત્રીના શરીરના કોઈ ભાગ કે અંગને સ્પર્શી શકે છે, કેમ કે સૌથી હલકું રૂપ હાથ મિલાવવું છે. જ્યારે જરૂરત પડે, અર્થાત્ બૈત વખતે આપ ﷺ હાથ મિલાવવાથી દૂર રહેતા હતા, તો એનાથી એ જ જાણકારી મળે છે કે મુસાફા (હાથ મિલાવવા) જાયઝ નથી, અને આપ ﷺ નો વિરોધ કોઈના માટે જાયઝ નથી, એટલા માટે કે આપ ﷺ પોતાના આચાર-વિચાર અને વચનો અને પ્રવચનો દ્વારા પોતાની ઉમ્મત માટે આદેશોની સમજૂતી કરવાવાળા હતા.''

**બીજી દલીલ :** અગાઉ અમે જે કહી ચૂક્યા છીએ કે એક મહિલા સંપૂર્ણપણે સ્ત્રી (અર્થાત્ સત્ર, જેને છુપાવવું જોઈએ) હોય છે. તેના પર વાજિબ છે કે તે પોતાને છુપાવે, ફિત્નાની ઘટના ન બને તે માટે તેને નજરો નીચી રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે, અને એ વાતમાં કોઈ શંકા નથી કે બે શરીરના સપર્શમાં આંખોની નજરની તુલનામાં કામવાસના ભડકાવવા અને ફિત્ના-ફસાદ તરફ આમંત્રણ આપવાનું વધારે સામર્થ્ય હોય છે. પ્રત્યેક ન્યાયપ્રિય વ્યક્તિ આ હકીકતને સારી રીતે જાણે-સમજે છે.

**ત્રીજી દલીલ :** આજના જમાનામાં, જ્યારે કે લોકોના દિલોમાં અલ્લાહનો ડર બાકી રહ્યો નથી, પ્રમાણિકતા અને સચ્ચાઈની અછત ઊભી થતી જઈ રહી છે, શંકા-કુશંકાઓવાળી વસ્તુઓથી દૂર રહેવાની ભાવના પણ ઓછી થતી જઈ રહી છે, એક અજનબી સ્ત્રીથી મોજ માણવા અને લિજ્જત હાંસલ કરવાનું આ એક માધ્યમ અને સાધન છે. વારંવાર આપણને બતાવવામાં આવી રહ્યું છે કે લોકોમાંથી કેટલાક લોકો પોતાની સાળીઓ (પત્નીઓની બહેનો)ને મોઢાથી મોઢું મેળવીને ચુંબન કરે છે, અને તેને સલામનું નામ આપતાં કહે છે કે તેણે (આવું કરીને) પોતાની સાળીને સલામ કર્યો છે, તેમનો મતલબ હોય છે કે તેનું ચુંબન લીધું છે, જ્યારે કે તેના હરામ હોવા વિશે ઉલ્મામાં ઈજમાઅ છે. તેથી સાચી વાત, જેમાં કોઈ સંદેહનો નાનોસરખો અવકાશ નથી, તે એ છે કે ફિત્નાઓ અને શંકા-કુશંકાની વસ્તુઓ અને તેના કારણો, સાધનો, માધ્યમો અને પરિબળોથી દૂર રહેવામાં આવે, અને ફિત્નાઓના મોટા કારણોમાંથી એક મોટું કારણ એ પણ છે કે એક પુરુષ અજનબી સ્ત્રીના શરીરના કોઈ અંગનો સ્પર્શ કરે, જે હરામ કાર્યનો એક રસ્તો અને માધ્યમ છે. તેથી આ રસ્તાને બંધ કરવો ખૂબ જરૂરી છે.


અંતે, મોમિન પુરુષો અને મોમિન સ્ત્રીઓને અલ્લાહતઆલાની આ વસિયતની યાદગીરી કરાવતાં પોતાની વાત સમાપ્ત કરું છું. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ફરમાવે છે :

''મુસલમાન પુરુષોથી કહો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે, આમાં જ તેમના માટે વધારે પવિત્રતા છે. લોકો જે કંઈ કરે છે, અલ્લાહત્આલા તે બધાથી માહિતગાર છે. મુસલમાન સ્ત્રીઓથી કહો કે તેઓ પણ પોતાની નજરો નીચી રાખે અને પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે, અને પોતાના શણગારને જાહેર ન કરે, સિવાય એના જે જાહેર છે, અને પોતાની છાતીઓ ઉપર પોતાની ઓઢણીઓ નાખેલી રાખે, અને પોતાની સાજ-સજ્જાને કોઈની સામે જાહેર ન કરે, સિવાય પોતાના પતિના, અથવા પોતાના પિતાના, અથવા પોતાના સસરાના, અથવા પોતાના પુત્રોના, અથવા પોતાના પતિના પુત્રોના, અથવા પોતાના ભાઈઓના, અથવા પોતાના ભત્રીજાઓના, અથવા પોતાના ભાણિયાઓના, અથવા પોતાના મામાઓના, અથવા પોતાના મેળ-મેળાપની સ્ત્રીઓના, અથવા ગુલામોના, અથવા એવા નોકર-ચાકર પુરુષોના જેઓ કામવાસનાવાળા ન હોય, અથવા એવા બાળકોના જેઓ સ્ત્રીઓની છૂપી વાતોથી માહિતગાર ન હોય, અને એ રીતે જોરજોરથી પગ મારીને ન ચાલે કે છુપાવેલ ઘરેણાઓની ખબર પડી જાય. હે મુસલમાનો ! તમે સૌ અલ્લાહ સમક્ષ તૌબા (ક્ષમાયાચના) કરો, જેથી તમને મુક્તિ મળી જાય.'' (સૂરઃ નૂર, આ. ૩૦-૩૧)

**والحمد لله رب العالمين، وصلى الله وسلم على نبينا محمد و آله وصحبه.**

—◦★◦—

## ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર-કચ્છ દ્વારા પ્રકાશિત કેટલાક પુસ્તકો




# ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર-કચ્છ


નૂરાની હોટલ પાસે, ડાંડા બજાર, ભૂજ (કચ્છ)

**ISLAMIC INFORMATION CENTRE-KUTCH**

Near Hotel Noorani, Danda Bazar,
BHUJ (KUTCH)

+ 91 840 178 6172

Blog : www.iickutch.blogspot.in